પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT

RAJKOT/639/2025-2027 RMS-RJT

POST AT RAJKOT-RMS DAILY


**સુવિચાર**

સફળતાના રસ્તે તડકો
જ કામ લાગે છે...
છાયડો મળશે તો અટકી જશો...

# અબતક ®


સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ    પાનાઃ ૧૨

તા. ૨૫-૮-૨૦૨૬, મંગળવાર

વર્ષઃ ૧૫, અંક : ૧૪૭

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 © 94266 72303 abataknews@gmail.com @abtakmedia







### શ્રાવણ અડધો વીતી ગયો છતાં મેઘો મન મુકીને મંડાતો નથી

# સૌરાષ્ટ્ર-કચ્છમાં વરસાદની ૨૬ ટકા ઘટઃ પાક-પાણીનું ચિત્ર ધુંધળું

## ઓગસ્ટમાં ચાર ઈંચથી પણ ઓછો વરસાદ, હજી એક અઠવાડિયુ સાર્વત્રિક વરસાદની કોઈ જ સંભાવના નથી

**અબતક, રાજકોટ**

અલનીનોની વ્યાપક અસર ગુજરાતમાં જોવા મળી રહી છે. રાજ્યમાં જૂલાઈ માસમાં ૨૨ ઈંચથી પણ વધુ વરસાદ વરસ્યો હતો. ઓગસ્ટ માસમાં આજ સુધીમાં ચાર ઈંચ પણ વરસાદ પડ્યો નથી. અંતિમ અઠવાડિયુ પણ કોરુ જશે તેવી શક્યતા દેખાઈ રહી છે. કારણ કે હાલ રાજ્યમાં સાર્વત્રિક કે ભારે વરસાદ આવે તેવી એક પણ સિસ્ટમ સક્રિય નથી માત્ર હળવાથી મધ્યમ ઝાપટા પડશે રાજ્યમાં હાલ ૪ ટકા વરસાદની ઘટ છે જો કે સૌરાષ્ટ્ર-કચ્છમાં ૨૬ ટકા જેટલી વરસાદની ઘટ છે. મોટા ભાગના જળાશયો ખાલી છે. શ્રાવણ માસ અડધો વિતી જવા છતાં મેઘરાજા મન મુકીને મંડાતા નથી. વરસાદ ખેંચાવાના કારણે તમામ પ્રખારની ખાદ્ય સામગ્રીના ભાવમાં અકલ્પનીય વધારો આવી ગયો છે. પાક અને પાણીનું ચિત્ર ધુંધળુ દેખાઈ રહ્યું છે. દુષ્કાળના ડાકલા વાગી રહ્યા છે. જો ભાદરવો ભરપુર નહી રહે તો પાણીનો પોકાર સર્જાશે.

રાજ્યમાં ચોમાસાના આરંભથી અલનીનો અસર કરી રહ્યો છે. જૂન માસમાં માત્ર સવા ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. જૂલાઈ માસ સારો રહ્યો હતો જૂલાઈમાં ૫૫૨.૫૭ મીમી પાણી પડ્યુ હતું. ઓગસ્ટમાં અલનીનો વધુ મજબુત બન્યો હતો. ઓગસ્ટના ૨૪ દિવસમાં રાજ્યમાં માત્ર ૯૫.૮૦ મીમી વરસાદ વરસ્યો હતો. હાલ રાજ્યમાં વરસાદની ૪ ટકા ઘટ પ્રવર્તી રહી છે. જેની સામે સૌરાષ્ટ્ર-કચ્છમાં ૨૬ ટકા વરસાદની ઘટ જોવા મળી રહી છે. સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લામાં વાવણી નિષ્ફળ ગઈ છે. રાજ્યના ૩ તાલુકાઓમાં ત્રણ ઈંચ જેટલો વરસાદ પડ્યો નથી. જ્યારે ૭ તાલુકામાં પાંચ ઈંચ સુધી વરસાદ પડ્યો છે. સ્થિતિ ખુબ જ ચિંતાજનક બની રહી છે. વરસાદ ખેંચાવાના કારણે જીવન જરૂરિયાતની વસ્તુના ભાવ જેટ ગતિએ વધી રહ્યા છે. હવે ભાદરવો ભરપુર નહી રહે તો રાજ્યમાં પાણીનો પોકાર પણ સર્જાશે.

## વરસાદ ખેંચાતા તમામ ચીજ વસ્તુના ભાવમાં વધારો ભાદરવો ભરપુર નહીં રહે તો પાણીનો પણ પોકાર સર્જાશે

### ૨.૪૭ લાખ હેક્ટરમાં ખરીફ પાકનું વાવેતર ઘટ્યું

રાજ્યમાં વાવણીની સીઝન પૂર્ણ થવા આવી હોવા છતાં છેવટ સુધી વરસાદની અનિશ્ચિતતાના કારણે ખરીફ પાકનું વાવેતર ગત વર્ષની સરખામણીમાં ૨.૪૭ લાખ હેક્ટર વિસ્તાર જેટલું વાવેતર હાલની સ્થિતિએ ઓછું થવા પામ્યું છે. તો કેટલાક જિલ્લામાં જ્યાં ખૂબ ઓછો વરસાદ થયો છે ત્યાં ડાંગર, મગફળી અને કપાસનું વાવેતર વરસાદના અભાવે બળી રહ્યુ છે. નજીકના દિવસોમાં સાર્વત્રિક વરસાદની કોઈ આગાહી નહીં હોવાથી ખેડૂતોમાં ચિંતાની સ્થિતિ છે. કૃષિ વિભાગના ૨૪ ઓગસ્ટના આંકડા મુજબ, ચાલુ વર્ષે ૭૮.૫૫ લાખ હેક્ટર વાવેતર થવા પામ્યું છે, જે ૨૦૨૫માં આ સમયગાળામાં ૮૧.૦૨ લાખ વાવેતર હતું. જે ૨,૪૭,૬૮૦ હેક્ટર સરખામણીમાં ઓછું દર્શાવે છે. તો છેલ્લા ત્રણ વર્ષના સરેરાશ વાવેતર ૮૫.30 લાખની સરખામણીમાં ૬.૭૫ લાખ હેક્ટર વિસ્તારમાં ઓછું વાવેતર છે. હાલ કુલ ૯૨.૦૮ લાખ હેક્ટર વિસ્તારમાં રાજ્યમાં વાવેતર છે. દેવભૂમિ દ્વારકા, જામનગર, અમરેલી સહિત ઉત્તર ગુજરાતના કેટલાક તાલુકામાં વાવેતર બળી જાય તેવી સ્થિતિ ઊભી થઈ છે. તેમાં પહેલા ડાંગર અને તે પછી મગફળી, કપાસના વાવેતરને વધુ અસર થવાની ભીતિ (અનુ. આઠમા પાને)

**ક્યાં ઝોનમાં કેટલો વરસાદ**

| | |
|---|---|
| કચ્છ | ૨૯.૨૯ % |
| સૌરાષ્ટ્ર | ૫૬ % |
| ઉત્તર ગુજરાત | ૫૬.૨૩ % |
| પૂર્વ-મધ્ય ગુજરાત | ૭૪.૮૮ % |
| દક્ષિણ ગુજરાત | ૧૦૩.૩૧ % |
| રાજ્યમાં સરેરાશ વરસાદ | ૭૫.૨૧ % |

# ફક્ત એક દશકામાં ૫ કરોડ એકર જમીન નવસાધ્ય થઈ

## ગુજરાતમાં પણ ૪૨ લાખ એકર ખરાબ જમીનને પૂનઃ સ્થાપિત કરાઈઃ કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ દ્વારા મોંગોલિયામાં યુએન કોન્ફરન્સમાં જાહેર કરાઈ વિગતો

**અબતક, નવી દિલ્હી**

ભારતે ૨૦૧૧ થી ૨૦૨૦ ના સમયગાળા દરમિયાન લગભગ ૨૨ મિલિયન હેક્ટર એટલે કે અંદાજે ૫ કરોડ એકર ખરાબ અને જંગલવિહોણી જમીન પુનઃસ્થાપિત કરી છે. ૨૦30 સુધીમાં ૨૬ મિલિયન હેક્ટર જમીન પુનઃસ્થાપિત કરવાના લક્ષ્યાંક સામે આ એક મોટી ઉપલબ્ધિ છે. સોમવારે મોંગોલિયાના ઉલાનબાતરમાં યુએન કોન્ફરન્સના ૧૭મા સત્રને સંબોધિત કરતા કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવે આ માહિતી આપી હતી.

રોજગારી અને આર્થિક વિકાસ તેમણે જણાવ્યું હતું કે આ પુનઃસ્થાપનના પ્રયાસોથી ૨૦૧૧-૨૦ દરમિયાન આશરે ૧.૨ અબજ માનવ-દિવસની રોજગારી ઊભી થઈ છે. આ આંકડા દર્શાવે છે કે જમીન સુધારણાથી પર્યાવરણીય અને સામાજિક-આર્થિક બંને પરિણામો મળી શકે છે, જેનાથી રોજગારીનું સર્જન થાય છે અને ગ્રામીણ આજીવિકાને ટેકો મળે છે.



રાજ્યોનું પ્રદર્શનઃ સૌથી વધુ ૪.૨ ગુજરાતમાં ૧.૭ મિલિયન હેક્ટર એટલે કે ૪૨ લાખ એકર જમીન સુધરી ભારતના જમીન પુનઃસ્થાપનના બીજા પ્રોગ્રેસ રિપોર્ટ અનુસાર, ૨૦૧૧-૨૦૨૦ વચ્ચે તેલંગાણાએ મિલિયન હેક્ટર ખરાબ જમીન સુધારી છે. ત્યારબાદ મધ્યપ્રદેશ (૩.૮ મિલિયન હેક્ટર), ઓડિશા (૨.૬ મિલિયન હેક્ટર), ગુજરાત (૧.૭ મિલિયન હેક્ટર) અને આંધ્રપ્રદેશ (૧.૬ મિલિયન હેક્ટર) નો નંબર આવે છે. આ સુધારણા વનીકરણ, જળ સંસાધન વ્યવસ્થાપન, ટકાઉ ખેતી પદ્ધતિઓ અને મેન્ગ્રોવ પુનઃસ્થાપન દ્વારા કરવામાં આવી છે.

દેશની ૨૯.૮% જમીન હજુ પણ ખરાબ સ્થિતિમાં 'ઈન્ડિયાઝ ડેઝર્ટિફિકેશન એન્ડ લેન્ડ ડિગ્રેડેશન એટલાસ' દર્શાવે છે કે દેશના ભૌગોલિક વિસ્તારની લગભગ ૨૯.૮% (૯૭.૮ મિલિયન હેક્ટર) જમીન બંજર અથવા ખરાબ સ્થિતિમાં છે. આ ખરાબ જમીનનો ૮૨% હિસ્સો માત્ર નવ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં આવેલો છે, જેમાં રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગુજરાત, જમ્મુ અને કાશ્મીર, કર્ણાટક, ઝારખંડ, ઓડિશા, મધ્ય પ્રદેશ અને તેલંગાણાનો સમાવેશ થાય છે.

નાણાકીય સહાય પર ભાર મંત્રીએ 'સોવરિન ગ્રીન બોન્ડ્સ' અને 'ગ્રીન ક્રેડિટ પ્રોગ્રામ' જેવી નાણાકીય વ્યવસ્થાઓ પર પ્રકાશ પાડ્યો હતો જે સરકારી અને ખાનગી સંસ્થાઓને ખરાબ જમીનના પુનઃસ્થાપન માટે ભંડોળ પૂરું પાડે છે. જોકે, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઘરેલુ સંસાધનો પૂરતા નથી અને જમીન પુનઃસ્થાપન તથા દુષ્કાળ સામે લડવા માટે પર્યાપ્ત અને સતત આંતરરાષ્ટ્રીય નાણાકીય સહાયની જરૂર છે.

# ખાંડ પછી ગોળનું "ગળપણ" પણ મોંઘુ!!

## બજારમાં પુરવઠો ઘટ્યો છે અને આગામી વર્ષે શેરડીના ઉત્પાદનમાં ઘટાડો થવાની પણ સંભાવના છે

**અબતક, રાજકોટ**

ચા-નાસ્તાથી લઈને રસોડાની મીઠાઈઓ સુધી દરેક જગ્યાએ સ્વાદ વધારતો ગોળ હવે પોતે જ મોંઘોદાટ બન્યો છે.રસોડામાં ગળપણ લાવતી મુખ્ય ચીજવસ્તુઓમાં ગણાતો ગોળ હવે સામાન્ય લોકોના બજેટમાં કડવાશ ફેલાવી રહ્યો છે.છેલ્લા પખવાડિયામાં જ ગોળના ભાવમાં ૨૫% થી 30% સુધીનો તોતિંગ વધારો નોંધાયો છે.

મહારાષ્ટ્રમાં ભેળસેળયુક્ત ગોળ બનાવતા એકમો સામે સરકારી તંત્ર દ્વારા સઘન કાર્યવાહી કરવામાં આવતાં છેલ્લા ત્રણ મહિનામાં બજારમાં ગોળનો પુરવઠો



ઘટી ગયો છે. ગોળના ભાવ હંમેશા ખાંડના ભાવની સાથે ચાલે છે, અને હાલ ખાંડના ભાવ પણ ઊંચા છે. બજારમાં પુરવઠો ઘટ્યો છે અને આગામી વર્ષે શેરડીના ઉત્પાદનમાં ઘટાડો થવાની સંભાવના છે. ઓક્ટોબરમાં જ્યારે નવો ગોળ બજારમાં આવશે ત્યાં સુધી ભાવ ઊંચા અને મજબૂત રહેવાની શકયતા છે, એટલું જ નહીં પરંતુ ૨૦૨૭ સુધી આ મોંઘવારી યથાવત રહી શકે છે.

દિવાળી અને અન્ય તહેવારો નજીક છે ત્યારે ગોળનો વપરાશ વધતો હોય છે, જેથી ગોળમાંથી બનતી ચીકી, લવાજમ અને અન્ય મીઠાઈઓની કિંમતમાં મોટો વધારો થશે. ખાસ કરીને તહેવારોની મોસમ બારણે દસ્તક દઈ રહી છે ત્યારે આ મોંઘવારી સામાન્ય માનવીના રસોડાનું બજેટ ગરબડાવી રહી છે.

### મોંઘવારી વચ્ચે અનાજના ભંડાર છલકાયા

# ઘઉં નિકાસની છૂટ અપાઈ, મિલરોને બખ્ખા

## ૪ વર્ષ બાદ કેન્દ્ર સરકારે છુટ જાહેર કરી, સ્થાનિક બજારમાં ભાવ ઘટતા ખેડૂતોના હિતમાં લેવાયો નિર્ણય, આગામી રવી સીઝનમાં ફાયદો થવાની આશા

**અબતક, નવી દિલ્હી**

ભારત સરકારે ઘઉં અને તેની બનાવટોની નિકાસ પર લાગેલો પ્રતિબંધ ૪ વર્ષ બાદ હટાવી લીધો છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા જારી કરાયેલા જાહેરનામા મુજબ, ઘઉં, લોટ, મેંદો અને રવો/સૂજી વગેરેને પ્રતિબંધિત શ્રેણીમાંથી મુક્ત શ્રેણીમાં મૂકવામાં આવ્યા છે. આ નિર્ણય તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવ્યો છે.

મે ૨૦૨૨ માં હીટ વેવના કારણે પાકને થયેલા નુકસાન અને સ્થાનિક બજારમાં ભાવ વધારાને નિયંત્રિત કરવા માટે સરકારે ઘઉંની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો. ફૂડ સેક્રેટરી સંજીવ ચોપરાએ જણાવ્યું હતું કે હાલમાં સ્થાનિક બજારમાં ઘઉંના ભાવ નીચા છે, તેથી નિકાસને મંજૂરી આપવાથી બજારભાવ વધશે અને ખેડૂતોને આગામી રવી સીઝનમાં સારા વાવેતર માટે પ્રોત્સાહન મળશે.

આ વર્ષની શરૂઆતમાં, સરકારે આંશિક રીતે ૫૦ લાખ ટન ઘઉં અને ૧૦ લાખ ટન ઘઉંની બનાવટોની નિકાસને મંજૂરી આપી હતી. અગાઉ લાયસન્સ દ્વારા નિકાસ થતી હતી જે પ્રક્રિયા હવે સરળ બનાવવામાં આવી છે. મંજૂર કરાયેલા ૬૦ લાખ ટનમાંથી અત્યાર સુધીમાં ૨.૫ લાખ ટનની નિકાસ થઈ ચૂકી છે.

ગ્રાહકો પર આ નિર્ણયની અસર અંગે વાત કરતા સંજીવ ચોપરાએ ખાતરી આપી હતી કે દેશમાં માંગને પહોંચી વળવા અને ભાવને નિયંત્રણમાં રાખવા માટે ઘઉંનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. સરકારી એજન્સી ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા પાસે હાલમાં ૪૯ મિલિયન ટન ઘઉંનો બફર સ્ટોક છે. વર્ષ ૨૦૨૫-૨૬ ના પાક (અનુ. આઠમા પાને)

# બેંકના લોકરની વસ્તુની નુકશાનીમાં વળતર કેટલું?

## લોકરમાં કરોડોની કિંમતનો સામાન હોય તો પણ બેંકની વળતરની જવાબદારી મર્યાદિત

**અબતક, રાજકોટ**

સામાન્ય રીતે ગ્રાહકો સોનું, કિંમતી ઘરેણાં કે અગત્યના દસ્તાવેજો સુરક્ષિત રાખવા માટે બેંક લોકર પર પૂરો ભરોસો મૂકતા હોય છે. પરંતુ મોટાભાગના ગ્રાહકો એ બાબતથી અજાણ હોય છે કે લોકરની અંદર તમે શું મુકેલું છે તેનો બેંક પાસે કોઈ હિસાબ કે રેકોર્ડ હોતો નથી. તાજેતરમાં ફાઈનાન્શિયલ એજ્યુકેટર અને સેબી-રજિસ્ટર્ડ વિશ્લેષક મોસમ નાગપાલે આરબીઆઈના લોકર સંબંધી નિયમો અને બેંકની મર્યાદિત જવાબદારી અંગે વિગતવાર માહિતી આપી છે.

આરબીઆઈના સુધારેલા નિયમો અનુસાર, જો બેંકની બેદરકારી, આગ, ચોરી, ઘરફોડી, ધાડ કે બિલ્ડિંગ ધરાશાયી થવા જેવી ઘટનાઓને કારણે લોકરના સામાનને નુકસાન થાય, તો બેંકની જવાબદારી માત્ર લોકરના વાર્ષિક ભાડાના ૧૦૦ ગણા સુધી જ મર્યાદિત રહેશે. ઉદાહરણ તરીકે, જો તમારા લોકરનું વર્ષનું ભાડું ₹૨,૦૦૦ હોય, તો ચોરીના કિસ્સામાં બેંક તમને વધુમાં વધુ ₹૨ લાખ (૨,૦૦૦ x ૧૦૦)નું જ વળતર આપશે. તમારા લોકરમાં ₹૨૦ લાખનું સોનું હોય કે ₹૧ કરોડના મિલકતના કાગળો હોય, બેંકની જવાબદારી સામાનની વાસ્તવિક કિંમત પર નહીં પરંતુ માત્ર તેના વાર્ષિક ભાડા પર જ નક્કી થાય છે.

આ ઉપરાંત, આરબીઆઈ એ સ્પષ્ટ કરે છે કે બેંક ખાતા કે એફડીની (અનુ. આઠમા પાને)

# તહેવારો નજીક આવતા સોનાની અવિરત તેજી જ્વેલર્સને "ઝાંખપ" લાવી દેશે?

## સોનાનો ભાવ રૂ.૧.૭૦ લાખની ઐતિહાસિક સપાટીએ પહોંચતા નવરાત્રી અને દિવાળી પૂર્વે ખરીદદારોના બજેટ ખોરવાયા

**અબતક, અમદાવાદ**

આગામી તહેવારો અને લગ્નસરાની સિઝન પૂર્વે સોનાના ભાવમાં આવેલી રેકોર્ડબ્રેક તેજીએ જ્વેલર્સ અને ગ્રાહકો બંનેની ચિંતા વધારી દીધી છે. અમદાવાદના સ્થાનિક બજારમાં સોનું પ્રતિ ૧૦ ગ્રામે ₹૧.૭૦ લાખની ઐતિહાસિક સપાટીએ પહોંચી જતાં તહેવારોની રોનક વચ્ચે બુલિયન માર્કેટમાં મંદીનો માહોલ સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે. સામાન્ય રીતે નવરાત્રી, દશેરા અને દિવાળી પૂર્વે સોનાના દાગીનાની ધૂમ ખરીદી નીકળતી હોય છે, પરંતુ આ વખતે આકાશને આંબી ગયેલા ભાવોને કારણે ગ્રાહકો ખરીદીથી અંતર જાળવી રહ્યા છે.

વૈશ્વિક અનિશ્ચિતતા અને બોન્ડ યીલ્ડ બન્યા કારણ

બજારના નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, યુએસ ટ્રેઝરીના નિર્ણયોને પગલે બોન્ડ યીલ્ડમાં ઘટાડો થતાં સોના તરફ રોકાણકારોનું આકર્ષણ વધ્યું છે. આ ઉપરાંત, અમેરિકા-ઈરાન વચ્ચે વધેલા ભૌગોલિક-રાજકીય તણાવ અને વૈશ્વિક અનિશ્ચિતતાને કારણે સુરક્ષિત રોકાણ તરીકે સોનાની માગ વધતાં વૈશ્વિક સ્તરે ભાવ ઉછળ્યા છે, જેની સીધી અસર સ્થાનિક બજાર પર પડી રહી છે.

ગ્રાહકોનું બજેટ ખોરવાયું, ખરીદીની પદ્ધતિ બદલાઈ

ઊંચા ભાવોના કારણે મધ્યમ વર્ગના પરિવારોનું બજેટ



સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. ગ્રાહકો હવે ૨૨ કેરેટના પરંપરાગત ઘરેણાં ખરીદવાને બદલે ૯ કેરેટ અને ૧૪ કેરેટ તેમજ ચાંદીની જ્વેલરી તરફ વળી રહ્યા છે.રોકડમાં નવી ખરીદી કરવાને બદલે ઘરમાં પડેલું જૂનું સોનું આપીને લાઈટવેઈટ જ્વેલરી ખરીદવાનો ટ્રેન્ડ વધ્યો છે.ગ્રાહકો ખરીદી તદ્દન ટાળવાને બદલે નિશ્ચિત બજેટ મુજબ વજન ઘટાડીને ખરીદી કરી રહ્યા છે.

તહેવારો નજીક આવી રહ્યા હોવા છતાં શોરૂમ્સમાં પૂછપરછ સિવાય વાસ્તવિક ઉપાડ ઓછો રહેતાં જ્વેલર્સ માટે આ તેજી લાભદાયી રહેવાને બદલે વેપારમાં ઝાંખપ લાવી દેશે તેવી શક્યતાઓ પ્રબળ બની છે.

### અમેરિકાની યુનિવર્સિટીમાં ભારતીયોનો "ક્રેઝ" ઘટ્યો

# ટ્રમ્પની વિદેશી વિદ્યાર્થીઓ ઉપરની ટ્રેપ અમેરિકાને "મોંઘી" પડી રહી છે

## કડક વિઝા નિયમો અને અનિશ્ચિતતાના પગલે ભારતીય અરજીઓમાં ૧૫ ટકાનો મોટો ઘટાડોઃ અમેરિકી અર્થતંત્રને અબજો ડોલરનું નુકસાન થવાની ભીતિ

**અબતક, રાજકોટ**

અમેરિકામાં ઉચ્ચ શિક્ષણ મેળવવાનું સપનું જોતા ભારતીય વિદ્યાર્થીઓના ઉત્સાહમાં મોટો ઓટ આવ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા લાગુ કરવામાં આવેલી કડક ઈમિગ્રેશન અને વિઝા નીતિઓ હવે ખુદ અમેરિકા માટે જ આર્થિક બોજ સાબિત થઈ રહી છે. ૧,૧૦૦થી વધુ સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરતા 'કોમન એપ'ના તાજેતરના રિપોર્ટ મુજબ, અમેરિકન કોલેજોમાં પ્રવેશ મેળવવા માટે ભારતીય વિદ્યાર્થીઓની અરજીઓમાં ૧૫ ટકા નો મોટો કડાકો નોંધાયો છે.

અમેરિકામાં વિદેશી વિદ્યાર્થીઓને અંકુશમાં રાખવા માટે લવાયેલા નવા નિયમો મુખ્ય અવરોધ બન્યા છે પરંપરાગત "ડ્યુરેશન ઓફ સ્ટેટસ" નિયમ સમાપ્ત કરી વિદ્યાર્થી વિઝા પર રોકાણ મહત્તમ ૪ વર્ષ સુધી સીમિત કરવાની જોગવાઈ કરાઈ છે. અભ્યાસ બાદ ત્યાં કામ કરવાની તક આપતા 'ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ' પ્રોગ્રામ માટે ૧,૦૦,૦૦૦ ડોલર જેવી તોતિંગ ફી વસૂલવાની વિચારણાથી ભારતીય વિદ્યાર્થીઓમાં અનિશ્ચિતતા અને ભય ફેલાયો છે. (અનુ. આઠમા પાને)

# ભારતીય સેટેલાઈટ કોમ્યુનિકેશનની હરીફાઈમાં સ્ટારલિંક બાદ સિંગાપોરની કંપનીને રસ જાગ્યો

## સિંગાપોર ટેલિકોમ્યુનિકેશનએ ભારતમાં સેટેલાઈટ સેવાઓ શરૂ કરવા કેન્દ્ર સરકાર પાસે એફડીઆઈની મંજૂરી માંગી

**અબતક, નવી દિલ્હી**

ભારતના ઝડપથી વિકસતા અને અપાર સંભાવનાઓ ધરાવતા સેટેલાઈટ કોમ્યુનિકેશન માર્કેટમાં વૈશ્વિક દિગ્ગજો વચ્ચે સ્પર્ધા તેજ બની રહી છે. એલોન મસ્કની સ્ટારલિંક બાદ હવે સિંગાપોરની અગ્રણી ટેલિકોમ કંપની સિંગટેલ ભારતીય સેટેલાઈટ સ્પેસમાં પ્રવેશવા માટે સક્રિય બની છે.

સિંગાપોર સરકારી રોકાણ ફર્મ ટેમાસેક હોલ્ડિંગ્સની બહુમતી માલિકી ધરાવતી સિંગટેલે ભારતમાં સેટેલાઈટ સંચાર સેવાઓ શરૂ કરવા માટે કેન્દ્ર સરકાર પાસે ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ મંજૂરી માંગી છે.

સિંગટેલ પોતાની સંપૂર્ણ માલિકીની પેટાકંપની સિંગાપોર ટેલિકોમ ઈન્ડિયા મારફતે સરકારી અને ખાનગી એન્ટરપ્રાઈઝિસને લક્ષ્ય બનાવીને આ સેવાઓ આપશે. ભારતમાં બે દાયકાથી કાર્યરત હોવા છતાં, સેટેલાઈટ સેક્ટરમાં પ્રવેશ કરવા માટે કંપનીને નવા એફડીઆઈ કિલયરન્સની જરૂરિયાત છે.સિંગટેલ વૈશ્વિક સ્તરે આશરે ૩૬ થી ૩૮ જીઓ-સ્ટેશનરી સેટેલાઈટ્સના નેટવર્ક તેમજ એલોન મસ્કના સ્ટારલિંક જેવા અગ્રણી પ્લેયર્સ સાથે ભાગીદારી કરીને ભારતમાં હાઈ-સ્પીડ કનેક્ટિવિટી પૂરી પાડવાનું આયોજન ધરાવે છે.

સિંગટેલ ભારતના બીજા સૌથી મોટા ટેલિકોમ ઓપરેટર ભારતી એરટેલમાં ૨૬.૮૫ ટકા જેટલો પ્રત્યક્ષ અને પરોક્ષ હિસ્સો ધરાવે છે.

ભારતીય સેટકોમ સેક્ટરમાં એલોન મસ્કની સ્ટારલિંક , જેફ બેઝોસની એમેઝોન લિયો , રિલાયન્સ જિયો અને ભારતી ગ્રૂપ સમર્થિત યુટેલ્સટ ઓનવેબ (અનુ. આઠમા પાને)

કુદરતી બાયો-મેગ્નેટિક એનર્જી બૂસ્ટર

# રૂદ્રાક્ષ અને શિવજી: આસ્થા, આધ્યાત્મિકતા અને પરંપરાનું પવિત્ર જોડાણ

## રૂદ્રાક્ષ એકથી ચૌદ મુખી સુધી જોવા મળે છે, જેના સંસ્કૃત ભાષામાં અનેક નામ જોવા મળે છે તેના ચાર વર્ણનો શાસ્ત્રોમાં ઉલ્લેખ છે, જેમાં સફેદ, પીળા, લાલ અને કાળા રંગોમાં જોવા મળે છે

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**


રૂદ્રાક્ષ હિંદુ ધર્મમાં ભગવાન શિવ સાથે ગાઢ રીતે જોડાયેલું પવિત્ર બીજ માનવામાં આવે છે. 'રૂદ્રાક્ષ' નો અર્થ 'રુદ્ર એટલે શિવના અશ્રુ' એવો ધાર્મિક અર્થ થાય છે અને પરંપરા મુજબ તે શિવજીના આંસુઓમાંથી ઉત્પન્ન થયું હોવાનું માનવામાં આવે છે. રૂદ્રાક્ષના દાણા પર દેખાતી કુદરતી રેખાઓને 'મુખી' કહેવામાં આવે છે અને તેના આધારે એકમુખીથી લઈને અનેકમુખી રૂદ્રાક્ષના પ્રકારો ઓળખાય છે; તેમાં પાંચમુખી રૂદ્રાક્ષ સૌથી સામાન્ય છે. ધાર્મિક માન્યતા મુજબ વિવિધ મુખી

રૂદ્રાક્ષનું શિવના વિવિધ સ્વરૂપો તથા આધ્યાત્મિક ગુણો સાથે પ્રતીકાત્મક જોડાણ છે. રૂદ્રાક્ષની માળા જપ, ધ્યાન અને પૂજામાં ઉપયોગમાં લેવાય છે, રૂદ્રાક્ષ માત્ર ધાર્મિક આસ્થા અને શિવભક્તિનું પ્રતીક જ નહીં, પરંતુ ભારતીય આધ્યાત્મિક પરંપરામાં સદીઓથી જળવાયેલું એક રસપ્રદ કુદરતી વારસો પણ છે.

શિવજીની આરાધના અને રૂદ્રાક્ષને અનેરો સંબંધ છે. શિવપુરાણ મુજબ ભોળાનાથ જ્યારે તપ કરતા હતા, ત્યારે તેમની આંખ ઉઘડીને તેમાંથી અશ્રુબિંદુ નીકળીને પૃથ્વી પર પડતા ત્યાં વૃક્ષ ઉત્પન થયું તે રૂદ્રાક્ષનું વૃક્ષ કહેવાય છે. પંચમુખી રૂદ્રાક્ષનું મહત્વ વધારે છે. રૂદ્રાક્ષ શિવ સ્વરૂપ હોવાથી શિવજીના ભક્તોને તુરંત ફળ આપે છે. તેની પૂજા-વિધી અભિષેક કરીને તેને ધારણ કરવો જોઈએ. રૂદ્રાક્ષને શ્રાવણ માસમાં ધારણ કરવો સૌથી શ્રેષ્ઠ છે. આપણાં શાસ્ત્રોમાં પણ તેના ચાર વર્ણનો ઉલ્લેખ જોવા મળે છે. તે એક પ્રકારનું બીજ છે. તેના ઝાડ મોટા થાય છે. રૂદ્રાક્ષના ફળમાંના બી ને રૂદ્રાક્ષ કહેવાય છે. તે સફેદ, લાલ, કાળા અને પીળા રંગમાં જોવા મળે છે. આપણાં દેશમાં બંગાળ, આસામ, કોંકણ અને નેપાળમાં તેના વૃક્ષો જોવા મળે છે.

રૂદ્રાક્ષ એકથી ચૌદ મુખી સુધી તો ૧૫ થી ૨૧ મુખીના પણ જોવા મળે છે, સંસ્કૃત ભાષામાં તેના અનેક નામો જોવા મળે છે. તેના પાન સાત-આઠ આંગળ લાંબાને કિનારીએ થોડા જાડા જોવા મળે છે. નવા પાનમાં રૂવાટી હોય છે જે પાછળથી ખરી જાય છે. તેના ફળમાં પાંચ ખાના હોય છે, દરેક ખાનામાં એક નાનું બીજ હોય છે. જેવી રીતે પુરૂષોમાં વિષ્ણુ, ગ્રહોમાં સૂર્ય, નદીઓમાં ગંગા, મુનિઓમાં કશ્યપ, દેવીઓમાં ગૌરી શ્રેષ્ઠ છે. તેવી જ રીતે માળાઓમાં રૂદ્રાક્ષની માળા શ્રેષ્ઠ છે.

ભગવાન શિવજીની આરાધનામાં તેનું વિશેષ મહત્વ છે. શિવપુરાણમાં ભગવાન શિવજીએ કાર્તિકિયને કહ્યું હતું કે મારા અશ્રુજળમાંથી રૂદ્રાક્ષનાં ૩૮ પ્રકારના વૃક્ષો થયા, તેમાં સૂર્યરૂપ નેત્રમાંથી બાર પિંગળા રંગના, ચંદ્ર નેત્રમાંથી સોળ ધોળા રંગના અને અગ્નિરૂપમાંથી દસ કૃષ્ણ રંગના રૂદ્રાક્ષ થયા હતાં. આયુર્વેદ શાસ્ત્રોના અર્થ મુજબ તે ઉષ્ણ તથા રૂચિકાર છે. જે ઔષધ તરીકે પણ વપરાય છે. રૂદ્રાક્ષ, વાયુ, કફ, માથાની પીડા, ભૂત બાધા અને ગૃહ બાધા નાશ કરે છે એમ લોકવાયકા છે.



શિવ પુરાણ અનુસાર સ્ત્રીઓ અને કોઈપણ જાતિ-જ્ઞાતિના વ્યક્તિ રૂદ્રાક્ષ કે તેની માળા ધારણ કરી શકે છે. આખો શ્રાવણ માસ અને અમાવસ્યાના દિવસે રૂદ્રાક્ષ ધારણ કરવાથી ભક્તોને ઈષ્ટ સિધ્ધી પ્રાપ્ત થાય છે. બધા દેવોને જીતી લેનાર ત્રિપુર નામના દૈત્યનો સંહાર કરવા બધા દેવોએ મહાદેવને પ્રાર્થના કરી ત્યારે ભોળાનાથે અઘોર નામના મહાશસ્ત્રનું ચિંતન કરીને ઘોર તપ કર્યું હતું. રૂદ્રાક્ષ આશરે ૧ મી.મી. થી ૩૫ મી.મી. સુધીના જોવા મળે છે. પંચમુખી રૂદ્રાક્ષ તન-મનની શાંતિ સાથે આધ્યાત્મિક ઉંચાઈનો અનુભવ કરાવે છે. નવ મુખી રૂદ્રાક્ષ ભૈરવ સ્વરૂપ અને દેવી સ્વરૂપ મનાય છે. તે અતિ લાભકારી છે.

રૂદ્રાક્ષ શબ્દની સંધી છૂટી પાડો તો રૂદ્ર + અક્ષી થાય, જેનો અર્થ રૂદ્ર એટલે ભગવાન શિવ અને અક્ષી એટલે આંખ. ભગવાન શિવના આંસુ પૃથ્વી પર પડ્યાને વૃક્ષો બન્યા જેનું આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક મહત્વ વધારે છે. રૂદ્રાક્ષનું વર્ણન શિવમહાપુરાણ, લિંગ પૂરાણ, પદ્મપૂરાણ, ઉડિસ તંત્ર જેવા અન્ય ગ્રંથોમાં જોવા મળે છે. શિવ એક સર્વશક્તિ માન હોવાથી બધા દેવોમાં મહાન છે, તેથી જ તેને દેવોના દેવ 'મહાદેવ' કહેવાય છે. તે જન્મથી મૃત્યુ સુધીના ચક્રને અંકુશ કરે છે, તો ભાષા, કલા, નૃત્ય, સંગીત, યોગ, આયુર્વેદ અને ઔષધિ તેમજ વનસ્પતિ શાસ્ત્રના જનક છે, માટે રૂદ્રાક્ષના જનક પણ મહાદેવ જ છે. તેના ચૂર્ણથી ઘણા બધા રોગોમાં મેડિકલ સાયન્સને સારા પરિણામો મળ્યા છે. રૂદ્રાક્ષમાં હકારાત્મક એનર્જી સાથે વિદ્યુતશક્તિ હોય છે. જે મન, શરીરને પોઝીટીવીટી આપે છે. રૂદ્રાક્ષ પહેરતા પહેલા તેના મુખ વિશે જાણવું જરૂરી છે. માન્યતા મુજબ રૂદ્રાક્ષ દરેક પ્રકારના અમંગલથી બચાવે છે. તેની ખાસીયતમાં એમાં એક અલગ પ્રકારનું સ્પંદન જોવા મળે છે. જે તમારી ઉર્જા માટે સુરક્ષા કવચ બનાવી દે છે, જેનાથી બહારની ઉર્જા તમને પરેશાન કરતી નથી. હિમાલયની પર્વત માળામાં ચોક્કસ ઉંચાઈએ તેના વૃક્ષો ઉગે છે. જો કે તેના બહુ ઓછા બચ્યા છે. જેમાં નેપાળ, બર્મા, થાઈલેન્ડ અને ઈન્ડોનેશિયા સાથે દક્ષિણ ભારતના પશ્ચિમ ઘાટના કેટલાક ભાગોમાં તેના વૃક્ષો જોવા મળે છે.

રૂદ્રાક્ષની માળા બધા બીજને પરોવીને ૧૦૮ વત્તા એક એટલે કુલ ૧૦૯ ની માળા બને છે. જેમાં ૧૦૮નો વધારાનો મણકો એ બિંદુ કહેવાય છે. દરેક માળામાં બિંદુ હોવું જોઈએ. જે ઉર્જાશક્તિ સાથે જોડાયેલું છે. સ્નાન કરતી વખતે તેના ઉપરથી પડતું પાણી સમગ્ર શરીરને લાભકર્તા હોય છે. રેશમી કે સુતરાવ દોરામાં માળા બનાવવા ને દર છ માસે દોરો બદલી નાખવો. રૂદ્રાક્ષની માળા પહેરવાના અનંત ફાયદાઓ છે. પંચમુખી રૂદ્રાક્ષની માળા કલ્યાણ, આરોગ્ય અને મુક્તિ માટે છે. બી.પી.ના દર્દીઓને ઘણી રાહત આપે છે. આજકાલ તો રૂદ્રાક્ષ જેવા દેખાતાની માળાઓ બજારમાં ધૂમ વેચાઈ રહી છે. જે કશો જ ફાયદા કરતું નથી. લોકો ડુપ્લીકેટ રૂદ્રાક્ષનો ધંધો કરવા લાગ્યા છે. અસલ રૂદ્રાક્ષનો જ આગ્રહ રાખવો હિતાવહ છે. રૂદ્રાક્ષની અસલ કે નકલીની પહચાન કરવી મુશ્કેલ છે.

### તેમાં રહેલા બાયો-મેગ્નેટિક ગુણો શરીરના ચેતાતંત્રને શાંત રાખવામાં અને એકાગ્રતામાં કરે છે વધારો

કુદરતનું ઈલેક્ટ્રોમેગ્નેટિક કવચ સમા રુદ્રાક્ષ પાછળના વિજ્ઞાનમાં તે ફક્ત ધાર્મિક કે આધ્યાત્મિક પ્રતીક નથી, પણ વૈજ્ઞાનિક રીતે પણ અનન્ય ગુણધર્મો ધરાવે છે. વનસ્પતિશાસ્ત્રની દ્રષ્ટિએ 'એલિઓકાર્પસ ગેનિટરસ' નામના વૃક્ષના આ બીજમાં વિશિષ્ટ ઈલેક્ટ્રોમેગ્નેટિક શક્તિ હોય છે. વૈજ્ઞાનિક સંશોધનો દર્શાવે છે કે રુદ્રાક્ષ 'ડાઈ-ઈલેક્ટ્રિક' ગુણધર્મ ધરાવે છે, જે શરીરમાં વધારાની વિદ્યુત ઉર્જાને સંગ્રહિત કરી તેને સંતુલિત કરવામાં મદદ કરે છે. જ્યારે તે ત્વચાના સંપર્કમાં આવે છે, ત્યારે તે હૃદયના ધબકારા અને રક્તસંચારને નિયંત્રિત કરવામાં મદદરૂપ બને છે, જેનાથી તણાવ, ચિંતા અને બ્લડ પ્રેશરમાં ઘટાડો થાય છે. આ ઉપરાંત, તેમાં રહેલા બાયો-મેગ્નેટિક ગુણો શરીરના ચેતાતંત્રને શાંત રાખવામાં અને એકાગ્રતા વધારવામાં મદદ કરે છે.

**રૂદ્રાક્ષનું બીજ સો વર્ષ સુધી સડતું નથી: શિવ પુરાણમાં સ્ત્રીઓને પણ રુદ્રાક્ષની માળા ધારણ કરવાની સંમતિ દર્શાવેલ છે : તે પહેરવાથી બ્લડપ્રેશર અને ડાયાબિટીસ કંટ્રોલમાં રહે છે: જેવી રીતે પુરૂષોમાં વિષ્ણુ, ગ્રહોમાં સૂર્ય, નદીઓમાં ગંગા, મુનિઓમાં કશ્યપ, દેવીઓમાં ગૌરી શ્રેષ્ઠ છે. તેવી જ રીતે માળાઓમાં રૂદ્રાક્ષની માળા શ્રેષ્ઠ છે**

# ગોંડલ દાઊદી વ્હોરા સમાજ દ્વારા ઈદે મિલાદુન્નબી નિમિતે ભવ્ય જુલુસ

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ ખાતે ઈસ્લામ ના પયગમ્બર સાહેબ રસુલલ્લાહ સાહેબ ના જન્મદિવસ ની ઉજવણી રૂપે દાઊદી વ્હોરા સમાજ દ્વરા ગોંડલ ના રાજમાર્ગો પર અમીલસાહેબ શેખ અબ્બાસભાઈ નજમી સાહેબ ની આગેવાનીમાં ભવ્ય ઝૂલુસ નીકળ્યું હતું. આ ઝૂલુસ નાં આયોજન માં અંજુમને જમાત કમિટી એ જહેમત ઉઠવેલ હતી રાજ માર્ગો પર ઝૂલુસ દરિમિયાન કડિયા લાઈન માં ચા- બિસ્કિટ નું અને ટાઉન હોલ ની સામે કેક અને સરબત નું આયોજન કરવામાં આવેલ હતું.




# જસદણમાં સુન્ની મુસ્લિમ સમાજ દ્વારા કાલે ઈદે મિલાદની કરાશે ઉજવણી

## મુસ્લિમ બિરાદરો પોતાના ધંધા રોજગાર બંધ રાખી જુલુસમાં જોડાશે

**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

જેમના નામનું ઉચ્ચારણ થતાં જ બેડો પાર થઈ જાય એવાં માનવતાવાદી અને ઈસ્લામ ધર્મના અંતિમ મહાન પયગંબર સાહેબ હઝરત મોહમ્મદ મુસ્તફા સાહેબના આવતીકાલે બુધવારે જન્મદિન ઈદે મિલાદની ઉજવણી અવસરે જસદણ સુન્ની મુસ્લિમ સમાજમાં ખુશાલીના ઘોડાપુર ઉમટ્યાં છે આ જન્મોત્સવને વધાવવા માટે જસદણના તમામ મુસ્લિમ વિસ્તારોના લતે લતે તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. શહેરની તમામ સુન્ની મસ્જિદોમાં બિરાદરો રાતભર બંદગી કરી હ.મોહંમદ સાહેબને અદબની સાથે ગર્વભેર યાદ કરશે છેલ્લાં ૧૨ દિવસથી તેમની શાનમાં વાએઝ યોજાય રહી છે તેની પૂર્ણાહુતિ થશે બુધવારે સવારે જસદણમાં એક ભવ્ય ઝુલુસ યોજાશે જેઓ જુમ્મા મસ્જિદથી નીકળી શહેરના રાજમાર્ગો પર ફરશે જેમાં તાલુકાભરના સુન્ની મુસ્લિમ બિરાદરો જોડાય હઝરત મોહમ્મદ સાહેબને યાદ કરશે.

# પાંડવોના ઈતિહાસ સાથે સંકળાયેલુ ગોંડલ ભીમનાથ મંદિર

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

શિવ ભક્તોની જ્યાં બારેમાસ ભીડ જામેલી હોય તેવા ગોંડલની ગોંડલી નદી કિનારે અને રાજવી પરિવારના નવલખા બંગલા પાસે આવેલ ભીમનાથ મહાદેવ મંદિર સાથે શ્રી કૃષ્ણ અને પાંડવોનો સમય પણ સંઘરાયેલ છે, ઘમસાણગીરી બાપુની ૧૭ મી પેઢી અને વર્તમાન મંદિરની પૂજા અર્ચન કરતા જયપાલગીરી સુખદેવગીરી ગૌસ્વામીએ જણાવ્યું હતું કે ગોંડલી નદીનું નામ પહેલા ગૌકર્ણિં નદી હતું અને ગોંડલ નું નામ ગૌકર્ણ હતું. બાદમાં સમય જતા ગૌમંડળ અને ગોંડલ થયું છે. શ્રી કૃષ્ણ અને પાંડવ કાળમાં ભીમે મહાદેવજીની પૂજા કર્યા પછીજ ભોજન કરવાનો સંકલ્પ કર્યો હતો. ગોકુલ, મથુરા થી દ્વારકા જતી વેળાએ શ્રી કૃષ્ણ અને પાંડવોએ ગૌકર્ણિં નદીના કિનારે રાતવાસો કર્યો હતો. અને સવારે ભીમ નો સંકલ્પ પૂરો કરવા શ્રી કૃષ્ણ દ્વારા શિવલીંગની સ્થાપના કરવામાં આવી હતી અને ભીમ દ્વારા પૂજા કરતા ભીમનાથ મહાદેવ મંદિર નામ પડ્યું હતું. બાદમાં હજારો વર્ષો વીત્યા બાદ ઘમાસાણગીરી બાપુને સ્વપનમાં આ જગ્યા આવતા ફરી પૂજા અર્ચન શરુ થાય હતા. આ મંદિર પાસે રામભારતી બાપુની સમાધિ પણ આવેલ છે. જેઓએ રાજવી પરિવારના રાજમાતાને પોતાનું આયુષ્ય આપી જીવંત સમાધિ લીધી હતી તે સમયનું લખાણ આજે પણ તકતી માં જોવા મળી રહ્યું છે.

# રણજીતગઢ હરિકૃષ્ણધામમાં પવિત્ર શ્રાવણમાં ભક્તિસભર ધાર્મિક મહોત્સવ

## ૧૦૮ કલાકની સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન, રક્ષાબંધન પર્વ ઉજવણી, મહામંત્રમાળા મહાયાગ અને પંચદિનાત્મક 'સારસિદ્ધિ' કથામૃતનું આયોજન

**અબતક, રાજકોટ**

રાજકોટ: સૌરાષ્ટ્રના ધર્મજગતમાં આસ્થાના પ્રતીક સમા રણજીતગઢ સ્થિત હરિકૃષ્ણ ધામમાં પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ભક્તિસભર ધાર્મિક મહોત્સવનો પ્રારંભ થયો છે. શ્રી નરનારાયણદેવ ગાદી સંલગ્ન મૂળીધામ તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિર - શ્રી હરિકૃષ્ણ ધામમાં આચાર્ય કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ, ભાવી આચાર્ય લાલજી મહારાજ તેમજ સમગ્ર ધર્મકુળની આજ્ઞા અને આશીર્વાદથી વિવિધ કાર્યક્રમોનો ૨૧મી ઓગસ્ટથી આસ્થાભેર પ્રારંભ કરાયો છે. પ્રથમ તબક્કામાં તા. ૨૧ થી ૨૮ ઓગસ્ટ, શ્રાવણ સુદ ૯ થી ૧૫ દરમિયાન દરરોજ સવારે ૬:૧૫ થી સાંજે ૭:૧૫ વાગ્યા સુધી ૧૦૮ કલાકની 'સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન'નો ધર્મલાભ હરિભક્તો લઈ રહ્યા છે. ત્યારબાદ તા. ૨૮/૮ (શ્રાવણ સુદ ૧૫) ના રોજ સવારે ૭ થી ૮ વાગ્યા સુધી 'રક્ષાબંધન પર્વ'ની ઉજવણી થશે. બીજા તબક્કામાં તા. ૨૯/૮ થી ૨/૯ (શ્રાવણ વદ ૧ થી ૬) સુધી બે મુખ્ય કાર્યક્રમો યોજાશે. જેમાં દરરોજ સવારે ૭:૩૦ થી ૧૨:૩૦ દરમિયાન 'મહામંત્રમાળા મહાયાગ' અને દરરોજ સાંજે ૪:૧૫ થી ૭:૧૫ વાગ્યા સુધી પંચદિનાત્મક 'સારસિદ્ધિ' કથામૃતનું રસપાન કરાવવામાં આવશે. આ પ્રસંગે શ્રીહરિજી, ધર્મકુળ તથા સંતોને રાજી કરવા તમામ હરિભક્તોને સહપરિવાર પધારવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ગોંડલમાં જન્માષ્ટમીના લોકમેળામાં નિયમોનું ચુસ્ત પાલન કરાવવા કોંગ્રેસ ઉગ્ર માગ

## કોંગ્રેસ પ્રમુખ હર્ષદસિંહ ઝાલા દ્વારા પ્રાંત અધિકારીને આવેદન પાઠવાયું

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ માં આગામી જન્માષ્ટમીના તહેવારો નિમિત્તે યોજાનારા લોકમેળા માં સુરક્ષાના તમામ નીતિ-નિયમો નું યોગ્ય અને ચુસ્ત પાલન થાય તે બાબતે ગોંડલ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રાંત અધિકારીને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. તાલુકા કોંગ્રેસ પ્રમુખ હર્ષદસિંહ ઘનશ્યામસિંહ ઝાલા દ્વારા પ્રાંત અધિકારી ને પાઠવવામાં આવેલા પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, સંગ્રામજી સ્કૂલના ગ્રાઉન્ડમાં નગરપાલિકા સંચાલિત લોકમેળો તથા વછેરાના વાડામાં ખાનગી લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ બાબતે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા 'ગુજરાત એમ્બ્યુઝમેન્ટ રાઈડઝ અને ગેમિંગ ઝોન એક્ટિવિટી સેફટી રૂલ ૨૦૨૪' ના તમામ નીતિ-નિયમોનું આયોજકો તથા સંચાલકો દ્વારા ફરજિયાત પાલન કરાવવામાં આવે તે અતિ મહત્વ નું છે. તમામ જરૂરી લાયસન્સ અને સેફ્ટી રૂલ્સની પ્રક્રિયા પૂર્ણ કર્યા વિના જો કોઈ ક્ષતિ કે ગફલત જણાય તો આવા લોકમેળાને મંજૂરી આપવામાં ન આવે તેવી માંગ કરવામાં આવી છે.

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૬.૮.૨૦૨૬ બુધવાર, સંવંત ૨૦૮૨, શ્રાવણ સુદ તેરસ, શ્રવણ નક્ષત્ર, સૌભાગ્ય યોગ, ગર કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ મકર (ખ,જ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ** (અ,લ,ઈ) : વિચારોનું આદાન પ્રદાન કરી શકો,મનોમંથન કરી શકો,કાર્ય માટે નવી યોજના બનાવી શકો.

**વૃષભ** (બ,વ,ઉ) : તમારા કાર્યમાં ઈશ્વરી સહાય મળે, ધાર્યા કામ પર પડી શકો, નાના યાત્રા પ્રવાસ કરી શકો .

**મિથુન** (ક,છ,ઘ) : ધીમે ધીમે પરિસ્થતિ તરફેણમાં આવે, મિત્રોની મદદ મળી રહે, વિચારોમાં પરિવર્તન જોવા મળે.

**કર્ક** (ડ,હ) : સંયુક્ત સાહસો માં સારું રહે, વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે, શુભ દિન.

**સિંહ** (મ,ટ) : તમને વારંવાર દુઃખ હશે, અમુક સંબંધોમાં યોગ્ય પ્રતિભાવ ના મળે, નકારાત્મક વિચારો દૂર કરી આગળ વધશો તો લાભ થશે.

**કન્યા** (પ,ઠ,ણ) : ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને આગળ સારું રહે,વિદેશ બાબત વિચારી શકો,મધ્યમ દિવસ.

**તુલા** (ર,ત) : તમામ ભૌતિક સુખ સગવડ આપતો દિવસ, પ્રગતિ થાય, નવી વસ્તુ વસાવી શકો, લાભ દાયકદિવસ.

**વૃશ્ચિક** (ન,ય) : ભાઈ ભાંડુ સુખ સારું રહે, મિત્રોની મદદથી કાર્ય સિદ્ધ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : સામાજિક કૌટુંબિક કાર્ય કરી શકો,તમારા વિચારોની સરાહના થાય, દિવસ શુભ રહે.

**મકર** (ખ,જ) : તમારી જાતને સમજવાની તક મળે, એકાંતથી લાભ થાય, મનોમંથન કરવું જરૂરી બને.

**કુંભ** (ગ,સ,શ) : વાણી વર્તનમાં વિશેષ કાળજી રાખવી પડે, કોઈને તમારાથી દુઃખના થાય તે કાળજી રાખજો, દિવસ મધ્યમ રહે.

**મીન** (દ,ચ,ઝ,થ) : મિત્રો સાથે હળવાશની પળો વિતાવી શકો, અણધાર્યા લાભ થઈ શકે, ખુશીનો માહોલ રહે, આનંદદાયક દિવસ.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૫-૦૮-૨૦૨૬ મંગળવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ફાટી ને)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પનીર કડાઈ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.પ્રિયા કોડરાણી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૬-૦૮-૨૦૨૬ બુધવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ મોરારીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૨૬-૮-૨૦૨૬ બુધવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** શ્રાવણ શુદ તેરશ
**નક્ષત્ર** શ્રવણ
**યોગ** સૌભાગ્ય **કરણ:** ગર
**સુર્યોદય** ૬.૨૯ **સુર્યાસ્ત:** ૭.૦૯
**ચંદ્ર રાશી** મકર
**રાશિ અક્ષર** ખ.જ.
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧૨ થી ૧.૩૦
**દિવસનાચોઘડીયા**
લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ
**રાત્રીનાચોઘડીયા**
ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૪ થી ૧.૧૪

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૫૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | ૮ | |
| | | | | ૨ | | ૧ | ૬ | ૫ |
| ૩ | | | | ૯ | ૮ | | | ૪ |
| | | | ૨ | | | | | |
| | ૭ | ૪ | | | | | ૧ | |
| ૮ | | ૧ | | | ૪ | | ૫ | |
| | ૫ | ૭ | | | | | | |
| | | | | | | | | |
| | | ૨ | | ૮ | ૧ | | | ૩ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૫૬ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૪ | ૮ | ૭ | ૬ | ૫ | ૧ | ૩ | ૨ |
| ૩ | ૭ | ૨ | ૮ | ૧ | ૪ | ૯ | ૬ | ૫ |
| ૫ | ૬ | ૧ | ૯ | ૨ | ૩ | ૮ | ૪ | ૭ |
| ૧ | ૯ | ૪ | ૫ | ૮ | ૬ | ૨ | ૭ | ૩ |
| ૮ | ૨ | ૭ | ૩ | ૪ | ૧ | ૫ | ૯ | ૬ |
| ૬ | ૫ | ૩ | ૨ | ૯ | ૭ | ૪ | ૮ | ૧ |
| ૨ | ૧ | ૯ | ૬ | ૩ | ૮ | ૭ | ૫ | ૪ |
| ૭ | ૮ | ૬ | ૪ | ૫ | ૨ | ૩ | ૧ | ૯ |
| ૪ | ૩ | ૫ | ૧ | ૭ | ૯ | ૬ | ૨ | ૮ |

# રાજકોટનો જન્માષ્ટમીનો લોકમેળો એટલે "વિરાસતથી વિકાસ"

## લોકમેળાની તૈયારી અંગે વિસ્તૃત માહિતી આપતા જિલ્લા કલેક્ટર ડો.ઓમ પ્રકાશઃ ઈમરજન્સીને પહોંચી વળવા મેળામાં સેન્ટ્રલ કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ બનાવશેઃ એ.આઈ. બેઝ્ડ સિસ્ટમ અને ડ્રોન કેમેરાથી સતત નિરીક્ષણ કરાશે



**અબતક, રાજકોટ**

રાજકોટમાં પરંપરાગત રીતે યોજાતા જન્માષ્ટમીના લોકમેળાનું આ વર્ષે 'વિરાસતથી વિકાસ લોકમેળો- ૨૦૨૬' નામકરણ કરવામાં આવ્યું છે. રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશે કલેક્ટર કચેરી ખાતે મીડિયાને માહિતી આપી હતી.

પત્રકારોને સંબોધતા કલેક્ટર ડો. ઓમ પ્રકાશે જણાવ્યું હતું કે, રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રના લોકપ્રિય અને અતિ વિખ્યાત જન્માષ્ટમીના લોકમેળાનું આ વર્ષે પણ ભવ્ય અને સુરક્ષિત આયોજન કરવા માટેની તમામ વ્યવસ્થાઓ પૂર્ણતાના આરે છે. રેસકોર્સ મેદાન ખાતે આગામી તારીખ ૨ થી ૬ સપ્ટેમ્બર (રાંધણ છઠથી દશમ) દરમિયાન આ લોકમેળો યોજાશે.

તેમણે કહ્યું હતું કે, લોકમેળાના નામકરણ માટે રાજકોટવાસીઓ પાસેથી સૂચનો મંગાવાયા હતા. આશરે ૪૫૦૦ અરજીઓમાંથી ૧૦૦ નામો શોર્ટ લિસ્ટ કરવામાં આવ્યા હતા અને આ વર્ષે 'વિરાસતથી વિકાસ લોકમેળો-૨૦૨૬' નામ રાખવામાં આવ્યું છે. રાજકોટના નાગરિક અજય રતિભાઈ કુકડિયા દ્વારા આ નામ સૂચવવામાં આવ્યું છે.

મેળાના આયોજન અને વિવિધ સુવિધાઓ અંગે વિગતવાર માહિતી આપતા જણાવાયું છે કે, પ્લોટ અને સ્ટોલની ફાળવણી, ડ્રો તેમજ હરાજીની તમામ પ્રક્રિયાઓ પારદર્શક રીતે પૂર્ણ કરી દેવામાં આવી છે. યાંત્રિક રાઈડ્સ (કેટેગરી ઈ, એફ, જી, એચ)ના ૩૪ પ્લોટ, આઈસક્રીમ (કેટેગરી એક્સ)ના ૧૭ પ્લોટ, ખાણી-પીણીના મોટા પ્લોટ (કેટેગરી એ) તેમજ કોર્નર પ્લોટ (કેટેગરી બી૧)ના પ્લોટની ફાળવણી અને અલોટમેન્ટ લેટર આપી દેવાયા છે. અત્યાર સુધીમાં પ્લોટ અને સ્ટોલની હરાજી પેટે લોકમેળા સમિતિને રૂ. ૩૬૪ લાખની આવક થઈ છે.

માર્ગ અને મકાન વિભાગ દ્વારા મેળાના સ્થળે પ્લોટિંગની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. વિવિધ વિભાગોના કંટ્રોલ રૂમ, ડોમ અને મંડપો બનાવવાની તથા પી.જી.વી.સી.એલ. દ્વારા વીજ કનેક્શન આપવાની કામગીરી પ્રગતિમાં છે. યાંત્રિક રાઈડ્સ માટે સુરક્ષા ચકાસણી, લાયસન્સ અને ઈન્સ્પેક્શન સમિતિ દ્વારા રાઈડ સેફ્ટીના તમામ પાસાંઓની ચકાસણી કરીને જ મંજૂરી આપવામાં આવશે.

સુરક્ષા, મોનિટરિંગ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગે કલેક્ટરશ્રીએ મહત્વની વિગતો આપી હતી. લોકમેળામાં આવતા લાખો દર્શનાર્થીઓની સુરક્ષા માટે ટેન્ડર પ્રક્રિયાઓ (સિક્યુરિટી, ડ્રોન, વિડીયોગ્રાફી, સિવિલ અને મંડપ કામગીરી) પૂર્ણ કરી દેવાઈ છે.આકસ્મિક આપત્તિના બચાવરૂપે રૂ. ૧૦ કરોડનો પબ્લિક લાયબિલિટી વીમો અને રૂ. ૨ કરોડનો ઈવેન્ટ કેન્સિલેશન વીમો લેવામાં આવ્યો છે.ઈમરજન્સી અને આકસ્મિક બનાવને પહોંચી વળવા સેન્ટ્રલ કંટ્રોલ રૂમની સ્થાપના કરાશે, જ્યાં તમામ વિભાગોના સિનિયર અધિકારીઓ ચોવીસે કલાક કોઓર્ડિનેશનમાં રહેશે.કટોકટીના સમયે બચાવ કામગીરી અવરોધાય નહીં તે માટે એક સમર્પિત 'ડિઝાસ્ટર કોરિડોર' બનાવવામાં આવ્યો છે.મેળામાં ક્રાઉડ મોનિટરિંગ અને મૂવમેન્ટ પર નજર રાખવા એ.આઈ. બેઝ્ડ સિસ્ટમ અને ડ્રોન કેમેરાથી સતત નિરીક્ષણ કરાશે.એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ અને ક્યુ.આર.ટી. ટીમ દ્વારા સ્થળ પર મોકડ્રિલનું આયોજન કરી સુરક્ષા વ્યવસ્થા ચકાસવામાં આવશે.તા. ૨ સપ્ટેમ્બરના રોજ લોકમેળાના ભવ્ય ઉદ્દઘાટન સમારોહ માટેના મુખ્ય અતિથિશ્રીના નામની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ વિભાગોના અધ્યક્ષો સાથે સમીક્ષા બેઠક યોજીને મેળો સંપૂર્ણ સલામત, સુચારુ અને યાદગાર બને તે પ્રકારનું આયોજન સુનિશ્ચિત કરવામાં આવ્યું છે.




### ૨થી ૬ સપ્ટેમ્બર દરમિયાન રેસકોર્સ ખાતે ભવ્ય આયોજન; તમામ તૈયારીઓ આખરી તબક્કામાંઃ મેળામાં આકસ્મિક આપત્તિના બચાવરૂપે રૂ. ૧૦ કરોડનો પબ્લિક લાયબિલિટી વીમો અને રૂ. ૨ કરોડનો ઈવેન્ટ કેન્સિલેશન વીમો લેવામાં આવ્યો

### ૨૦૦૭થી અત્યાર સુધીમાં લોકમેળાને અપાયેલા નામ

| વર્ષ | લોકમેળાનુ નામ |
|---|---|
| ૨૦૦૭ | રંગીલો લોકમેળો |
| ૨૦૦૮ | રમઝટ લોકમેળો |
| ૨૦૦૯ | નવરંગ લોકમેળો |
| ૨૦૧૦ | સ્વર્ણિમ લોકમેળો |
| ૨૦૧૧ | સાંસ્કૃતિક લોકમેળો |
| ૨૦૧૨ | વિવેકાનંદ લોકમેળો |
| ૨૦૧૩ | સાંસ્કૃતિક લોકમેળો |
| ૨૦૧૪ | જમાવટ લોકમેળો |
| ૨૦૧૫ | ગોરસ લોકમેળો |
| ૨૦૧૬ | મારો રંગીલો મેળો |
| ૨૦૧૭ | વાયબ્રન્ટ લોકમેળો |
| ૨૦૧૮ | ગોરસ લોકમેળો |
| ૨૦૧૯ | મલ્હાર લોકમેળો |
| ૨૦૨૨ | આઝાદીનો અમૃત લોકમેળો |
| ૨૦૨૩ | રસરંગ લોકમેળો |
| ૨૦૨૪ | ધરોહર લોકમેળો |
| ૨૦૨૫ | શોર્યનો સિંદૂર મેળો |

### મેળામાં પાંચ દિવસ દરમિયાન વિવિધ કાયક્રમો

મેળામાં દરરોજ સાંજે ૪ થી ૮ વાગ્યા દરમિયાન સ્થાનિક ૪૦ જેટલા કલાકારો (ગાયકો, લોકસાહિત્યકારો/ડાયરાના કલાકારો અને નૃત્ય વૃંદો)ને પોતાની પ્રસ્તુતિ માટે સ્ટેજ પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવશે.

૧. ૨ સપ્ટેમ્બરઃ ગોપાલ ભરવાડ (તથા નેવી બેન્ડ દ્વારા ભવ્ય પ્રસ્તુતિ)
૨. ૩ સપ્ટેમ્બરઃ રાજભા ગઢવી
૩. ૪ સપ્ટેમ્બરઃ સાંત્વની ત્રિવેદી
૪. ૫ સપ્ટેમ્બરઃ ઉદય ધાંધલ
૫. ૬ સપ્ટેમ્બરઃ સાગર કાચા તથા દિવ્યેશ જેઠવાની જોડી

### ઐતિહાસિક વિરાસતને જાળવીને વિકાસની નવી ઊંચાઈઓ તરફ આગળ વધવાનો દ્રઢ સંકલ્પ

સૌરાષ્ટ્રનું હૃદય એટલે રાજકોટ! અને રાજકોટની ઓળખ એટલે સાતમ-આઠમનો 'લોકમેળો'. રંગીલા રાજકોટવાસીઓ માટે શ્રી કૃષ્ણ જન્માષ્ટમી સામાન્ય તહેવાર નથી, પણ કાનુડાના જન્મને વધાવવાનો લોકમહોત્સવ છે. જન્માષ્ટમી નિમિત્તે રાજકોટમાં વર્ષોથી યોજાતો લોકમેળો આપણી ભાતીગળ લોકસંસ્કૃતિ, મોજ-મસ્તી અને આસ્થાનું પ્રતીક છે.આ નામકરણની પરંપરાને આગળ ધપાવતાં વર્ષ ૨૦૨૬માં લોકમેળાનું નામ 'વિરાસતથી વિકાસ - ૨૦૨૬' રાખવામાં આવ્યું છે. આ નામ આપણી સમૃદ્ધ લોકસંસ્કૃતિ અને ઐતિહાસિક વિરાસતને જાળવીને આધુનિકતા તથા વિકાસની નવી ઊંચાઈઓ તરફ આગળ વધવાનો દ્રઢ સંકલ્પ દર્શાવે છે. ત્યારે આ લોકમેળો નાગરિકોમાં પોતાની સાંસ્કૃતિક ઓળખ પ્રત્યે ગૌરવની ભાવના ઉજાગર કરશે અને ઉજ્જવળ ભવિષ્ય તરફ આગળ વધવાની પ્રેરણા પૂરી પાડશે. તેમજ સમગ્ર સૌરાષ્ટ્રમાંથી આવતા લાખો સહેલાણીઓ માટે આ મેળો આપણી પ્રાચીન પરંપરા અને આધુનિક પ્રગતિના સુંદર સમન્વયનું જીવંત ઉદાહરણ બની રહેશે.

# સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન ખાતે તહેવારોને અનુલક્ષી યોજાઈ શાંતિ સમિતિની બેઠક

## ડીવાયએસપી અને પીઆઈની અધ્યક્ષતામાં હિન્દુ-મુસ્લિમ અગ્રણીઓની ઉપસ્થિત રહ્યા



**અબતક, રેહાનધાનાણી સાવરકુંડલા**

સાવરકુંડલા શહેરમાં આગામી તહેવારો શાંતિપૂર્ણ, સૌહાર્દપૂર્ણ અને ઉત્સાહભેર ઉજવાય તેમજ શહેરમાં પરસ્પર પ્રેમ અને ભાઈચારો અકબંધ રહે તે હેતુસર સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન ખાતે એક મહત્વપૂર્ણ શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.આ બેઠક નાયબ પોલીસ અધિક્ષક (ડીવાયએસપી) વિરલ ચંદન સાહેબની અધ્યક્ષતામાં અને ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર (PI) શ્રી કે. બી. સોલંકી સાહેબની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ હતી. બેઠકમાં સાવરકુંડલા શહેરના હિન્દુ અને મુસ્લિમ એમ બંને સમુદાયના અગ્રણીઓ, વડીલો અને પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.ભાઈચારા અને કાયદો-વ્યવસ્થા પર વિશેષ ભાર મૂકાયો હતો.


**શ્રદ્ધાંજલી**



સૂર્યનું સમી સાંજે અસ્ત થવું એ કુદરતનો ક્રમ છે, પરંતુ મધ્યાહ્નને અસ્ત થવું એ વિધિની વક્રતા છે, તમારી અચાનક વિદાય અમારા માટે અસહ્ય બની છે. ઈશ્વર તારા આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લી.
સંજયભાઈ ખૂંટ - હિતેશભાઈ ખૂંટ
મહેશભાઈ મેઘાણી - સાગરભાઈ ખૂંટ
નિમેષભાઈ આસોદરીયાના
જયશ્રી કૃષ્ણ

**સ્વ. કરણ**
**સંજયભાઈ મેઘાણી**
સ્વ.તા.૨૧-૦૮-૨૫, શુક્રવાર



**પશ્ચિમ રેલવે**
**રાજકોટ ડિવિઝન**

**RUBs ની જોગવાઈ અને વિવિધ CTR, TRR અને TSR કામોના સંબંધમાં TRD કામ**

**ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/ઈએલ/ટીઆરડી/૨૬-૨૭/૨૩ તારીખ : ૨૧-૦૮-૨૦૨૬**

**(I) કામનું નામઃ** LC નં. ૯૩, ૯૪, ૧૦૪, ૧૦૫, ૧૦૨, ૧૦૩, ૧૦૭ અને ૧૦૮ ખાતે RUBsની જોગવાઈ, કિ.મી. ૯૬૧/૭-૮, ૯૭૦/૦-૧, ૯૭૪/૮-૯, ૯૭૬/૪-૫, ૯૭૬/૫-૬, ૯૭૮/૫-૬ અને ૯૭૯/૭-૮ ખાતે વધારાના ઓપનીંગની જોગવાઈ અને વિવિધ CTR, TRR તથા TSR કામોના સંબંધમાં TRD કામ. **(ii) અંદાજિત પડતરઃ** ₹ ૭૩,૮૩,૦૯૪.૨૩/- ફક્ત **(iii) અર્નેસ્ટ મનીઃ** ₹ ૧,૪૭,૭૦૦.૦૦/- **(iv) ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ** તા.૧૮-૦૯-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી **(v) ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/TrD), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in RJT-123

અમને ફોલો કરો: X x.com/WesternRly



**પશ્ચિમ રેલવે**
**રાજકોટ ડિવિઝન**

**વિવિધ સ્થળો ખાતે ઈન્ટરલોકિંગ કામોના સંબંધમાં TRD કામ**

**ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/ઈએલ/ટીઆરડી/૨૬-૨૭/૭R૩ તારીખ : ૨૧-૦૮-૨૦૨૬**

**(I) કામનું નામઃ** રાજકોટ ડિવિઝનના અધિકારક્ષેત્ર હેઠળ LC ગેટ્સ નં. ૨૦૩, ૨૪૧ અને ૨૫૮ ખાતે તથા વાવણીયા (WWA), દહીંસરા (DAC), બરવાળા રોડ (BRL) અને ભક્તિનગર (BKNG) સ્ટેશનો ખાતે વિવિધ સ્થળોએ ઈન્ટરલોકિંગ કામના સંબંધમાં TRD કામ. **(ii) અંદાજિત પડતરઃ** ₹ ૮૧,૦૨,૦૦૬.૬૨/- ફક્ત **(iii) અર્નેસ્ટ મનીઃ** ₹ ૧,૬૨,૧૦૦.૦૦/- ફક્ત **(iv) ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ** તા.૧૮-૦૯-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી **(v) ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/TrD), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in RJT-124

અમને ફોલો કરો: X x.com/WesternRly



**પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન**

**વિવિધ ઈલેક્ટ્રિકલ કામ**

**ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/૨૦૨૬-૨૦૨૭/૨૭ અને ૨૮ (ઈએલ)**
**તારીખ : ૨૧-૦૮-૨૦૨૬**

**અનું. નં. ૧ : ટેન્ડર નં. ડીઆરએમ/આરજેટી/ઈએલ/૨૦૨૬-૨૦૨૭/૨૭ (i) કામનું નામઃ** (A) રાજકોટ ડિવિઝન :- મકનસર-મોરબી વચ્ચે કિ.મી. ૨૬/૧-૨ ખાતે 'C' ક્લાસ LC ગેટ નં. ૨૮ ના ઈન્ટરલોકિંગ, (B) રાજકોટ ડિવિઝન :- LC ગેટ નં. ૨૭, ૩૦ અને ૩૩ (વિરમગામ-સુરેન્દ્રનગર) ખાતે જૂની પોર્ટા કેબિન/લોકેશન બોક્સીઝ થી નવી LC ગેટ હટ સુધી S&T ગીયર્સના સ્થળાંતર દ્વારા વિશ્વસનિયતા સુધારણા અને ૪ નંગ LC ગેટ - ૨૬, ૩૦, ૩૧ અને ૩૨(વિરમગામ-સુરેન્દ્રનગર સેક્શન) ખાતે ELB અને અન્ય ગેટ ઉપકરણના બદલીકરણ, (C) રાજકોટ ડિવિઝન :- LC ગેટ નં ૨૬૧, ૨૬૮, ૨૮૫ અને ૨૯૦ (રાજકોટ-ઓખા સેક્શન) ખાતે જૂની પોર્ટા કેબિન/લોકેશન બોક્સીઝ થી S&T ગીયર્સના સ્થળાંતર દ્વારા વિશ્વસનિયતા સુધારણા, (D) LC ગેટ નં. ૩૪, ૫૨, ૬૪ અને ૭૦ ખાતે જૂની પોર્ટા કેબિન/લોકેશન બોક્સીઝથી નવી LC ગેટ હટ સુધી S&T ગીયર્સના સ્થળાંતર દ્વારા વિશ્વસનિયતા સુધારણા અને (E) રાજકોટ ડિવિઝન :- LC ગેટ નં ૨૭ અને ૩૩ (વાંકાનેર-નવલખી સેક્શન) - જૂની પોર્ટા કેબિન/લોકેશન બોક્સીઝથી S&T ગીયર્સના સ્થળાંતર દ્વારા વિશ્વસનિયતા સુધારણા. **(ii) અંદાજિત પડતરઃ** ₹ ૩૫,૧૮,૩૬૧/- **(iii) ઈએમડી પડતરઃ** ₹ ૭૦,૪૦૦/- **અનું. નં. ૨ : ટેન્ડર નં. ડીઆરએમ/આરજેટી/ઈએલ/૨૦૨૬-૨૦૨૭/૨૮ (i) કામનું નામઃ** (A) રાજકોટ ડિવિઝન :- લુણસરીયા-વાંકાનેર વચ્ચે કિ.મી. ૬૯૮/૧-૨ ખાતે LC નં. ૯૨ ને બદલે LHS ની જોગવાઈ, (B) રાજકોટ ડિવિઝન :- LC નં ૨૬ (કિ.મી. ૬૦૪/૦-૧), ૩૩ (કિ.મી. ૬૧૬/૮-૯), ૪૧ (કિ.મી. ૬૩૨/૩-૪), ૪૨ (૬૩૩/૯-૬૩૪/૦), ૪૯ (કિ.મી. ૬૪૦/૨-૩) ખાતે RUB/LHS ની જોગવાઈ, (C) રાજકોટ ડિવિઝન :- વિરમગામ-ઓખા :- કિ.મી. ૬૦૨/૯-૬૦૩/૦ ખાતે LC નં. ૨૫ ખાતે RUB/LHS ની જોગવાઈ, (D) રાજકોટ ડિવિઝન :- LC નં. ૬૧ (કિ.મી. ૬૫૭/૪-૫), ૬૫ (કિ.મી. ૬૬૩/૨-૩), ૬૬ (૬૬૪/૫-૬), ૮૦ (કિ.મી. ૬૮૭/૨-૩), ૮૧ (કિ.મી. ૬૮૮/૭-૮) ખાતે RUB/LHS ની જોગવાઈ, (E) રાજકોટ ડિવિઝન :- LC નં. ૯૩ (કિ.મી. ૬૯૯/૫-૬), ૯૪ (કિ.મી. ૭૦૦/૬-૭), ૧૦૪ (૭૧૯/૧-૨), ૧૧૫ (કિ.મી. ૭૩૩/૩-૪) ખાતે RUB/LHS ની જોગવાઈ, (F) રાજકોટ ડિવિઝન :- LC નં. ૧૧૩, કિ.મી. ૭૨૭/૪-૫ ખાતે RUB/LHS ની જોગવાઈ અને (G) રાજકોટ ડિવિઝન :- 'C' ક્લાસ LC ગેટ્સ (i) ભાટેલ-ભોપલ્કા સેક્શનના કિ.મી. ૯૧૧/૯-૯૧-૨૧૦ ખાતે LC-૨૫૮, (ii) ખંભાળીયા સેક્શનના કિ.મી. ૮૯૨/૪-૫ ખાતે LC ગેટ-૨૪૧ અને (iii) જામનગર-લાખાબાવળ સેક્શનના કિ.મી. ૮૩૩/૬-૭ ખાતે LC ગેટ-૨૦૩ના LC - ઇન્ટરલોકિંગના સંબંધમાં ઇલેક્ટ્રિકલ કામ. **(ii) અંદાજિત પડતરઃ** ₹ ૪૩,૩૫,૬૫૫/- **(iii) ઈએમડી પડતરઃ** ₹ ૮૬,૭૦૦/- **બંને ટેન્ડરો માટેઃ- (iv) ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ તા.૧૪-૦૯-૨૦૨૬** ના ૧૫:૦૦ કલાક સુધી **(v) ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in RJT-125

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: X x.com/WesternRly



જા.નં.: તા.:

**મોરબી મહાનગરપાલિકા**

**ઓનલાઈન જાહેર નિવિદા**

આથી મોરબી મહાનગરપાલિકા, મોરબી જી.મોરબી ને વિવિધ યોજના હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| અ. નં. | કામની વિગત | ટેન્ડર ફી | ઇ.એમ.ડી.ની રકમ | કામની અંદાજીત રૂ. |
|---|---|---|---|---|
| ૧ | મોરબી મહાનગરપાલિકા હદમાં ઉમા ટાઉનશીપ ના હેડવર્કસ પર સેન્ટ્રીફ્યુગલ પંપ લગાવવાનું કામ | ૧૮૭૫/- | ૩૪,૮૨૭/-/- | ૩૪.૮૨ /- લાખ |
| | ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય | તા.૦૧/૦૯/૨૦૨૬ ના રોજ ૧૮:૦૦ કલાક સુધી | | |
| | ફક્ત ઓરીજીનલ ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને નોન બ્લેકલીસ્ટનું એફીડેવીટ પહોચતા કરવાની તારીખ, સમય તથા સરનામુ | તા.૦૮/૦૯/૨૦૨૬ ના ૧૮:૦૦ કલાક સુધી, નાયબ કમિશનરશ્રી(પ્રો.), મોરબી મહાનગરપાલિકા, જી.મોરબી | | |
| | ટેકનીકલ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | તા.૧૦/૦૯/૨૦૨૬ ના રોજ ૧૨:૦૦ કલાકે | | |
| | પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | તા. ૧૧/૯/૨૦૨૬ ના રોજ ૦૧:૦૦ કલાકે | | |

ઉપરોક્ત કામ અંગેની તમામ જરૂરી માહિતી તેમજ શરતો અને કરારની વિગતો અને ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે www. https://tender.nprocure.com/ વેબસાઇટ ઉપર તા:૨૫/૦૮/૨૦૨૬ના રોજથી જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

માહિતી/રાજ/૭૩૮/૨૬/૨૭

નાયબ કમિશનર (પ્રોજેક્ટ)
મોરબી મહાનગરપાલિકા



**અધિસૂચના**

**મોરબી વાંકાનેર શહેરી વિકાસ સત્તામંડળની**
**મુસદ્દારૂપ વિકાસ યોજના – ૨૦૪૭**
**ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ ની**
**કલમ ૧૩(૧) હેઠળ તેમજ**
**ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો,૧૯૭૯ ના નિયમ-૫**

ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૦૧/૦૧/૨૦૨૫ ના નોટીફીકેશન નં. KV-07- of 2025-UDUHD/COC/e-file/18/2024/5932/P section થી મોરબી નગરપાલીકા માંથી મોરબી મહાનગરપાલીકામાં પરિવર્તન થતા ઉકત જાહેરનામાંથી મોરબી મહાનગરપાલિકામાં મોરબી અને તેને લાગુ ૯-ગ્રામ પંચાયતો (સકતશનાળા, રવાપર, લીલાપર, અમરેલી, નાનીવાવડી, ભડીયાદ(જવાહર), ત્રાજપર(માળીયા વનાળીયા), મહેન્દ્રનગર (ઇન્દિરાનગર) તથા માધાપર/વજેપર (ઓ.જી.) નો સમાવેશ કરવામાં આવેલ છે. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગાંધીનગરના તાઃ ૨૩/૦૬/૨૦૨૫ના નોટીફિકેશન નં.: GH/V/209 of 2025/UDUHD/MSM/e-file/18/2025/ 0143/L થી તા.૦૧/૦૧/૨૦૨૫ના નોટીફિકેશનમાં સમાવિષ્ટ ગામો અને વાંકાનેર નગરપાલીકા તથા રેવન્યુ વિસ્તારનો સમાવેશ કરી મોરબી વાંકાનેર શહેરી વિકાસ સતામંડળની પુનઃરચના કરેલ છે.

મોરબી-વાંકાનેર શહેરી વિકાસ સતામંડળની તાઃ ૧૯/૦૮/૨૦૨૬ થી મળેલ ચોથી બોર્ડ બેઠકના ઠરાવ નં: ૨ થી મળેલ બહાલી અન્વયે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૯ હેઠળ તાઃ ૧૯/૦૮/૨૦૨૬ના પત્રથી રાજ્ય સરકારશ્રીને મોરબી વાંકાનેર શહેરી વિકાસ સતામંડળ માટે આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલ વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કરી સાદર કરેલ છે. તેથી હવે, સદરહુ અધિનિયમની કલમ-૧૩ ની પેટા કલમ (૧) અનુસાર મોરબી-વાંકાનેર શહેરી વિકાસ સતામંડળ, આથી નોટિસ આપે છે કે, ગુજરાત રાજ્યના રાજ્યપત્રમાં વિકાસ પ્લાનના મુસદ્દાની પ્રસિધ્ધિની તારીખથી ૨(બે) મહિનાની મુદત સુધીમાં તેના સંબંધમાં કોઇપણ વ્યક્તિને આ મુસદ્દારૂપ વિકાસ યોજનાનાની દરખાસ્તને લગતા જે વાંધા અથવા સૂચનો રજુ કરવા હોય તો લેખિત રીતે ચાર નકલમાં આધાર-પુરાવા સહ મોરબી વાંકાનેર શહેરી વિકાસ સતામંડળને મોકલી આપવાના રહેશે અને તેની ગુણવત્તાને ધ્યાને લઈ મુસદ્દારૂપ વિકાસ યોજનાની દરખાસ્તને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે.

**અનુસૂચિ**

૧. મોરબી-વાંકાનેર શહેરી વિકાસ સતામંડળની મુસદ્દારૂપ વિકાસ યોજનાનો અહેવાલ

પાર્ટ-૧: (Existing Conditions, Studies & Analysis) જેમાં વિકાસ નકશામાં સમાવિષ્ટ જમીનોનો હયાત ઉપયોગ અને તે બાબતમાં કરેલ સર્વેની વિગતો જે ધ્યાને લેવાયેલ છે.

પાર્ટ-૨: (અ) (Planning Proposals & Recommendations) જેમાં વિકાસ નકશામાં સમાવિષ્ટ જમીનોનો સૂચિત ઉપયોગ અને તે બાબતની દરખાસ્ત દર્શાવતા નકશા અને અહેવાલ. (સુચિત જમીન વપરાશ)
(બ) મુસદારૂપ વિકાસ યોજનાની મોરબી વાંકાનેર શહેરી વિકાસ સતામંડળ ઉપર મુકેલી કોઈ જવાબદારીને જે વિકાસના તબક્કા દ્વારા પહોંચી વળવા ધાર્યું હોય તેનું નિવેદન.
(ક) સીજીડીસીઆરમાં મોરબી વાંકાનેર શહેરી વિકાસ સત્તામંડળની મુસદારૂપ વિકાસ યોજનાને અનુરૂપ સુચિત જોગવાઇઓ.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ની કલમ-૧૦ અન્વયે ઉપરોક્ત મુસદારૂપ વિકાસ નકશાની નકલ મોરબી વાંકાનેર શહેરી વિકાસ સતામંડળની કચેરી / મોરબી મહાનગરપાલિકાની કચેરી તથા વાંકાનેર નગરપાલિકાની કચેરીમાં રજાના દિવસો સિવાય કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા ખુલ્લી રાખેલ છે. સદર અધિસૂચનાની નકલ મોરબી વાંકાનેર શહેરી વિકાસ સતામંડળમાં સમાવિષ્ટ તમામ ગ્રામ પંચાયત કચેરીના નોટિસ બોર્ડ ઉપર લગાવેલ છે.

સહી/-
જા.નં.MWUDA/0007/08/2026 (સંજયકુમાર સોની)
સ્થળ : મોરબી મુખ્ય કારોબારી અધિકારી
તા.૧૯/૦૮/૨૦૨૬ મોરબી વાંકાનેર શહેરી વિકાસ સતામંડળ
અને
નાયબ મ્યુનિસિપલ કમિશનર
મોરબી મહાનગરપાલિકા

**વાંધા તથા સૂચનો નીચેના સરનામે મોકલી આપવાના રહેશે.**
મોરબી વાંકાનેર શહેરી વિકાસ સત્તામંડળની કચેરી,
C/O મોરબી મહાનગરપાલિકાની કચેરી (ઇસ્ટ ઝોન),
રેલ્વે સ્ટેશન રોડ,
મોરબી-૩૬૩૬૪૧.

માહિતી/રાજ/૭૪૦/૨૬/૨૭

તંત્રી લેખ

# શિક્ષણના ભોગે વિદ્યાર્થી આંદોલનો ચિંતાનો વિષય

ભારત આર્થિક મહાસત્તા બનવા તરફ મક્કમ પગલે આગળ વધી રહ્યું છે તેને સાર્થક કરવા યુવા પેઢીને વધુ કાબેલ બનાવવાની આવશ્યકતા છે ત્યારે વિદ્યાર્થીઓ શિક્ષણ ક્ષેત્રે વિશ્વ સમોવડી બને તે જરૂરી છે તેવા સંજોગોમાં ત્યારે વિદ્યાર્થીઓ દેશનું ભવિષ્ય છે. શાળા અને કોલેજો એ એવાં ધામ છે જ્યાં દેશના આવતીકાલના નાગરિકોનું ઘડતર થાય છે. પરંતુ વર્તમાન સમયમાં દેશની શૈક્ષણિક સંસ્થાઓમાં ભણતર છોડીને વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતા દેખાવો અને આંદોલનોની પ્રવૃત્તિઓથી શૈક્ષણિક વાતાવરણ પર ગંભીર અસરો પડી રહી છે, જે અત્યંત ચિંતાનો વિષય છે.અત્યારે દેશભરમાં વિવિધ મુદ્દાઓને શૈક્ષણિક સંસ્થાઓમાં સુવિધાઓની ગુણવત્તા, ભ્રષ્ટાચાર અને વિવિધ મુદ્દાઓ સામે વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતા વિરોધ પ્રદર્શનોએ મોટું સ્વરૂપ ધારણ કર્યું છે.

જ્યારે વર્ગખંડમાં હાજર રહીને અભ્યાસ કરવાનો સમય હોય, ત્યારે વિદ્યાર્થીઓ રસ્તા પર ઊતરીને દેખાવો કરી રહ્યા છે. શૈક્ષણિક કાર્ય બાજુ પર મુકાઈ જાય અને વિરોધ પ્રદર્શન પ્રાથમિકતા બની જાય ત્યારે દેશના શિક્ષણ સ્તરને મોટો ફટકો પડે છે આ વ્યાપક ચિંતાના વિષય અંગે રાજકીય સામાજિક પક્ષોએ પણ દેશ હિતમાં વિદ્યાર્થીઓના આંદોલનનો ઉપયોગ કરવાના વધતા જતા વલણ માટે સામુહિક ચિંતન ની જરૂર છે.

વિદ્યાર્થીઓને મળતી સુવિધાઓમાં ખામી કે ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવવો અન્યાયી નથી, પરંતુ જ્યારે રાજકીય પક્ષો કે નેતાઓ પોતાના સ્વાર્થ કે રાજકીય રોટલા શેકવા માટે વિદ્યાર્થીઓનો ઉપયોગ કરે છે ત્યારે સ્થિતિ વધુ વણસે છે.

પોતાની રાજકીય ધ્યેયસિદ્ધિ માટે નિર્દોષ વિદ્યાર્થીઓને ઢાલ બનાવવી અને તેમના ભવિષ્ય સાથે રમત રમવી એ યોગ્ય નથી. વિરોધની યથાર્થતા કે સત્યતા બતાવવાના આગ્રહમાં રાજકીય ભાગેવાનોએ દેશના ભવિષ્યનો વિચાર કરવો અનિવાર્ય છે.

અભ્યાસ બગાડીને આંદોલનો પાછળ ધકેલાતા વિદ્યાર્થીઓનું શૈક્ષણિક વર્ષ અને કારકિર્દી જોખમમાં મુકાય છે. સંસ્થાઓમાં શિસ્ત અને ભણતરનું વાતાવરણ જાળવવું એ વહીવટીતંત્ર તેમજ સમાજ બંનેની ફરજ છે. પ્રશ્નો અને સમસ્યાઓનો ઉકેલ સંવાદ, યોગ્ય રજૂઆત અને વહીવટી સ્તરે વાટાઘાટો દ્વારા આવવો જોઈએ, નહીં કે શૈક્ષણિક પ્રવૃત્તિઓ રૂંધાઈ જાય તે રીતે.દેશના વિકાસ માટે સક્ષમ અને ભણેલી-ગણેલી યુવા પેઢીની જરૂર છે. રાજકીય પક્ષોએ વિદ્યાર્થીઓને પોતાના વિરોધ પ્રદર્શનોનું હથિયાર બનાવવાને બદલે તેમને અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત કરવા પ્રોત્સાહિત કરવા જોઈએ. શૈક્ષણિક સંસ્થાઓ શાંતિ, જ્ઞાન અને સંસ્કારનું કેન્દ્ર બની રહે તે જ દેશના હિતમાં છે.

# વેરાવળ: સ્ટેટ એન્વાર્મેન્ટ ઈમ્પેકટ એસેસમેન્ટ ઓથોરિટીની બેઠકમાં પર્યાવરણ સંવર્ધન મુદે વિચાર વિમર્શ

## ઓથોરિટીના અધ્યક્ષ એચ.કે. દાસે માઈનિંગ, વન્ય પ્રાણીઓનાં રક્ષણ અંગે અધિકપારીઓને માર્ગદર્શિત કરાયા




**અબતક,અતુલ કોટેચા, વેરાવળ**

ગીર સોમનાથ જિલ્લો કુદરતી સંપદા ધરાવતો જિલ્લો છે. દરિયાકિનારો અને જંગલ જેવી ભૌગોલિક પ્રકૃતિ ધરાવતો હોવાના કારણે જિલ્લામાં પર્યાવરણના સંવર્ધન સાથેનો વિકાસ સુનિશ્ચિત કરવા જિલ્લા સેવા સદન ખાતે સ્ટેટ એન્વાયર્નમેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરિટી (SEIAA)ના અધ્યક્ષ એચ. કે. દાસની અધ્યક્ષતામાં મહત્ત્વની સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં પર્યાવરણીય મંજૂરીની દરખાસ્ત પ્રક્રિયાને વધુ ઝડપી અને પારદર્શક બનાવવા, મંજૂરી મળ્યા પછી તમામ શરતોનું યોગ્ય અને નિયમોનુસાર પાલન અંગે તેમજ વાઈલ્ડલાઈફ કન્ઝર્વેશન, પરિવેશ પોર્ટલ, પર્યાવરણ અને માઈનિંગને લગતા સર્ક્યૂલર અને નોટિફિકેશન જાહેર કરવા સહિતના પગલાંઓ વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

અધ્યક્ષશ્રીએ ડિસ્ટ્રિક્ટ સર્વે રિપોર્ટ, પર્યાવરણ મંજૂરી સમયમર્યાદા, પર્યાવરણને લગતા કાયદાઓ, પરમિશન ભંગ અંગે પગલા, હાઈરાઈઝ બિલ્ડિંગ એસ્કેપ પ્લાન, વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન સુનિશ્ચિત કરવા, સહિતના વિવિધ પોર્ટલ પર નોંધણી, અગત્યના ચેકલિસ્ટ તૈયાર રાખવા સહિતના પગલાઓ વિશે ઉપસ્થિત સર્વે અધિકારીશ્રીઓને માર્ગદર્શિત કર્યા હતાં.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટર જીતેન્દ્રસિંહ વાઘેલા, જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકર, નાયબ વન સંરક્ષક પ્રશાંત તોમર, નિવાસી અધિક કલેક્ટર રાજેશ આલ, નગરપાલિકા ચીફ ઓફિસર પારસ મકવાણા સહિત જી.પી.સી.બી, માઈન્સ સેફ્ટી, મેરિટાઈમ બોર્ડ, ખાણ ખનીજ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## ક્રિડા ભારતી દ્વારા ખેલ કુદ સપ્તાહનો શુભારંભ

# જૂનાગઢ : જિલ્લા કક્ષાની સ્પર્ધાઓમાં ૫૦૦થી વધુ ખેલાડીઓએ લીધો ઉત્સાહભેર ભાગ



**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

જૂનાગઢમાં ક્રીડા ભારતી દ્વારા રાષ્ટ્રીય રમત દિવસ નિમિત્તે ગત તા. ૨૩/૦૮/૨૦૨૬ થી આગામી તા.૨૯/૦૮/૨૦૨૬ દરમિયાન ખેલકુદ સપ્તાહની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. જેના શુભારંભ રૂપે સરદાર પટેલ સ્પોર્ટસ કોમ્પલેક્ષ, ગાંધીગ્રામ, જૂનાગઢ શહેર ખાતે શાળાકીય રમતોત્સવ-૨૦૨૬ અંતર્ગત જિલ્લા કક્ષાની કબડ્ડી, ખો-ખો, વોલીબોલ અને એથલેટીક્સ બહેનોની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

પીપીઆ જિલ્લાકક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં જૂનાગઢ શહેર તથા જૂનાગઢ જિલ્લાના વિવિધ શાળા-સંસ્થાઓમાંથી ૫૦૦ થી વધુ ખેલાડી બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની સુંદર રમત પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું.

આ તકે મનપાના સ્ટેન્ડિંગ કમિટી ચેરપર્સન પલ્લવીબેન ઠાકરે ખેલાડી બહેનોને સંબોધતા જણાવ્યું હતું કે, રમત ગમત એ માત્ર સ્પર્ધા નથી. પરંતુ શિસ્ત, આત્મવિશ્વાસ અને નેતૃત્વના ગુણો વિકસાવવાનું શ્રેષ્ઠ માધ્યમ છે.

# જૂનાગઢની મેડિકલ કોલેજ ખાતે રિસર્ચ ડેવલપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત સી.એમ.ઈ.માં ૬૦ શિક્ષકો જોડાયા




**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

જૂનાગઢની જીએમઈઆરએસ મેડિકલ કોલેજ ખાતે મેડિકલ રિસર્ચ ડેવલપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત સીએમઈનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સીએમઈમાં આશરે ૬૦ જેટલા તબીબી શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ મેડિકલ રિસર્ચ સંબંધિત વિવિધ મહત્વપૂર્ણ વિષયો અંગે ડો. દિગંત સિકોતરા, ડો. દિવ્યેશ સોંદરવા, ડો. કિશન કુમાર કાનાણી તથા ડો. અવની કંઝારિયા દ્વારા માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ સવાલ-જવાબ તથા ગ્રુપ ડિસ્કશન યોજાઈ હતી.

આ પ્રસંગે મેડિકલ કોલેજ, જુનાગઢના ડીન ડો. હણમંત આમણે તથા એડિશનલ ડીન ડો. દિનેશ પરમાર દ્વારા મેડિકલ રિસર્ચના મહત્વ અંગે પોતાના મંતવ્યો રજૂ કરી તબીબી શિક્ષકોને સંશોધન ક્ષેત્રે વધુ સક્રિય બનવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# મુળી તાલુકાના ખંપાળીયા ડેમનું પાણી અચાનક લીલું થઈ જતા સ્થાનિકોમાં ચિંતા

## જવાબદાર તંત્ર દ્વારા પાણીના નમુના લઈ લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલી કડક કાર્યવાહી તેવી માંગ



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

મૂળી તાલુકાના ખંપાળીયા ગામ નજીક આવેલ ડેમના પાણીનો રંગ અચાનક બદલાઈ જતાં સમગ્ર પંથકમાં ચિંતા ફેલાઈ જવા પામી છે. સામાન્ય રીતે સ્વચ્છ દેખાતું ડેમનું પાણી રાતોરાત અચાનક લીલા રંગનું થઈ ગયું છે. જ્યારે પાણીની સપાટી પર ફીણના થર પણ જોવા મળતાં ખેડૂતોમાં ચિંતા જોવા મળી રહી છે.

આ અંગે મળતી માહિતી મુજબ ખંપાળીયા સહિત આસપાસના ત્રણ ગામોના હજારો ખેડૂતો ખેતીના પિયત તેમજ પશુધન માટે ડેમના પાણી પર આધાર રાખે છે ત્યારે અચાનક પાણીનો રંગ બદલાઈ જતા ડેમમાં કોઈ હાનિકારક કે ઝેરી તત્વ ભળ્યું હોવાની આશંકાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. જો કે ખેડૂતોએ હાલ પાણીનો ઉપયોગ ટાળ્યો છે તેમજ પાણીના ઉપયોગથી ઉભા પાકને નુકસાન થવાની તેમજ પશુઓના આરોગ્યને પણ જોખમ ઉભું થવાની ભીતિ સેવાઈ રહી છે. ડેમનું પાણી પિયત માટે ન વાપરી શકાતા ઉભા પાકને પાણીની અછત સર્જાવાની ચિંતા ખેડૂતોને સતાવી રહી છે.

જો તપાસ દરમિયાન પાણીમાં કોઈ હાનિકારક તત્વ મળી આવે તો તેના સ્ત્રોતની તપાસ કરી જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી હતી.

## પૂર્વમંત્રીની રજૂઆત ફળી

# જામજોધપુર: સૌની યોજનાનું પાણી વનાણા ડેમમાં છોડાતા ખેડુતોમાં ખુશીની લહેર

**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**

જામજોધપુર પંથકમાં હાલની પરિસ્થિતિ એ ખેડુતોનો પાક સુકાઈ રહ્યો હોય જે અંગે પૂર્વ મંત્રી ચીમનભાઈ સાપરીયાએ સકારમાં રજૂઆત કરતા સરકારના આદેશ બાદ સૌની યોજનામાંથી પાણી વનાણા ડેમમાં છોડવામાં આવેલ તે વખતે પૂર્વ મંત્રી ચીમનભાઈ સાપરીયા પૂર્વ નગરપતિ નરેન્દ્રભાઈ કડીવાર ભાજપ અગ્રણી અમુભાઈ વૈશ્નાણી સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા પાણી છોડાતા ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

# સાવરકુંડલા પોલીસની ઉત્કૃષ્ટ કામગીરી: ચાર વર્ષથી ગુમ વ્યક્તિને શોધી કાઢી સોનાનો ચેન પરત કર્યો




**અબતક, રેહાન ધાનાણી,સાવરકુંડલા**

ગુજરાત પોલીસ દ્વારા નાગરિકોની મુશ્કેલીઓનો હકારાત્મક ઉકેલ લાવવા અને અદશ્ય કે લાવારિસ પડેલી કિંમતી ચીજવસ્તુઓ સાચા માલિકો સુધી પહોંચાડવા માટેના વિશેષ અભિયાન 'તેરા તુજકો અર્પણ'અંતર્ગત સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશને ઉત્તમ માનવીય અભિગમનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના અરજદારના સંદર્ભમાં, અરજદારે મુથૂટ ફાઈનાન્સમાંથી ગોલ્ડ લોન લઈને છેલ્લા ૪ વર્ષથી કોઈપણ પ્રકારના સંપર્ક વગર (સંપર્ક વિહોણા) થઈ ગયા હતા. આ ગંભીર બાબતને ધ્યાને લઈને સાવરકુંડલા ટાઉન પોલીસની ટીમે ટેકનિકલ સર્વે અને સઘન તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

પોલીસે ભારે જહેમત બાદ આ સંપર્ક વિહોણા થયેલા વ્યક્તિને સફળતાપૂર્વક શોધી કાઢ્યા હતા. આ કાર્યવાહીના ભાગરૂપે અરજદારનો અંદાજે રૂ.૧,૫૦,૦૦૦/- ની કિંમતનો સોનાનો ચેન હેમખેમ પરત અપાવવામાં આવ્યો છે.

# કાલાવડ ભાજપના અગ્રણી એમ.પી. ડાંગરીયાના પુત્ર મનનનો જન્મદિન



કાલાવડ તાલુકાના ભાજપ અગ્રણી અને કાલાવડ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ એમ.પી.ડાંગરીયા ના પુત્ર મનન ડાંગરીયા નો આજે જન્મ દિવસ હોય તો તેમના જન્મ દિવસ નિમિતે મનન ડાંગરીયા ને તેમના પરિવારજનો , સગા વ્હાલા , સ્નેહીજનો સહિત મિત્ર મંડળ જન્મ દિવસ ની હાર્દિક શુભકામના ઓ પાઠવી રહ્યા છે. મનન ડાંગરીયા તેમના જીવનના ૨૦ વર્ષ પૂર્ણ કરી ૨૧ મા વર્ષ મા મંગલ પ્રવેશ કરી રહ્યા છે. તેઓ Bsw -૨ નો અભ્યાસ પૂર્ણ કરેલ છે અને હાલ જામનગર - કાલાવડ હાઈવે ઉપર આવેલ ક્રિષ્ના રેસ્ટોરન્ટ અને કેટરસ ના બીઝનેશ મા આગવું નામ ધરાવે છે.

# ધ્રોલ : જી.એમ. પટેલ કન્યા વિદ્યાલયની દીકરીઓનો હરિદ્વારની નેશનલ ગ્રેપલિંગ ચેમ્પિયનશિપમાં ડંકો

## ૯ ગોલ્ડ સહિત ૧૮ મેડલ સાથે ધ્રોલની ખેલાડીઓએ રાષ્ટ્રીયસ્તરે રચ્યો ઈતિહાસ



**અબતક સંજય ડાંગર ધ્રોલ**

ઉત્તરાખંડના હરિદ્વાર સ્થિત રોશનાબાદના વંદના કટારિયા સ્પોર્ટ્સ સ્ટેડિયમ ખાતે તા. ૨૧થી ૨૩ ઓગસ્ટ દરમિયાન યોજાયેલી રાષ્ટ્રીય ગ્રેપલિંગ (કુસ્તી) ચેમ્પિયનશિપ-૨૦૨૬માં ધ્રોળની દીકરીઓએ શાનદાર પ્રદર્શન કરી ગુજરાતનું નામ રાષ્ટ્રીય સ્તરે રોશન કર્યું છે.

ધ્રોલ સ્થિત જી.એમ. પટેલ કન્યા વિદ્યાલય સંચાલિત જિલ્લા કક્ષાની રમત શાળા (ડીએલએસએસ)ની ખેલાડીઓએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી ૯ સુવર્ણ, ૬ રજત અને ૩ કાંસ્ય સહિત કુલ ૧૮ રાષ્ટ્રીય મેડલ જીતી ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે.

સતત બે રાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં ડીએલએસએસ .ધ્રોલ ની કુસ્તીબાજ દીકરીઓએ મેડલોનો ઢગલો કરી ધ્રોળ, જામનગર જિલ્લો તેમજ સમગ્ર ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

ખેલાડીઓની આ સફળતા પાછળ કુસ્તી કોચ રાજપૂત રીતુ તથા ટ્રેનર વર્મા મનીષાના સઘન માર્ગદર્શન અને ખેલાડીઓની અથાક મહેનત મહત્વપૂર્ણ રહી છે.

રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ની દીકરીઓએ વિવિધ કેટેગરીમાં પોતાની પ્રતિભાનો પરચો બતાવી શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. ૯ સુવર્ણ, ૬ રજત અને ૩ કાંસ્ય એમ કુલ ૧૮ મેડલ મેળવી ટીમે ગુજરાતની રમત પ્રતિભાનું ગૌરવ વધાર્યું છે.

આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ સંસ્થા પરિવાર, જિલ્લા રમત વિકાસ અધિકારી, જામનગર, ડીએલએસએસના સ્ટાફ તેમજ વાલીઓ દ્વારા વિજેતા ખેલાડી દીકરીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ધ્રોલ ની આ દીકરીઓની રાષ્ટ્રીય કક્ષાની સફળતાથી સમગ્ર શહેરમાં ગૌરવ અને આનંદની લાગણી પ્રસરી છે.

# સાળંગપુર: બીએપીએસ મંદિર ખાતે પ્રગતિશીલ ખેડૂતોએ બામ્બુ ખેતીનું માર્ગદર્શન મેળવ્યું

## મહારાષ્ટ્રના બામ્બુ મેન ખેડૂત પાશાભાઈ પટેલ, હિરેન હિરપરા, બાબુભાઈ જેબલિયા સહિતના ઉપસ્થિત રહ્યા





**અબતક, વિપુલ લુહાર, બોટાદ**

બોટાદ જિલ્લા કિસાન મોરચા દ્વારા સાળંગપુર બી.એ.પી.એસ.મંદિર ખાતે બામ્બુ ની ખેતી અંતર્ગત માર્ગદર્શન શિબિર નું આયોજન કરવામાં આવેલ જેમાં મોટી સંખ્યામાં પ્રગતિશીલ ખેડૂતોએ બામ્બુ ખેતીનું માર્ગદર્શન મેળવ્યું.

બોટાદ જિલ્લાના સાળંગપુર બીએપીએસ મંદિર સભા મંડપ હોલ ખાતે બોટાદ જિલ્લા કિસાન મોરચા દ્વારા બામ્બુ મિશન અંતર્ગત માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ખેડૂત માત્ર અન્નદાતા નહીં પણ ઉર્જા દાતા પણ બને તે મિશન અંતર્ગત ખેડૂતો સમય સાથે આધુનિક ખેતી તરફ વધુ આગળ વધે તે માટે માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું. આજના આ કાર્યક્રમમાં કપાસ અને મગફળી કરતા પણ વધારે પ્રમાણમાં બામ્બુની ખેતી કરી શકાય અને સારું માર્ગદર્શન મેળવી શકાય તે પ્રમાણેનું માર્ગદર્શન મંચસ્થ આગેવાનો દ્વારા આપવામાં આવેલ હતું બામ્બુ ની ખેતી કરવાથી ખેતીમાં પરિવર્તન આવશે અને ખેતી ખેડૂત અને ગામડું વધુ વિકાસશીલ બનશે તેવા આશ્રય સાથે આજરોજ મહારાષ્ટ્રના બામ્બુમેન તરીકે ઓળખાતા પાસાભાઈ પટેલ દ્વારા બામ્બુ ખેતીનું વિશેષ માર્ગદર્શન આપવામાં આવેલ હતું આજના આ કાર્યક્રમમાં કિસાન મોરચાના પ્રદેશ અધ્યક્ષ હિરેન હિરપરા કિસાન મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી બાબુભાઈ જેબલિયા બોટાદ જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ પટેલ તેમજ શંભુનાથ ટુંડીયા ધારાસભ્ય અને જિલ્લા ભાજપના અલગ અલગ મોરચાના આગેવાનો સહિત ખૂબ મોટી સંખ્યામાં જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતો આજના આ બામ્બુ મિશન શિબિર માર્ગદર્શનમાં હાજર રહેલ હતા.

# ધ્રાંગધ્રાના ખાંભડા ગામે મેળાના સ્ટોલ ફાળવણીના વિવાદે બે જૂથો વચ્ચે સશસ્ત્ર અથડામણ

## જિલ્લા પંચાયતના પૂર્વ સભ્ય, સરપંચ સહિત પાંચ લોકો ઈજાગ્રસ્ત બેને સારવારમાં સુરેન્દ્રનગર ખસેડાયા: બન્ને પક્ષે સામ સામે ગુનો નોંધવા તજવીજ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકાના ખાંભડા ગામે સોમવારે મોડી સાંજે એક જ સમાજના બે જૂથો વચ્ચે સશસ્ત્ર અથડામણ થતાં ગામમાં તંગદિલીનો માહોલ સર્જાયો હતો. શ્રાવણ માસ દરમિયાન યોજાતા મેળામાં સ્ટોલ ફાળવણીના મુદ્દે શરૂ થયેલો વિવાદ ધીમે ધીમે ઉગ્ર બન્યો હતો અને અંતે બંને જૂથો સામસામે આવી જતા મારામારી સાથે સશસ્ત્ર અથડામણ થઈ હતી ઘટનામાં જિલ્લા પંચાયતના પૂર્વ સભ્ય વિક્રમસિંહ સોલંકી, ખાંભડા ગામના સરપંચ સહિત આશરે પાંચ લોકોને ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યું છે ગ્રામ પંચાયત દ્વારા મેળામાં સ્ટોલ ધારકોને પહોંચ ફાળવવા બાબતે વિવાદ ઊભો થયો હતો. શરૂઆતમાં થયેલી માથાકૂટ બાદ મામલો અંગત અદાવત સુધી પહોંચ્યો હતો. ત્યારબાદ બંને પક્ષના લોકો સામસામે આવી જતા બોલાચાલી ઉગ્ર સ્વરૂપ ધારણ કરી હતી અને મારામારી તથા સશસ્ત્ર અથડામણ થઈ હતી અથડામણમાં ઈજાગ્રસ્ત થયેલા તમામ લોકોને તાત્કાલિક ધ્રાંગધ્રા ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જેમાંથી બે વ્યક્તિને ગંભીર ઈજાઓ થતાં વધુ સારવાર માટે સુરેન્દ્રનગર રીફર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે ઘટનાની જાણ થતાં ધ્રાંગધ્રા પોલીસ સહિતનો કાફલો તાત્કાલિક ખાંભડા ગામે પહોંચી ગયો હતો પોલીસે સ્થિતિને કાબૂમાં લઈ વધુ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ગામમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે. સમગ્ર ઘટનાને પગલે ગામમાં તંગદિલીનો માહોલ જોવા મળ્યો હતો સ્ટોલ ફાળવણીના એક સામાન્ય વિવાદે અંગત અદાવતનું સ્વરૂપ ધારણ કરી સશસ્ત્ર અથડામણ સુધી પહોંચતા પોલીસ દ્વારા સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી રહી છે ઘટનાની વધુ વિગતો અને બંને પક્ષોની ફરિયાદ બાદ જ અથડામણનું ચોક્કસ કારણ તથા જવાબદારી સ્પષ્ટ થશે.

# ઉનાના ઝાંખરવાડાના સાગર ખેડુતનું અકસ્માતે બોટમાંથી પડી જતાં મોત

## માછીમારી કરવા ગયેલા ત્યારે દરિયામાં સર્જાયો અકસ્માત

**અબતક, ઉના**

ઊના તાલુકાના ઝાંખરવાડા ગામના યુવાન રામસીભાઈ માયાભાઈ ચારણીયા ઉ. વ.૨૩ નવાબંદર ગામ ના રામભાઈ સામતભાઈ સોલંકી ની ભાગ્ય લક્ષ્મી નામ ની બોટ માછી મારી કરવા આઠ ખલાસી સાથે ચાર દિવસ પહેલા નવાબંદર થી દરિયા માં માછી મારી કરવા ગયા હતાં ત્યારે ચાર દિવસ પહેલા રામસી ભાઈ બોટ ઉપર થી અકસ્માતે પડી ગયા હતા અને દરિયા ના ઊંડા પાણી માં ગુમ થઈ ગયા હતા. જેમાં નવાબંદર દરિયા કિનારે થી ૫૪ નોટિકલ માઈલ દૂર એક માછી મારી કરતી બોટ ની નજરે માનવ મૃતદેહ તરતો જોવા મળતા તેને બોટ માં કિનારે લાવી તપાસ કરતા તે મૃત દેહ રામસી ભાઈ માયાભાઈ ચારણીયા ઓળખાયો



હતો. પોસ્ટ મોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ મોત નું સાચું કારણ જાણવા મળશે. જાણવા મળતી વિગતો મુજબ મરણ જનાર રામસી ભાઈ તેમની બહેન નો એક માત્ર ભાઈ હતો. તેમના માતા અને પિતા અગાઉ મૃત્યુ પામ્યાં હતા અને થોડા વરસ પહેલા મોટો ભાઈ પણ અવસાન પામેલ હતો. બહેન નો એક નો એક ભાઈ અવસાન પામતા શોક છવાઈ ગયો છે. બહેન હવે રક્ષાબંધન ના દિવસે ભાઈ ને રાખડી નહીં બાંધી શકે.

# દસાડાના ચીકાસર ગામેથી ૧૧૫૭ બોટલ દારૂ ઝડપાયો

## એલસીબીએ દરોડો પાડી રૂ.૧.૭૬ લાખનો મુદ્દામાલ કબ્જે: યુનુસશા દિવાનની શોધખોળ



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

ભાવનગર જીલ્લામાં કથિત લઠ્ઠાકાંડ બાદ સુરેન્દ્રનગર જીલ્લા પોલીસ સફાળી જાગી છે અને શહેરી વિસ્તારો સહિત તાલુકામાં સતત પેટ્રોલિંગ અને રેઈડ કરવામાં આવી રહી છે ત્યારે સુરેન્દ્રનગર એલસીબી પોલીસે દસાડા તાલુકાના ચીકાસર ગામની સીમમાં આવેલ અવાવરુ જગ્યામાંથી ઈંગ્લીશ દારૂની નાની મોટી બોટલો નંગ ૧૧૫૭, કિંમત રૂ.૧,૭૬,૬૫૨નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે હાજર મળી નહિ આવેલ શખ્સ યુનુસશા પુંજાશા દિવાન, રહે. ચીકાસર વાળા વિરુદ્ધ દસાડા પોલીસ મથકે પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અમરેલી: જમીન ફાળવણીની માંગ સાથે દિવ્યાંગનો કલેકટર કચેરીમાં આત્મ વિલોપનનો પ્રયાસ

## પોલીસની સમયસૂચકતાથી અનિચ્છનીય ઘટના ટળી, સમજાવટ બાદ કોટડાપીઠા ગામનો અરજદાર પરત ફર્યો

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

બાબરાના કોટડા પીઠા ગામના દિવ્યાંગ અરજદાર વાલજીભાઈ ખુમાણે જમીન ફાળવણીની માંગ સાથે અમરેલી કલેકટર કચેરી ખાતે આત્મવિલોપન કરવાનો પ્રયાસ કરતાં તંત્ર અને પોલીસમાં દોડધામ મચી ગઈ હતી.

કોટડા પીઠા ગામે રહેતા વાલજીભાઈ ખુમાણ લાંબા સમયથી સાથળી અથવા જંત્રીના ભાવે જમીન ફાળવવાની માંગ સાથે સરકારી તંત્ર સમક્ષ રજૂઆતો કરી રહ્યા છે. વારંવાર રજૂઆતો છતાં પ્રશ્નનો ઉકેલ ન આવતા તેઓ આજે કલેક્ટર કચેરી પહોંચ્યા હતા અને માંગણીનો નિકાલ નહીં આવે તો આત્મવિલોપન કરવાની ચીમકી આપી હતી.

ઘટનાની જાણ થતાં પોલીસ અને તંત્રના અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. પોલીસે વાલજીભાઈને અટકાવી તેમની પાસેથી આત્મવિલોપન માટેની સામગ્રી કબજે કરી હતી. ત્યારબાદ અધિકારીઓએ તેમની સાથે વાતચીત કરી રજૂઆત સાંભળી હતી. તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી અંગે ખાતરી આપવામાં આવતા વાલજીભાઈએ આત્મવિલોપનનો નિર્ણય હાલ પૂરતો મુલતવી રાખ્યો હતો. વાલજી ભાઈ સાથે તેમની બે વિધવા બહેનો તેમજ તેમના ભાઈની દૃષ્ટિહીન દીકરી પણ રહે છે. ઘરમાં હાલમાં કમાણી કરનાર કોઈ વ્યક્તિ ન હોવાથી પરિવારનું



ગુજરાન ચલાવવામાં મુશ્કેલી પડી રહી હોય આવી પરિસ્થિતિમાં ગામમાં તાત્કાલિક જમીન ફાળવવામાં આવે તો પરિવારને આજીવિકાનો આધાર મળી શકે. દિવ્યાંગ અરજદાર દ્વારા લાંબા સમયથી કરવામાં આવતી જમીન ફાળવણીની રજૂઆતનો યોગ્ય નિકાલ લાવવા અને પરિવારને આજીવિકાનો આધાર મળે તે માટે તંત્ર દ્વારા હવે શું કાર્યવાહી કરવામાં આવે છે તેના પર સૌની નજર છે.

# અંજાર પોલીસની વાહન ચેકિંગ સાથે ગુનાહિત પ્રવૃત્તિ પર તવાઈ

## આરોપીના રહેઠાણ અને આશ્રય સ્થાનની ચકાસણીથી ગુનેગારોમાં ફફડાટ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજાર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક મુકેશ ચૌધરીના માર્ગદર્શન હેઠળ અંજાર પોલીસ દ્વારા વાહન ચેકિંગ તથા ગુનાહિત પ્રવૃત્તિઓને અટકાવવા સઘન ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. અંજાર પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર એચ.એ. જાડેજાના માર્ગદર્શન હેઠળ અલગ-અલગ ટીમો બનાવી વાહન ચેકિંગ, જુગાર સહિતના ગુનાઓમાં અગાઉ સંડોવાયેલા આરોપીઓની તપાસ તેમજ તેમના રહેઠાણ અને આશ્રયસ્થાનો અંગે ચકાસણી કરવામાં આવી



હતી.ડ્રાઈવ દરમિયાન ૨૫૬ વાહનો ચેક, ૧ જુગાર કેસ, ૧ જુગાર રેઈડ, ૫ પ્રોહિબીશન રેઈડ, ૬ જાણીતા જુગારીઓ પર નાઈટ રેઈડ, ૨૪ એમ.આર. ચેક, ૬ હિસ્ટ્રીશીટર ચેક તથા ૭૮ આરોપીઓની ચકાસણી કરવામાં આવી હતી.આ ઉપરાંત મોટર વ્હીકલ એક્ટ હેઠળ પણ કાર્યવાહી કરવામાં આવી હતી.

# ગીર ગઢડાના સોનારીયા ગામે નજીવી બાબતે પિતા-પુત્ર પર હુમલો

## પરિવારમાં સભ્યોએ આંખમાં મરચુ છાંટી પાઈપ અને લાકડી વડે માર માર્યો

**અબતક, ઉના**

ગીર ગઢડા તાલુકાના સોનારીયા ગામે ઢોર ચરાવતી વખતે થયેલ મનદુઃખ નું વેરે રાખી એક જ પરિવાર ના પાંચ સભ્યો એ આંખમાં મરચું ઉડાડી પાઈપ અને લાકડી તેમજ ઢીકા પાટુ નો માર મારી પિતા અને પુત્ર ને ઈજાઓ પહોંચાડી ની ફરિયાદ દાખલ કરી છે.

ગીર ગઢડા તાલુકાના સોનારીયા ગામે રહેતા પિયુષ જીવરાજ ભાઈ દાળાવડિયા ઉ . વ. ૨૧ એ ગીર ગઢડા પોલીસ સ્ટેશન મા ફરિયાદ નોંધાવી હતી કે તેમના પિતા જીવરાજભાઈ ભીમાભાઈ માલઢોર ચરાવવા સોનારીયા ગામ ની સીમ માં તળાવ કાઠે ગયેલ હતા. ત્યારે અમુક માલ ઢોર પાણી પીવા તળાવ ના પાણી માં જતા રહ્યા હતા. ત્યારે તેમના કુટુંબી વિશાલ ગભરૂ ભાઈ એ માલઢોર તળાવ માંથી હંકારતા પિયુષ ભાઈ જીવરાજ ભાઈ ના માલ ઢોર ને પણ તળાવ માંથી બહાર નીકળી જતા જીવરાજ ભાઈ એ વિશાલ ગભરૂ અને જયેશ વિઠ્ઠલ ને ઠપકો આપતા તે વાત નું મનદુઃખ રાખી જીવરાજ ભાઈ પોતાની વાડીએથી દુધ આપી પરત ફરતા હતા ત્યારે આરોપી ના ઘર પાસે પહોચતા રોકાવતા તુરંત હંસાબેન વિઠલભાઈ દાળાવડિયા રે. સોનારીયા તુરંત જીવરાજ ભાઈ ના મોઢા ઉપર મરચા ની ભુકી છાંટી હતી. આંખ માં જતા બળતરા થતી હોય. રાડો નાખતા આરોપી પુરુષોતમ છગન ભાઈ દાળાવડિયા , ગભરૂ ભાઈ છગન ભાઈ દાળાવડિયા , વિશાલ ગભરૂ ભાઈ, જયેશ વિઠ્ઠલ ભાઈ આવી લાકડી અને લોખંડ પાઈપ લઈ ભૂંડી ગાળો આપી હતી ત્યાં પિયુષ જીવરાજ ભાઈ પિતા ને બચાવવા આવી જતા તેને પણ લાકડી અને લોખંડ નો પાઈપ થી આડેધડ માર માર્યો હતો જેમાં પિયુષ ને માથામાં ગભીર ઈજાઓ પહોંચી હતી લોહી લુહાણ હાલત માં સારવાર માટે ઊના દવાખાને ખસેડવામાં આવ્યા જેમાં પિયુષ ને માથામાં ટાકા આવેલ હતા પિતા ને પણ લાકડી અને ઢીકાપાટું નો મૂઢ માર માર્યો હતો.અને પાંચે આરોપી સામે માર મારી ભૂંડી ગાળો આપી મારી નાખવા ની ધમકી ની ગીર ગઢડા પોલીસ સ્ટેશન મા ફરિયાદ નોંધાવી હતી પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# જસદણ ચોરાઉ બાઈક સાથે તસ્કર ઝડપાયો રાજકોટમાંથી બાઈક ચોરી કર્યાની કબુલાત

## મકાનમાંથી મોબાઈલ તફડાવનાર શખસ ઝડપાયો

**અબતક,રાજકોટ**

જસદણ તવવયક્ષિફ વીંછિયા રોડ બાયપાસ ચોકડી પાસેથી ચોરાઉ બાઈક સાથે તસ્કરને ઝડપી લીધો હતો. પોલીસ પુછતાછમા બાઈક રાજકોટ શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાંથી ચોરી કર્યાની કબુલાત આપી હતી.

જાણવા મળતી વિગતો મુજબ, રાજકોટ જિલ્લામા મિલકત સંબંધી વણ ઉકેલાયેલા ગુનાનો ભેદ ઉકેલવા સૂચના આપવામાં આવી હોય જેને લઈ જસદણ પોલીસ મથકના પીઆઇ જે.પી.ગોસાઈની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમિયાન કોન્સ. ભાવેશભાઈ છૈડાને બાતમી મળી હતી કે, વીંછિયા રોડ બાયપાસ ચોકડી પાસે શખસ શંકાસ્પદ બાઈક સાથે ઉભો છે. જેથી પોલીસની ટીમે તાકીદે અહીં પહોંચી આ શખસને શંકાસ્પદ બાઈક સાથે ઝડપી લીધો હતો. પોલીસ પુછતાછ નરેશ હરેશભાઈ સાઠમીયા(ઉ.વ. ૩૦ રહે. ગઢડીયા રોડ, જસદણ) હોવાનું જણાવ્યું હતું. આ શખસ પાસેથી બાઈકના કાગળો માંગતા તે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. બાદમાં સઘન પુછતાછ કરતા આ બાઈક તેણે રાજકોટમાં ગાંધીગ્રામ વિસ્તારમાંથી ચોરી કર્યાની કબુલાત આપી હતી. જેથી પોલીસે રૂ. ૨૫ હજારની કિંમતનું બાઈક કબજે કરી આ શખસ સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી. જસદણમાં યુવાનના ઘરમાં સોફા પરથી મોબાઈલની ચોરી થઈ ગયા અંગે ફરિયાદને લઈ પોલીસે તપાસ હાથ ધરી સીસીટીવી કેમેરા ચેક કરી અને હ્યુમન સોર્સના આધારે ઘરમાંથી મોબાઈલની ચોરી કરી જનાર શખસ કિશોર હંસરાજભાઈ હરખાણી( રહે. કાળાસર તા. જસદણ) ને ઝડપી લઈ તેની પાસેથી રૂ.૨૭,૯૯૯ ની કિંમતનો મોબાઈલ કબજે કરી આ શખસ સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

## ધ્રાંગધ્રાના નવલગઢમાં દેશી દારૂનો આથો ઝડપાયો: મહલાની શોધખોળ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકાના નવલગઢ ગામે દેશી દારૂ બનાવવાની પ્રવૃત્તિ સામે પોલીસે કાર્યવાહી કરી ૫૦૦ લિટર આથો ઝડપી પાડ્યો હતો પોલીસે જપ્ત કરાયેલા આથાની કિંમત આશરે રૂ.૧૨,૫૦૦ આંકી છે ધ્રાંગધ્રા તાલુકા પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન નવલગઢ ગામે જેટકોના સબ સ્ટેશન પાછળ દેશી દારૂ બનાવવાની પ્રવૃત્તિ ચાલી રહી હોવાની બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડી તપાસ હાથ ધરી હતી પોલીસના દરોડા દરમિયાન સ્થળ પરથી કોઈ વ્યક્તિ હાજર મળી આવી નહોતી જોકે, સ્થળ પરથી દેશી દારૂ બનાવવા માટેનો અંદાજે ૫૦૦ લિટર આથો મળી આવતા પોલીસે તેને કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી આ મામલે પોલીસે લીલાબેન ઘનશ્યામભાઈ ઘટેલીયા વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. પોલીસે દેશી દારૂની ગેરકાયદેસર પ્રવૃત્તિ સામે કાર્યવાહી કરતાં વિસ્તારમાં ચકચાર મચી હતી.

# જૂનાગઢ: ભગવતી પાર્કમાં મહિલા સંચાલિત જૂગારધામ પકડાયું

## ચાર મહિલા સહિત નવ શખ્સની ધરપકડ: રૂ.૪.૧૮ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

જૂનાગઢના ચોબારી રોડ પર આવેલ મકાનમાં મહિલા દ્વારા ચલાવાતા જુગાર પર જુનાગઢ રેન્જ પોલીસે દરોડો પાડી, ૪ મહિલા સહિત કુલ ૯ આરોપીઓને જુગાર રમતા પકડી પાડી, પટ માંથી રોકડા રૂ. ૧,૦૩,૩૦૦ મળી કુલ રૂ. ૪,૧૮,૩૦૦ નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. શહેરના ચોબારી રોડ, ભગવતી પાર્ક એરીયામાં રહેતા આરોપી દુર્ગાબેન શંકરભાઈ ખટુમલ ગુનયાણી એ પોતાના કબ્જા ભોગવટાના રહેણાક મકાને પોતાના આર્થિક લાભ તથા નક્કી કરેલ કમિશન / નાલ મેળવવાના હેતુથી આરોપીઓને બહારથી માત્ર જુગાર રમવાના બોલાવી, ગંજીપતાના પાના દ્વારા તીનપતી રોન પોલીસ નામનો પૈસાની હારજીત જુગારનો રમી રમાડી નાલ ઉઘરાવી જુગારનો અખાડો ચલાવતા હોય, જે દરમિયાન જુનાગઢ રેન્જ પોલીસે દરોડો પાડી, દુર્ગાબેન ડો/ઓ શંકરભાઈ ગુનયાણી, જલ્પાબેન દીપેશભાઈ વૈશ્વનાણી, ભાવનાબેન રસીકભાઈ હીરપરા, મનોજભાઈ વિનોદરાય કારેલિયા, મનોજભાઈ લક્ષ્મણભાઈ પાનસેરીયા, કમલેશભાઈ ધીરજલાલ પટણી, વિનોદભાઈ ઉર્ફે વિનુ પદનાણી, પ્રવિણભાઈ મનસુખભાઈ વાઘેલા તથા ચંદુભાઈ કાળાભાઈ ધોલરીયાને જુગાર રમતા પકડી પાડી, પટ માંથી રોકડા રૂ. ૧,૦૩,૩૦૦ તથા ગંજીપતાના પાના, મોબાઈલ ફોન ૯, વાહનો નંગ ૫ મળી કુલ રૂ. ૪,૧૮,૩૦૦ નો મુદ્દામાલ કબજે કરી.

# ધોરાજી નજીક ગાંજાના જથ્થા સાથે બે મહિલા સહિત ત્રિપુટી ઝડપાયા

## જામનગરથી કારમાં ગાંજો એસઓજીએ પાંચ લાખનો મુદ્દામાલ કબજે કર્યો: ગઢડાના સાજીદ ઉર્ફે ભીખાની શોધખોળ

**અબતક, રમણીક ટોપીયા ધોરાજી**

ધોરાજી શહેરના જામકંડોરણા ના રોડ પર આવેલ બંસીધર પેકેજીંગ પાસે એસઓજીની ટીમે કારમાં ગાંજાના જથ્થા સાથે બે મહિલા સહિત ત્રણ શખસોને ઝડપી લીધા હતાં. પોલીસે આ ત્રિપુટી પાસેથી રૂ.૫ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે સપ્લાયર તરીકે ગઢડાના સાજીદ ઉર્ફે ભિખા ની શોધખોળ હાથ ધરવામાં આવી છે વધુ વિગત મુજબ રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા માદક પદાર્થોની હેરાફેરી અટકાવવા માટે ખાસ ડ્રાઈવ રાખવામાં આવી છે. આ અંતર્ગત એસપી વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ એસઓજી પીઆઈ એફ.એ.પારગીની રાહબરીમાં પીએસઆઈ જી.જે.ઝાલા અને પી.બી.મિશ્રા ટીમ સાથે ધોરાજી તાલુકા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન ધોરાજી તરફ જતા રોડ ઉપર ઘાંસીપુર પેકેજિંગ નામના પ્લાસ્ટિકના કારખાના પાસે કાર શંકાસ્પદ હાલતમાં ઉભી જોવા મળી હતી. પોલીસ ટીમે કાર નજીક જઈને તપાસ કરતા તેમાં બેસેલ બે મહિલા સહિત ત્રણેય શખસોની અટક કરી આ શખસોની અંગજડતી લેતા પ્લાસ્ટિકની થેલીમાં રાખેલો વનસ્પતિજન્ય ગાંજો મળી આવ્યો હતો.

પોલીસે ૯૬૪ ગ્રામ ગાંજો રૂ.૪૮૨૦૦, ૨ મોબાઈલ ફોન, અર્ટીગા કાર મળી કુલ રૂ.૫,૫૪,૮૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કારમાં સવાર મકસુદ મોહમદ ગરાણા (રહે. ધોરાજી), હવાબાઈ ઉર્ફે નજમા ઈકબાલ ગરાણા (રહે. ધોરાજી) અને રૂમાના યુસુફ ગુડા જાતે મેમણ (રહે. ઉપલેટા) ની ધરપકડ કરી હતી પકડાયેલ શખસોની પુછતાછમાં તેઓ ગઢડા રહેતાં સાજીદ ઉર્ફે ભોપો બોબલ તરફવાડીયા પાસેથી જામનગરથી ગાંજો લઈ ધોરાજી ઉપલેટામાં છૂટક વેંચાણ કરવાના હતાં. વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, હવાબાઈ ઉર્ફે નજમાના પતિ બીમાર હોવાથી અને રૂમાનાનો પરીવાર કર્ણાટક રહેતો હોવાથી બંને પેડલર બની ગઈ હતી. જ્યારે ગાંજાનો સપ્લાયર સાજીદ ઉર્ફે ભોપો અલગ અલગ સ્થળ બદલી ગાંજો સપ્લાય કરતો હતો. તેની પાસેથી રૂમાના અગાઉ



ચારેક વખત ગાંજો લઈ આવી હોવાની કબુલાત આપી હતી.

# ધાંગધ્રાના નરાળી ગામે જુગાર રમતા ત્રણ ઝડપાયા

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રાના તાલુકા વિસ્તારમાં જુગારની પર્વતો ધમધમી રહી છે ત્યારે ધાંગધ્રા તાલુકા પોલીસ ના ઈન્ચાર્જ પીઆઈ એન એચ ચુડાસમા ની સૂચના દ્વારા તાલુકો પોલીસ સ્ટેશનના પીએસઆઈ ડી, આર મોડીયા, ભરતભાઈ સીતાપરા સ્ટાફ દ્વારા બાતમીના આધારે ધાંગધ્રા તાલુકાના નરાળી ગામ માં જાહેરમાં ગંજીપાના નો જુગાર રમતા આરોપી રાકેશભાઈ ઉર્ફે સાદુરભાઈ ટપુભાઈ ધામેચા( ૨) મેહુલભાઈ સ/ઓ ચંદુભાઈ જેરામભાઈ



ઝીઝરીયા (૩) નરેન્દ્રભાઈ સ/ઓ ભીખાભાઈ દશરથભાઈ કોળી ને જુગાર રમતા રોકડ રકમ ૧૧,૧૦૦ રૂપિયા ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી તાલુકા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જડેશ્વર મહાદેવના પ્રાગટ્ય ઉત્સવે 'દાદાની રવાડી' માં ભક્તો બન્યા શિવમય

## શ્રાવણના બીજા સોમવારે રવાડીના દર્શન માટે ભાવિકો ઉમટ્યા; સૌરાષ્ટ્રના પ્રથમ લોકમેળાની પણ લોકોએ માણી મોજ

**અબતક લીતેશ ચંદારાણા વાંકાનેર**

વાંકાનેર પ્રસિદ્ધ સ્વયંભૂ શ્રી જડેશ્વર મહાદેવ ખાતે શ્રાવણ માસના બીજા સોમવારે 'દાદાના પ્રાગટ્ય ઉત્સવ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન પ્રસંગે વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ 'દાદાની રવાડી' કાઢવામાં આવી હતી. રવાડીના દર્શન માટે મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા.

જડેશ્વર મહાદેવના પ્રાગટ્ય ઉત્સવને લઈને સમગ્ર મંદિર પરિસર અને આસપાસના વિસ્તારમાં ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. 'હર હર મહાદેવ'ના જયઘોષ સાથે ભક્તોએ રવાડીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.





રવાડીના દર્શન સાથે શ્રદ્ધાળુઓએ સૌરાષ્ટ્રના પ્રથમ લોકમેળાની પણ મોજ માણી હતી. મેળામાં મોટી સંખ્યામાં લોકો ઉમટતાં સમગ્ર વિસ્તારમાં ઉત્સવનો માહોલ છવાઈ ગયો હતો. શ્રાવણના બીજા સોમવારે જડેશ્વર મહાદેવ ખાતે યોજાયેલા પ્રાગટ્ય ઉત્સવે વાંકાનેરની ધાર્મિક અને લોકપરંપરાની આગવી ઝલક જોવા મળી હતી.

# શ્રાવણના બીજા સોમવારે ૨૯ અબોલ જીવોને બચાવી લેતા ગૌરક્ષકો



**અબતક, ઋષિ મહેતા**

શ્રાવણ માસના બીજા સોમવારે મોરબી ગૌરક્ષક ટીમે બાતમીના આધારે માળીયા વિસ્તારમાં વોચ ગોઠવી હતી, ત્યારે ક્રુરતા પૂર્વક બાંધી કતલ માટે લઈ જવાતા ૨૯ ઘેટા-બકરાને બચાવ્યા હતા. તમામ અબોલ જીવોને સુરક્ષિત રીતે મોરબી પાંજરાપોળ ખાતે મોકલવામાં આવ્યા હતા.

કચ્છના શિકારપુર તરફથી સીએનજી કેરી ગાડી રજી.નં. જીજે-૧૩-એએક્સ-૯૦૮૬ માં મોટી સંખ્યામાં અબોલ જીવોને માળીયા, હળવદ અને ધ્રાંગધ્રા તરફ લઈ જવાતા હોવાની બાતમી મોરબી ગૌરક્ષકોને મળી હતી. જેના આધારે માળીયા વિસ્તારમાં ગૌરક્ષકો દ્વારા વોચ ગોઠવવામાં આવી હતી.

તે દરમિયાન બાતમીવાળી ગાડી અણીયારી ચોકડી નજીકથી પસાર થતા, ગૌરક્ષકોએ તેનો પીછો કરી વાહન રોકાવી તપાસ કરતાં અંદર ૨૯ ઘેટા-બકરા ટૂંકા દોરડાથી બાંધેલી હાલતમાં મળી આવ્યા હતા. આ અંગે મોરબી તાલુકા પોલીસને જાણ કરાતા પોલીસ સ્થળ પર પહોંચી હતી અને વાહન તથા ચાલક સહિતના આરોપીઓને પોલીસ મથકે લઈ જઈ પશુ પ્રત્યે ક્રુરતા પ્રતિબંધ અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ન્યુ એરા ગ્લોબલ સ્કુલનો ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં ડંકો: બે વિદ્યાર્થીઓની એઆઈ પ્રોગ્રામ માટે પસંદગી

**અબતક, ઋષી મહેતા**

મોરબીની ન્યૂ એરા ગ્લોબલ સ્કૂલના ૧૩ વર્ષીય અચ્યુત પાડલિયા અને ૧૪ વર્ષીય અંશ કોરવાડિયાએ ઓક્સફર્ડ યુનિવર્સિટી ખાતે યોજાયેલા "એક્સપ્લોરિંગ એઆઈ પ્રોગ્રામમાં એ+ ગ્રેડ મેળવી મોરબીનું નામ વૈશ્વિક સ્તરે રોશન કર્યું છે. હજારો અરજીઓમાંથી માત્ર ૩૦ વિદ્યાર્થીઓની પસંદગી થઈ હતી, જેમાં મોરબીના બંને વિદ્યાર્થીઓનો સમાવેશ થયો હતો.

મોરબીની ન્યૂ એરા ગ્લોબલ સ્કૂલના અચ્યુત પાડલિયા અને અંશ કોરવાડિયાએ યુકેની પ્રતિષ્ઠિત ઓક્સફર્ડ યુનિવર્સિટી ખાતે યોજાયેલા "એક્સપ્લોરિંગ એઆઈ પ્રોગ્રામમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. ૧૩થી ૧૫ વર્ષની વયજૂથના વિદ્યાર્થીઓની હજારો અરજીઓમાંથી પસંદગી પ્રક્રિયા બાદ માત્ર ૩૦ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી, જેમાં મોરબીના આ બંને વિદ્યાર્થીઓએ સ્થાન મેળવ્યું હતું. આ બંને વિદ્યાર્થીઓએ આર્ટિફિશિયલ




ઈન્ટેલિજન્સ જેવા ભવિષ્યલક્ષી ક્ષેત્રમાં શૈક્ષણિક સિદ્ધિ મેળવી છે. માત્ર ૧૩ વર્ષના અચ્યુત પાડલિયાએ ૧૦૦માંથી ૯૬ ગુણ, જ્યારે ૧૪ વર્ષના અંશ કોરવાડિયાએ ૯૩ ગુણ મેળવી એ+ ગ્રેડ હાંસલ કર્યો છે.

મળતી માહિતી મુજબ મોરબીમાંથી પ્રથમ વખત વિદ્યાર્થીઓની આ પ્રતિષ્ઠિત પ્રોગ્રામમાં માટે પસંદગી થઈ છે અને એકસાથે બે વિદ્યાર્થીઓએ પસંદગી મેળવી સફળતા હાંસલ કરતાં ન્યૂ એરા ગ્લોબલ સ્કૂલ તેમજ સમગ્ર મોરબી માટે ગૌરવની બાબત બની છે. નાની ઉંમરે વૈશ્વિક મંચ પર એઆઈ જેવા આધુનિક ક્ષેત્રમાં મેળવેલી આ સિદ્ધિ બંને વિદ્યાર્થીઓની જિજ્ઞાસા, મહેનત અને શીખવાની ક્ષમતાનો પરિચય કરાવે છે. તેમની આ સફળતાથી મોરબીની નવી પેઢીના વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરે આગળ વધવાની પ્રેરણા મળી છે.

# પત્નીની બિમારીની ચિંતામાં પ્રૌઢનો અને અકળકારણથી યુવતીનો આપઘાત

## ટંકારા પંથકમાં શ્રમિકએ ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

**અબતક, ઋષિ મહેતા**

મોરબી તાલુકામાં ત્રણ અને ટંકારા તાલુકામાં એક મળી ચાર અલગ-અલગ અપમૃત્યુના બનાવો નોંધાયા છે. બનાવોમાં ત્રણ વ્યક્તિએ આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે, જ્યારે ૯ વર્ષના બાળકનું ઉલ્ટી-ઉબકા બાદ મોત થયું હતું.

મોરબી તાલુકાના ઘુંટુ ગામની સીમમાં હોલો સેનેટરીના કારખાનાના ક્વાર્ટરમાં રહેતા ચંદન અરૂણભાઈ પાત્રા (ઉવ.૨૫)એ લેબર ક્વાર્ટરના રૂમમાં ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. બીજા અપમૃત્યુના બનાવમાં અણીયારી ગામે જયંતીલાલ લાલજીભાઈ બાવરવા ઉવ.૫૯ રહે. અણીયારી ગામ તા.મોરબી વાળાએ પત્નીની બીમારીને લઈ ચિંતામાં ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો.

જ્યારે અપમૃત્યુના ત્રીજા બનાવની મળતી વિગતો મુજબ, ઘુંટુ ગામની સીમમાં ક્રિષ્નાભાઈ રાજેશભાઈ સોલંકી ઉવ.૯ રહે. હોલો સેનેટરી કારખાનાના ક્વાર્ટર ઘુંટુ ગામની સીમ તા.જી. મોરબી વાળાને ઉલ્ટી-ઉબકા આવ્યા બાદ કોઈ કારણોસર મોત નીપજ્યું હતું. ટંકારા તાલુકાના મોટા ખીજડીયા ગામે અનિલભાઈ રમેશભાઈ પંચોલી ઉ.વ.૨૫ રહે.મયુરસિંહની વાડી મોટા ખીજડીયા તા.ટંકારા મૂળ રહે. મોરટકકા ગામ, તા.પુનાશાહ, જી.ખંડવા (મધ્યપ્રદેશ) વાળાએ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધી હતી. જેથી તેઓને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હર જ્યાં તબીબે જોઈ તપાસી તેમને મૃત જાહેર કર્યા હતા.

# વાંકાનેરના ભલગામના ગરીબ પરિવારોની ૧૦૦ ચોરસ વારના પ્લોટ માટે રજૂઆત : ટીડીઓ દ્વારા તાત્કાલિક નિકાલની ખાતરી



**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર તાલુકાના ભલગામ ગામના ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને રહેણાંક હેતુસર ૧૦૦ ચોરસ વારના મફત પ્લોટ ફાળવવા અંગે ગ્રામજનોએ આજે તા.૨૪ ઓગસ્ટે તાલુકા પંચાયત કચેરી ખાતે લેખિત સામૂહિક રજૂઆત કરી હતી. ગ્રામજનોના જણાવ્યા મુજબ, પ્લોટ ફાળવણી અંગે અગાઉ સરપંચ, તલાટી-કમ-મંત્રી તથા તાલુકા વિકાસ અધિકારી સમક્ષ વારંવાર અરજીઓ કરવામાં આવી હતી. તેમ છતાં અરજીઓ અંગે હજુ સુધી અંતિમ નિર્ણય કે લેખિત જવાબ ન મળતાં આજે ફરીથી રજૂઆત કરવામાં આવી હતી.

ગ્રામજનોએ નિયમો મુજબ જરૂરી તપાસ હાથ ધરી પાત્ર લાભાર્થી પરિવારોને વહેલી તકે પ્લોટ ફાળવવા માંગ કરી હતી. સાથે જ જો કોઈ અરજદાર પ્લોટ મેળવવા પાત્ર ન હોય તો તે અંગેનું કારણ પણ લેખિતમાં જણાવવા વિનંતી કરવામાં આવી હતી. જેથી જરૂર પડે તો અરજદારો કાયદેસરની આગળની કાર્યવાહી કરી શકે.ટીડીઓ તરફથી હકારાત્મક આશ્વાસન રજૂઆતને પગલે તાલુકા વિકાસ અધિકારી દ્વારા ગ્રામજનોની માંગણીને હકારાત્મક અભિગમથી સાંભળવામાં આવી હતી.

લાંબા સમયથી પ્લોટની આશા રાખી રહેલા ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારો માટે અધિકારી તરફથી મળેલું આ આશ્વાસન રાહતરૂપ બન્યું છે.

# મિતાણાના ફીનોમેક્સ કારખાનામાં ગાડી ખાલી કરવા બાબતે મારામારી

## ગાડી ખાલી કરવા અને પાછળ લેવા બાબતે બોલાચાલી બાદ બંને જૂથ વચ્ચે મારામારી. ૮ વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો

**અબતક, ઋષિ મહેતા**

ટંકારા તાલુકાના મિતાણા ગામની સીમમાં આવેલા ફીનોમેક્સ કારખાનામાં એલ્યુમિનિયમની પટ્ટીઓ ભરેલી ગાડી ખાલી કરવા બાબતે થયેલી બોલાચાલી મારામારીમાં પરિણમી હતી. બનાવમાં બંને પક્ષના કુલ સાત જેટલા લોકોને ઈજાઓ પહોંચી હતી. ત્યારે બન્ને પક્ષે સામસામી ફરિયાદ નોંધાવતા ટંકારા પોલીસે કુલ ૮ જેટલા આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

પ્રથમ પક્ષની ફરિયાદ મુજબ, ફરિયાદી રાઘવભાઈ આલાભાઈ ભરવાડ ઉવ.૨૮ રહે. તરઘડી ગામ તા. પડધરી જી. રાજકોટ વાળાએ ફીનોમેક્સ કારખાનાના પ્રોડક્શન મેનેજર તરીકે ફરજ બજાવતા શ્યામકાંત શર્મા અને અજાણતા ત્રણ સહિત ચાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, ફરિયાદી રાઘવભાઈ જીજે-૦૩-બીડબ્લ્યુ-૫૦૦૧ નંબરની ટાટા ૧૨૧૨ મોડલની ગાડીમાં એલ્યુમિનિયમની પટ્ટીઓ ભરી ફીનોમેક્સ કારખાનામાં પહોંચ્યા હતા. જ્યાં તેમની પાછળ આવેલી બીજી ગાડીમાંથી ઈમરજન્સીમાં માલ ઉતારવાનું હોવાથી તેને પહેલાં ખાલી કરવામાં આવી હતી. બાદમાં રાઘવભાઈની ગાડી અડધી ખાલી કર્યા બાદ કામ અટકાવાતા તેમણે મેનેજર આરોપી શ્યામકાંત શર્મા સાથે વાત કરી હતી જેઠીનતેઓ ગાડી ખાલી કરાવ્યા વગર બહાર કાઢવા જતા કારખાનાનો ગેટ બંધ કરી દેતા વિવાદ ઉભો થયો હતો.

જેથી રાઘવભાઈ પોતાના ભાઈ રામભાઈ અને મુકેશભાઈને બોલાવી કારખાને ગયા હતા. ત્યાં આરોપી શ્યામકાંત શર્મા સહિતના શખ્સો સાથે બોલાચાલી બાદ આરોપીઓએ ત્રણેયને એલ્યુમિનિયમની એંગલ વડે માર માર્યો હતો. જેમાં રાઘવભાઈને માથામાં ચાર ટાંકા, રામભાઈને માથામાં પાંચ ટાંકા અને પગમાં ફ્રેક્ચર તથા મુકેશભાઈને હાથ-પગમાં ફ્રેક્ચર સહિતની ઈજાઓ પહોંચી હતી.જ્યારે સામા પક્ષે ફીનોમેક્સ કારખાનાના પ્રોડક્શન મેનેજર શ્યામકાંત સૂર્યમણી શર્મા ઉવ.૩૦ હાલ રહે. ફીનોમેક્સ કારખાનાના લેબર ક્વાર્ટર મિતાણા ગામની સીમ તા. ટંકારા મૂળ રહે. તીલોલી ગામ તા. સલીમપુર ઉત્તરપ્રદેશ વાળાએ ફરિયાદ નોંધાવી છે, જેમાં ઉપરોક્ત રાઘવભાઈની ગાડી થોડી પાછળ લેવા બાબતે આરોપી રાઘવભાઈ સાથે બોલાચાલી થયા બાદ તેઓ બે ભાઈઓ સાથે પરત આવ્યા અને મારામારી કરી હતી. જેમાં તેમને તથા રજનીકુમાર, ધીરજકુમાર અને બ્રિજેશને પાઈપ-ધોકા વડે માર મારવામાં આવ્યો હતો. જેથી બ્રિજેશને હાથમાં ફ્રેક્ચર તેમજ અન્યોને નાની-મોટી ઈજા પહોંચી હતી. હાલ ટંકારા પોલીસે બંને પક્ષની ફરિયાદના આધારે કુલ આઠ જેટલા લોકો સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો તથા જીપી એક્ટ હેઠળ ગુના નોંધી બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# હળવદમાં રેતી ખનન કરતું એક્ષકેવેટર મશીન સીઝ

**અબતક, ઋષિ મહેતા**

મોરબી ભૂસ્તરશાસ્ત્રી જગદીશ એસ. વાઢેરની સૂચના અને માર્ગદર્શન હેઠળ ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ વિભાગ, મોરબીની તપાસ ટીમ દ્વારા તા. ૨૩/૦૮/૨૦૨૬ના રોજ હળવદ તાલુકાના મોજે ચાડધ્રા બ્રાહ્મણી નદીપટ્ટ વિસ્તારમાં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ તપાસ દરમિયાન સ્થળ પરથી સાદી રેતી ખનિજનું બિનઅધિકૃત ખનન થતું હોવાનું જણાઈ આવતા ટીમ દ્વારા એક પીળા કલરનું હ્યુન્ડાઈ કંપનીનું એક્ષકેવેટર મશીન સીઝ કરવામાં આવ્યું હતું. આશરે રૂ. ૪૦ લાખની કિંમતના આ મશીનને હળવદ તાલુકા પોલીસ સ્ટેશન ખાતે કસ્ટડીમાં મૂકવામાં આવ્યું છે. સીઝ કરાયેલ એક્ષકેવેટર મશીનના માલિક ગોપાલભાઈ નારણભાઈ ઝાપડા રહે. નાના કેરાળા તા. વઢવાણ જી. સુરેન્દ્રનગર હોવાનું સામે આવ્યું છે.

આ સમગ્ર મામલે ગુજરાત મિનરલ્સ (પ્રિવેન્શન ઓફ ઈલીગલ માઈનિંગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ) રૂલ્સ-૨૦૧૭ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ વિભાગ દ્વારા બિનઅધિકૃત ખનન સામે સતત તપાસ હાથ ધરી કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# મોરબી અને હળવદમાં દારૂના ધંધાર્થી પર પોલીસની ધોંસ

## મોરબીમાં ૮ દારૂની બોટલ અને ૬૧ બિયર ટીન ઝડપાયા, હળવદમાં ૧૦૦ લીટર ઠંડો આથો મળ્યો: એક આરોપી ઝડપાયો, બે ફરાર

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી શહેર અને હળવદ પોલીસ દ્વારા પ્રોહિબિશનની અલગ-અલગ ત્રણ કાર્યવાહીમાં વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂ બનાવવાનો ઠંડો આથો મળી કુલ રૂ.૧૧,૨૫૩/-નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. જેમાં એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે બે આરોપીઓ સ્થળ પર હાજર ન મળી આવતા તેને ફરાર જાહેર કરી તેની શોધખોળ શરૂ કરી છે.

પ્રથમ કાર્યવાહીની પ્રાપ્ત વિગતો મુજબ, મોરબી-૨ હાઉસિંગ બોર્ડ વિસ્તારમાં રૂષિકેશ સ્કૂલ પાસે પોલીસે નરેન્દ્રભાઈ વશરામભાઈ કાવર ઉવ.૫૧ રહે. ઉમા ટાઉનશિપ ક્રાંતિજ્યોત એપાર્ટમેન્ટ મોરબી-૨ વાળાને ૮ પીએમ વ્હિસ્કીની ૧૮૦મીલી.ની ૮ બોટલ કિ.રૂ.૧,૧૨૮/-સાથે ઝડપી લઈ તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે બીજા બનાવમાં મોરબી-૨ના ભીમસર વિસ્તારમાં અરુણોદય સર્કલ નજીક અજયભાઈ કુંવરજીભાઈ વિકાણીના રહેણાંક મકાનમાં દરોડો પાડતાં જ્યાંથી કિંગફિશર સ્ટ્રોંગના ૬૧ ટીન કિ.રૂ.૭,૬૨૫/- મળી આવ્યા હતા. રેઈડ દરમિયાન આરોપી અજયભાઈ વિકાણી સ્થળ ઉપર હાજર ન મળતાં તેને ફરાર જાહેર કરી બી ડિવિઝન પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

આ ઉપરાંત ત્રીજા દરોડામાં હળવદ તાલુકાના કડીયાણા ગામના દેવીપૂજક વાસમાં હરખાભાઈ અમરશીભાઈ દેવીપૂજકના મકાન પાસેના વાડામાં જમીનમાં દાટેલા બે પ્લાસ્ટિક કેરબામાં દેશી દારૂ બનાવવાનો ૧૦૦ લીટર ઠંડો આથો કિ.રૂ.૨,૫૦૦/-મળી આવ્યો હતો. પોલીસની રેઈડ દરમિયાન આરોપી હરખાભાઈ હાજર ન મળતાં તેને આ કેસમાં વોન્ટેડ જાહેર કરી તેની વિરુદ્ધ પ્રોહીબિશન હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સ્ટેશન રોડની શેરી નં.૧, ૨ અને ૩માં સ્ટ્રીટ લાઈટની સમસ્યા અંગે કમિશનરને રજૂઆત

## સુરજ બાગ બાલ મંદિર નજીક બે જૂના પોલ દૂર કરાયા બાદ નવા પોલ નહીં મુકાતા અંધારપટ

**અબતક, ઋષિ મહેતા**

મોરબીના સ્ટેશન રોડની શેરી નં. ૧, ૨ અને ૩માં સ્ટ્રીટ લાઈટની સમસ્યાને લઈ સ્થાનિક રહેવાસીઓ દ્વારા મહાનગરપાલિકાના કમિશનરને લેખિત રજૂઆત કરવામાં આવી છે. સુરજ બાગ બાલ મંદિર નજીક જૂના બે સ્ટ્રીટ લાઈટના પોલ દૂર કરાયા બાદ નવા પોલ નહીં મુકાતા તેમજ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ બંધ રહેતા વહેલી તકે કામગીરી કરવાની માંગ કરાઈ છે.

મોરબીના સ્ટેશન રોડની શેરી નં. ૧, ૨ અને ૩માં હાલ સ્ટ્રીટ લાઈટ ચાલુ ન હોવાના કારણે રાત્રિના સમયે અંધારાની સ્થિતિ સર્જાતી હોવાની સ્થાનિક રહેવાસીઓએ રજૂઆત કરી છે. ખાસ કરીને સુરજ બાગ બાલ મંદિર નજીકના બે જૂના સ્ટ્રીટ લાઈટના પોલ દૂર કરી દેવામાં આવ્યા છે, પરંતુ તેની જગ્યાએ નવા પોલ મુકવામાં આવ્યા નથી. રહેવાસીઓના જણાવ્યા મુજબ આ વિસ્તાર મોરબી મહાનગરપાલિકાની હદમાં અને રેલવે કોલોનીની બાજુમાં આવેલો છે. સ્ટ્રીટ લાઈટ અંગે એમએમસી એપ્લિકેશનમાં કરાયેલી અરજીઓમાં દીપ પંડ્યાની તા.૧૯/૦૮ અને ૨૦/૦૮ની અરજી તથા જયમીન વ્યાસની તા. ૧૯/૦૮ની અરજી પેન્ડિંગ દર્શાવવામાં આવી રહી છે.



અગાઉની કેટલીક અરજીઓ તેની રીતે ક્લોઝ થઈ ગઈ હોવા છતાં સ્ટ્રીટ લાઈટની સમસ્યાનો ઉકેલ આવ્યો નથી. આથી સ્ટેશન રોડની શેરી નં. ૧, ૨ અને ૩ના રહેવાસીઓએ મોરબી મહાનગરપાલિકા કમિશનરને લેખિત રજૂઆત કરી સુરજ બાગ બાલ મંદિર નજીક નવા સ્ટ્રીટ લાઈટના પોલ મુકવા તેમજ સમગ્ર વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ વહેલી તકે ચાલુ કરવા માંગણી કરી છે.

# વાંકાનેર: જડેશ્વર લોકમેળામાં વિખૂટા પડેલા બાળકનું પરિવાર સાથે કરાવાયું પુનઃમિલન



**અબતક લીતેશ ચંદારાણા વાંકાનેર**

વાંકાનેર તાલુકાના જડેશ્વર મહાદેવ મંદિર ખાતે તા.૨૨ થી ૨૪ ઓગસ્ટ દરમિયાન યોજાયેલા લોકમેળામાં વાંકાનેર તાલુકા પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

દરમિયાન પોલીસને આરોહી અજીતભાઈ સીતાપરા ઉવ.૦૨નામનું બાળક મળી આવતા પોલીસે તેના વાલીવારસની શોધખોળ હાથ ધરી હતી.

તપાસ બાદ બાળકના પિતા અજીતભાઈ રણજીતભાઈ સીતાપરા રહે. જેતપરડા તા. વાંકાનેર વાળાની ખરાઈ કરી બાળકને સલામત રીતે તેમના હવાલે કરવામાં આવ્યું હતું. પોલીસ દ્વારા 'ઓપરેશન મિલાપ' અંતર્ગત મેળામાં વિખુટા પડેલા અન્ય બાળકો તેમજ વયોવૃદ્ધ વડીલોને પણ તેમના પરિવારજનો સાથે મિલન કરાવવામાં સફળતા મળી હતી.

# કારખાનામાં થયેલી કેબલ ચોરીનો ભેદ ઉકેલાયો

## ક્રાઈમ બ્રાન્ચે ચોરીમાં ગયેલ ૮૦ મીટર કેબલ વાયર સહિતનો મુદ્દામાલ કબજે કર્યા : બેલડીની ધરપકડ

**અબતક, ઋષિ મહેતા**

મોરબી તાલુકાના જાંબુડીયા ગામની સીમમાં આવેલા રોલક્ષ કારખાનામાં એક મહિના અગાઉ થયેલી કેબલ ચોરીનો ભેદ મોરબી ક્રાઈમ બ્રાન્ચે ઉકેલી બે આરોપીઓને ચોરીના કેબલ વાયર સાથે ઝડપી પાડ્યા છે.


મોરબી તાલુકાના જાંબુડીયા ગામની સીમમાં આવેલા રોલેક્ષ સ્પ્રે ડાયર નામના કારખાનામાં ગત તા. ૫ જુલાઈની રાત્રે અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરી ચાલુ લાઈનના ઈલેક્ટ્રિક કેબલ વાયર ચોરી કરી લઈ ગયા હતા. આ અંગે મોરબી તાલુકા પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. ત્યારે ચોરીના ગુનાની મોરબી ક્રાઈમ બ્રાન્ચે ટેકનિકલ માધ્યમ, હ્યુમન સોર્સ અને ખાનગી બાતમીના આધારે તપાસ હાથ ધરી હતી.

આ દરમિયાન બાતમીના આધારે જાંબુડીયા ખાતે તપાસ કરતાં વિજય અજયભાઈ ભરવાડિયા ઉવ.૨૦ રહે. જાંબુડીયા તા.જી. મોરબી તથા ઘેલો જમાલભાઈ ભરવાડિયા ઉવ.૨૧ રહે. રફાળેશ્વર મચ્છુનગર તા.જી.મોરબી વાળા મળી આવ્યા હતા. પોલીસે બંનેની પૂછપરછ કરતાં ચોરીની કબૂલાત કરી હોવાનું જણાવાયું છે. તેમની પાસેથી ચોરીમાં ગયેલો આશરે ૮૦ મીટર ઈલેક્ટ્રિક કેબલ વાયર કિ.રૂ.૪૦ હજારનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આ સાથે બંને આરોપીઓની અટકાયત કરી વધુ કાયદેસરની કાર્યવાહી માટે મોરબી તાલુકા પોલીસને સોંપવામાં આવ્યા છે.

આ સફળ કામગીરી એલસીબી પીઆઈ એસ.પી. જાડેજા, પીએસઆઈ બી.ડી. ભટ્ટ, પેરોલ-ફર્લો સ્કોડ પીએસઆઈ વી.જી. માલાણી તથા એલસીબી/પેરોલ ફર્લો સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.



# ખીજડિયા પક્ષી અભયારણ્ય બ્લેક-નેક્ડ સ્ટોર્કનાં પ્રજનન માટેનું મુખ્ય સ્થળ બન્યું



કાળી ડોક ઢોક પક્ષી માટે બ્રિડીંગ માટે મહત્વનું સ્થળ છે.

**અબતક, રાજકોટ**

ગુજરાત વન વિભાગ હેઠળની સ્વાયત્ત સંસ્થા ગુજરાત ઇકોલોજિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશનનાં સંશોધકોએ તાજેતરમાં જામનગર જિલ્લામાં આવેલા ખીજડિયા પક્ષી અભ્યારણ્યમાં બ્લેક-નેક્ડ સ્ટોર્ક પક્ષી વિશે અભ્યાસ હાથ ધર્યો હતો. આ અભ્યાસમાં જાણવા મળ્યું કે, ખીડજિયા પક્ષી અભ્યારણ્ય બ્લેક-નેક્ડ સ્ટોર્ક (કાળી ડોક ઢોંક) માટે અત્યંત અનુકૂળ પ્રજનન સ્થળ છે. બ્લેક-નેક્ડ સ્ટોર્ક ભારતનાં સૌથી મોટાં અને વિશિષ્ટ જળપક્ષીઓમાંનું એક છે. વન્યજીવ (સંરક્ષણ) સુધારા અધિનિયમ, ૨૦૨૨ હેઠળ બ્લેક-નેક્ડ સ્ટોર્ક અનુસૂચિ (૨) હેઠળ રક્ષિત પક્ષી છે. આ અભ્યાસમાં કાળી ડોક ઢોંક પક્ષીની પ્રજનનની નોંધપાત્ર સફળતા જોવા મળી. નિરીક્ષણ હેઠળનાં ચારેય માળાઓમાંથી બચ્ચાં સફળતાપૂર્વક બહાર આવ્યાં હતાં. અભ્યાસનાં તારણો દર્શાવે છે કે, રામસર સાઈટ તરીકે જાહેર થયેલું ખીજડિયા પક્ષી અભ્યારણ્ય

પીઅર-રિવ્યુડ આંતરરાષ્ટ્રીય જર્નલમાં પ્રકાશિત થયેલા આ અભ્યાસમાં જુલાઈ ૨૦૨૪થી માર્ચ ૨૦૨૫ દરમિયાન ખીજડિયા પક્ષી અભયારણ્યમાં બ્લેક-નેક્ડ સ્ટોર્કની વસ્તીની સ્થિતિ, પ્રજનન પરિસ્થિતિશાસ્ત્ર (બ્રિડીંગ ઈકોલોજી), માળાનાં સ્થળોની લાક્ષણિકતાઓ અને પ્રજનન ક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ સંશોધન ગીર ફાઉન્ડેશનનાં વૈજ્ઞાનિકો સંદીપ મુંજપરા, દિવ્યરાજસિંહ જાડેજા, નિતા સોલંકી, અમિતકુમાર નાયક અને બી.પી. પતી દ્વારા કરવામાં આવ્યું હતું.વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે, ગીર ફાઉન્ડેશનની સમગ્ર સંશોધન ટીમને હું અભિનંદન પાઠવું છું. આ અભ્યાસે બ્લેક-નેક્ડ ઢોંક પક્ષીનાં અદભૂત વર્તન અને પ્રજનન પરિસ્થિતિશાસ્ત્ર પર નવો પ્રકાશ પાડ્યો છે. આ તારણોને આધારે આપણે આ પક્ષીનાં સરંક્ષણ વિશે અસરકારક પગલાં લઈ શકીશુ.

વન અને પર્યાવરણ રાજ્યમંત્રી પ્રવિણ માળીએ જણાવ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે ખીજડિયા પક્ષી અભયારણ્ય સહિત રાજ્યના અમૂલ્ય કુદરતી વારસાના સંરક્ષણ માટે અનેક પગલાં લીધાં છે. બ્લેક-નેક્ડ સ્ટોર્ક તેની ઓછી સંખ્યામાં જોવા મળતા પ્રજનન વસ્તી માટે જાણીતું છે. ગુજરાતમાં ખીજડિયા પક્ષી અભયારણ્ય અને તેની આસપાસનો વિસ્તાર લાંબા સમયથી આ પક્ષી માટે મહત્વપૂર્ણ રહેઠાણ તરીકે ઓળખાય છે. જોકે, તેના પ્રજનન અંગે આપણી પાસે ખૂબ ઓછી માહિતી ઉપલબ્ધ છે.

ગીર ફાઉન્ડેશનના નિયામક બી.પી. પતીએ જણાવ્યું કે, સંશોધકોએ અભયારણ્યનાં આઠ મેનેજમેન્ટ ઝોનમાં ફેલાયેલા ૪૮ જિયોરેફરન્સ્ડ સેમ્પલિંગ પોઈન્ટનો ઉપયોગ કરીને વ્યાપક ક્ષેત્ર સર્વે હાથ ધર્યો હતો. અભ્યાસમાં માળાનું નિરીક્ષણ, વર્તણૂકનું અવલોકન અને તેના રહેઠાણનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. આ દરમિયાન ૩૨૦ કલાકથી વધુના અવલોકનના આંકડા એકત્રિત કરવામાં આવ્યા. બી.પી પતીએ વધુમાં જણાવ્યું કે, અભ્યાસમાં સૌથી નોંધપાત્ર બાબત એ જાણવા મળી કે, અભ્યાસ હેઠળનાં બ્લેક-નેક્ડ સ્ટોર્કનાં ચાર સક્રિય માળાઓમાં, દરેક માળામાં એક પ્રજનન જોડી હતી અને દરેક જોડીએ સફળતાપૂર્વક બે બચ્ચાં ઉછેર્યાં હતાં. આમ, ચાર માળાઓમાં કુલ આઠ બચ્ચાં નોંધાયાં હતાં. આ ઉપરાંત, નિયમિત રીતે જોવા મળતાં પાંચ બિન-પ્રજનન પુખ્ત પક્ષીઓ સહિત અભ્યાસના સમયગાળા દરમિયાન અભયારણ્યમાં આ પક્ષીની સંખ્યા ૨૧થી વધુ નોંધાઈ હતી. સંશોધનમાં જાણવા મળ્યું કે, બ્લેક-નેક્ડ સ્ટોર્કે ચારેય માળાઓ ગાંડા બાવળનાં વૃક્ષો પર બાંધ્યા હતા. આ માળા જમીનથી ત્રણથી ૪.૫ મીટરની ઊંચાઈએ હતાં. સામાન્ય રીતે બ્લેક-નેક્ડ સ્ટોર્ક મોટા કદની સ્થાનિક વૃક્ષ પ્રજાતિઓ પર માળા બાંધે છે. જોકે, આ અભ્યાસમાં જાણવા મળ્યું કે. જ્યાં સ્થાનિક માળા બાંધવા યોગ્ય વૃક્ષો ન હોય ત્યાં ગાંડા બાવળ જેવા વૃક્ષો પર પણ માળા બનાવે છે.

### કાળી ડોક ઢોંક પક્ષી માતા-પિતા તરીકેની મજબૂત જવાબદારી નિભાવે છે

ગીર ફાઉન્ડેશનનાં વૈજ્ઞાનિક અને અભ્યાસના એક લેખક ડો. સંદીપ મુંજપરાએ જણાવ્યું કે, અભ્યાસમાં આ પ્રજાતિ દ્વારા નિભાવવામાં આવતી મજબૂત પિતૃત્વની જવાબદારી જાણવા મળી. આ પક્ષીનાં ૮૯ નિરીક્ષણ અને મુલાકાતો દરમિયાન અમે નોંધ્યું કે, પુખ્ત સ્ટોર્ક સરેરાશ ૬૨ મિનિટ સુધી માળામાં હાજર રહે છે. ખોરાક મેળવવા માટેની નોંધાયેલી ૯૪ ટકા ઉડાનોમાં એક માતા-પિતા પક્ષીએ માળા પર બીજા પક્ષીનું સ્થાન લીધું હતું. આ બાબત પિતૃ દ્વારા અત્યંત સંકલિત રીતે બચ્ચાંની સંભાળ રાખવામાં આવતી હોવાનું દર્શાવે છે. આવા વર્તનથી ઈંડાં અને બચ્ચાંનું સતત રક્ષણ અને સંભાળ સુનિશ્ચિત થાય છે.મહત્વપૂર્ણ બાબત એ છે કે, માળાઓનાં નિરીક્ષણનાં સમયગાળા દરમિયાન સંશોધકોએ માળા ત્યજી દેવાની, શિકારી પ્રાણીઓ દ્વારા હુમલો થવાની અથવા બચ્ચાંના મૃત્યુની એકપણ ઘટના નોંધાઈ નહોતી. ચારેય માળામાંથી બચ્ચાં સફળતાપૂર્વક બહાર આવ્યાં હતાં, જેના પરિણામે ૧૦૦ ટકા ફ્લેજિંગ સફળતા દર નોંધાયો હતો. અભ્યાસ અનુસાર, આટલી ઊંચી પ્રજનન સફળતા ભારતના અન્ય વિસ્તારોમાં થયેલા અવલોકનોની સરખામણીએ નોંધપાત્ર છે. અહીં માળામાંથી બચ્ચાં સફળતાપૂર્વક બહાર આવવાનું પ્રમાણ વધુ જોવા મળ્યું છે.

### બ્લેક-નેક્ડ સ્ટોર્કને માછલી, ઉભયજીવી, ક્રસ્ટેશિયન અને જળચર અપૃષ્ઠવંશી જીવો સહિતના ખોરાક સ્ત્રોતો પૂરા પાડે છે

અગ્ર મુખ્ય વન સંરક્ષક (વન્યજીવ) ડો. જયપાલ સિંહે જણાવ્યું કે, આ સંશોધન બ્લેક-નેક્ડ સ્ટોર્કનાં રહેઠાણનાં પરિસ્થિતિક મહત્વને પણ વધુ મજબૂત બનાવે છે. બ્લેક-નેક્ડ સ્ટોર્કને જીવવા અને પ્રજનન કરવા માટે માત્ર પાણી પૂરતું નથી. તેના સફળ પ્રજનન માટે યોગ્ય ખોરાક મેળવવાના વિસ્તારો, જળચર શિકાર, માળા બાંધવા યોગ્ય વૃક્ષો, છીછરું પાણી, વનસ્પતિ અને પ્રમાણમાં ઓછા માનવીય વિક્ષેપવાળા વિસ્તારો જરૂરી છે.ડો. જયપાલ સિંહે ઉમેર્યું કે, ચારેય માળાના સ્થળોની વિશેષતાઓ-ખાસ કરીને છીછરું પાણી, જળસપાટી ઉપરની વનસ્પતિ, ઊંચા સ્થળો અને ઓછો વિક્ષેપ-આવાસ વ્યવસ્થાપન માટે મહત્વપૂર્ણ સંકેતો આપે છે. આ પરિસ્થિતિઓ જાળવી રાખવી ખીજડિયામાં આ પ્રજાતિની પ્રજનન વસ્તી જાળવી રાખવા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. ગીર ફાઉન્ડેશનનાં નાયબ નિયામક અમિતકુમાર નાયકે જણાવ્યું કે, માળાનાં તમામ સ્થળોમાં કેટલીક સામાન્ય પરિસ્થિતિક વિશેષતાઓ જોવા મળી હતી. તમામ માળા ૦.૩થી ૦.૭ મીટરની ઊંડાઈ ધરાવતા છીછરા પાણીવાળા વિસ્તારોની નજીક હતાં અને તેમની આસપાસ ખુલ્લું પાણી, જળસપાટી ઉપરની વનસ્પતિ તથા ઊંચાણવાળો વિસ્તાર હતો. આ પરિસ્થિતિઓ માછલી, ઉભયજીવી, ક્રસ્ટેશિયન અને જળચર અપૃષ્ઠવંશી જીવો સહિત પૂરતા ખોરાક સ્ત્રોતો પૂરા પાડે છે, જે પ્રજનન કરતા પક્ષીઓ અને મોટા થતાં બચ્ચાં માટે આવશ્યક છે.

### બ્લેક-નેક્ડ સ્ટોર્ક પક્ષી પોતાના બચ્ચાઓની ખૂબ કાળજી રાખે છે, ૮૯ નિરીક્ષણોમાં જાણવા મળ્યું કે, માળાની મુલાકાત દરમિયાન પુખ્ત બ્લેડ-નેક્ડ-સ્ટોર્ક સરેરાશ ૬૨ મિનિટ સુધી માળામાં હાજર રહ્યાં

# શ્રાવણના બીજા સોમવારે સોમનાથમાં શીશ ઝુકાવી ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ દેશના કલ્યાણ માટે પ્રાર્થના કરી

### સોમનાથ દાદાને ભાવનગરની દુઃખદ ઘટના અંગે દુઃખ વ્યક્ત કરી દોષિતો સામે કડક કાર્યવાહીની માંગ

**અબતક જયેશ પરમાર સોમનાથ**

શ્રાવણ માસના બીજા સોમવારે રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. તેમણે સોમનાથ દાદાના ચરણોમાં ભારત દેશના કલ્યાણ, સુખ-શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે હીરાભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે સોમનાથમાં છેલ્લા સાત વર્ષથી શ્રાવણ માસ દરમિયાન ભક્તો માટે પ્રસાદ સેવા કરવામાં આવે છે. શ્રદ્ધાળુઓને પ્રસાદ મળી રહે તે માટે દર વર્ષે આ સેવા કરવામાં આવી રહી છે.

દરમિયાન ભાવનગરમાં બનેલી દુઃખદ ઘટના અંગે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ ઊંડું દુઃખ વ્યક્ત કર્યું હતું. આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે કડક કાર્યવાહી જરૂરી હોવાનું તેમણે જણાવ્યું હતું.હીરાભાઈ સોલંકીએ સરકાર સમક્ષ માંગ કરી હતી કે ઘટનામાં જવાબદાર દોષિતો સામે કડક કાર્યવાહી કરી તેમને સખત સજા કરવામાં આવે, જેથી ભવિષ્યમાં આવી દુઃખદ ઘટનાઓ ન બને અને સમાજમાં કાયદા પ્રત્યેનો વિશ્વાસ વધુ મજબૂત બને.

# ખીરેશ્વર મહાદેવની સંધ્યા આરતીનો લ્હાવો લેતા પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠિયા



**અબતક, બી.એમ. ગોસાઈ, મેટોડા**

શ્રી ખીરેશ્વર મહાદેવ શ્રાવણ માસ ના સોમવાર સંધ્યા આરતી દર્શન કરતાં પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, ખીરસરા રણમલજી સ્વયંભૂ શિવલિંગ ખીરેશ્વર મહાદેવ મંદિરે શ્રાવણ માસ ના બીજા સોમવારના સંધ્યા આરતી દિપમાળા દર્શન તેમજ પુજા અર્ચના અભિષેક કરતા પૂર્વ ધારાસભ્ય લાખાભાઇ સાગઠીયા રાજકોટ જીલ્લા પંચાયત સદસ્ય દિલીપભાઈ સરવૈયા તેમજ જીતેન્દ્રભાઈ મકવાણા.

# સાવરકુંડલામાં દાઉદી વ્હોરા સમાજ દ્વારા શાનદાર રીતે ઉજવાઈ ઈદે મિલાદ



**અબતક,રેહાન ધાનાણી,સાવરકુંડલા**

પયગંબર સાહેબના જન્મદિન નિમિત્તે સાવરકુંડલા ખાતે દાઉદી વ્હોરા સમાજ દ્વારા 'ઈદે મિલાદ' પર્વ ખૂબ જ ઉત્સાહ અને અદબ સાથે ઉજવવામાં આવ્યું હતું. આ પવિત્ર અવસર પર મહુવા સ્કાઉટ બેન્ડ અને હુસેની સ્કાઉટ બેન્ડની સુંદર ધૂનોના સથવારે એક ભવ્ય જુલુસ કાઢવામાં આવ્યું હતું. જનાબ અમિલ સાહેબ, મુલ્લાં સાહેબ તથા વાલી સાહેબની આગેવાનીમાં અને સમાજના વિશાળ સંખ્યામાં ભાઈઓની ઉપસ્થિતિમાં આ જુલુસ શહેરના મુખ્ય માર્ગો પર ફરીને સંઘેડીયા બજાર સ્થિત ઈઝી મસ્જિદ ખાતે પૂર્ણ થયું હતું.

# ખીરેશ્વર મહાદેવ મંદિરે બીજા સોમવારે શિવ ધુનની જમાવટ

**અબતક, બી.એમ. ગોસાઈ, મેટોડા**



રાજકોટ કાલાવડ રોડ ઉપર આવેલ ખીરસરા રણમલજી ગામે મહાદેવળી નંદીના કાઠે બીરાજમાન સ્વંયભૂ શિવ શ્રી ખીરેશ્વર મહાદેવ મંદિરે શ્રાવણ માસ ના બીજા સોમવારે શિવભક્તો દ્વારા શિવ ધુન તેમજ શિવ મહિમા પુજાનું આયોજન કરવામાં આવેલ જેમાં જન્માષ્ટમી મહોત્સવ સમિતિ ધર્માધ્યક્ષ ખીરસરા રણમલજી સનાતન આશ્રમના પં.પુ.ભકિત પ્રકાશદાસ સ્વામી દ્વારા શિવજી ની પંચમહાભુત શિવ સ્ત્રોત થી પુજા અર્ચના જલાભિષેક કરેલ તેમજ રાતૈયા ગામ ના ધુન મંડળી ના ગાયક રાતૈયા સરપંચ મહાવીરસિંહ જાડેજા તબલા વાદક અનિરુદ્ધ સિંહ જાડેજા મંજીરા ના માણીગર હરભદ્રસિંહ જાડેજા હર્ષદીપ સિંહ જાડેજા વનરાજસિંહ જાડેજા તેમજ ભકિત પ્રકાશદાસ સ્વામી સહીતના શિવ ભકતો એ શિવ ધૂન ની જમાવટ કરેલ તેમ જ શિવભક્ત એવા રાજકોટ જિલ્લા પંચાયત સદસ્ય દિલીપભાઈ સરવૈયા વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# લીંબડી નજીક માર્ગ અકસ્માતમાં વૃદ્ધનું મોત

### ગાંધીનગરથી ખાનગી કારમાં પરત ફરતી વેળાએ કટારિયા પાસે બસે ઠોકરે લેતા સર્જાયો અકસ્માત: વાડોલિયા પરિવારમાં અરેરાટી

### અકસ્માતને પગલે ઘવાયેલા ઈજાગ્રસ્તને આરટીઓના સ્ટાફ દ્વારા તાત્કાલીક વાહનની વ્યવસ્થા કરી સારવારમાં ખસેડી માનવતાનું ઉદાહરણ પુરુ પાડ્યુ

**અબતક, અશ્વિનસિંહ રાણા, લીંબડી**

રાજકોટ-અમદાવાદ ધોરી માર્ગ પર આવેલા લીંબડી નજીક કટારિયા ગામ પાસે કાર અને બસ વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં રાજકોટના વૃદ્ધનું મોત નિપજ્યુ હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં ટક્નિશીયલ નરશીભાઈ વાડોલિયા ગાંધીનગરથી ખાનગી કારમાં પરત ફરી રહ્યા હતાં. ત્યારે તેમને અકસ્માત નડ્યો હતો અને ગંભીર ઈજાને કારણે સારવાર મળે તે પૂર્વે જ દમ તોડી દીધો હતો. આ બનાવની જાણ પણસીણા પોલીસ મથકના સ્ટાફને થતાં દોડી જઈ કાગળો કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. વધુ વિગત મુજબ લીંબડી હાઈવે પર આવેલા કટારિયા ગામ નજીક તા. ૨૪ ને સોમવારે બપોરના સુમારે બસે ખાનગી કારને ઠોકરે લેતા અકસ્માત સર્જાયો હતો. ત્યારે આરટીઓની ટીમ ફરજ દરમિયાન હતી. ત્યારે ઈન્સ્પેક્ટર એન.ડી. ઉપાધ્યાય અને એસબી વઘાસિયાએ માનવીય અભિગમ દર્શાવી ઈજાગ્રસ્તને પ્રાથમિક મદદ મળી રહે તે માટે સરકારી વાહનમાં તાત્કાલીક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં તેમને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે સુરેન્દ્રનગરની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. આ બનાવની જાણ પાણસીણા પોલીસ મથકના સ્ટાફને થતાં કાફલો દોડી ગયો હતો અને ઈજાગ્રસ્તની ઓળખમાં રાજકોટ શહેરના રેલનગર વિસ્તારમાં આવેલા ક્રિષ્ના બંગલામાં રહેતા નરસીભાઈ કાનજીભાઈ વાડોલિયા નામના ૭૯ વર્ષીય વૃદ્ધ હોવાની ઓળખ થઈ હતી. પોલીસે પરિવારજનોનો સંપર્ક કર્યો હતો. ઘવાયેલા નરસીભાઈ વાડોલિયાને વધુ સારવાર મળે તે પહેલા જ દમ તોડ્યો હતો. પોલીસે મૃતદેહને પીએમ અર્થે ખસેડી પરિવારજનોને મૃતદેહ સોંપ્યો હતો. પોલીસે પ્રાથમિક કાગળો કરી અકસ્માત સર્જનાર વાહનની શોધખોળ હાથ ધરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તેમજ પ્રાથમિક તપાસમાં મૃતક નરશીભાઈ વાડોલિયા પ્રીન્ટીંગ પ્રેસ મશીનના ટેક્નિશન તરીકે કામ કરતા હતાં. તેમજ તેમને ચાર સંતાન છે. નરશીભાઈના મોતથી વાડોલિયા પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

# રાજકોટમાં પરિચિત મહિલાના ફ્લેટના ૧૨માં માળેની મધરાત્રે પટકાતા નિમેષ ભંડેરીનું મોત

### પત્નીથી અલગ રહેતા યુવાનને લિવ-ઈન પાર્ટનર સાથે રહેતો હતો : અકસ્માતે પડી જતા ગંભીર ઈજા થતાં ૧૦૮એ મૃત જાહેર કર્યા

**અબતક, રાજકોટ**

શહેરના કાલાવડ રોડ પર આત્મીય કોલેજની સામે નંદનવન સોસાયટી શેરી નં-૧માં રહેતા રાત્રીના યુનિવર્સીટી રોડ પર ગંગોત્રી પાર્ક મેઈન રોડ પર આવેલા પામ યુનિવર્સીટી નામના હાઈરાઈઝ બિલ્ડિંગમાં રહેતી પરિચિત ત્યક્તા ફ્લેટે હતા ત્યારે મધ રાત્રીના અઢી વાગ્યે ફ્લેટના ૧૨માં માળે આવેલી બાલ્કનીમાંથી કૂદી જતા ગંભીર ઈજાઓ થઇ હતી તાત્કાલિક અર્થે સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. સારવાર મળે તે પહેલાં આધેડને તબીબે મૃત જાહેર કરતા ઘટના સ્થળે યુનિવર્સિટી પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોરી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો હાલ પોલીસે વધુ તપાસ કરી છે

આ અંગે મળતી માહિતી મુજબ કાલાવા રોડ પર આત્મીય કોલેજ પાસે આરએમસીના સ્વિમિંગ પુલની પાછળ આવેલી નંદનવન સોસાયટી શેરી નં-૧માં રહેતા નિમેષભાઈ પરબતભાઈ ભંડેરી ઉંમર ૪૨ વર્ષીય આધેડ ગઈ કાલે રાત્રીના યુનિવર્સીટી રોડ પર ગંગોત્રી પાર્ક મેઈન રોડ પર આવેલા પામ યુનિવર્સીટી નામના હાઈરાઈઝ બિલ્ડિંગમાં રહેતી પરિચિત ત્યક્તા કાજલબેન સલોતના ફ્લેટે હતા ત્યારે મધ રાત્રીના અઢી વાગ્યે ફ્લેટના ૧૨માં માળે આવેલી બાલ્કનીમાંથી કૂદી જતા ગંભીર ઈજાઓ થઇ હતી ઘટનાને પગલે બિલ્ડિંગમાં સિક્યોરિટીએ બુમાબુમ કરતા ફ્લેટ ધારકો સહિતના નીચે આવ્યા હતા અને કોઈએ ૧૦૮ અને પોલીસને જાણ કરતા ૧૦૮ના ઈએમટીએ જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા. તાત્કાલિક અર્થે સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. સારવાર મળે તે પહેલાં આધેડને તબીબે મૃત જાહેર કરતા ઘટના સ્થળે યુનિવર્સિટી પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે નિમેષભાઈના માતા-પિતા અને પત્ની હરિધવા માર્ગ ઉપર રહે છે અને



બે સંતાન છે, પોતે છેલ્લા બે વર્ષથી પત્નીથી અલગ આશા નામની ત્યક્તા સાથે લિવઈનમાં આત્મીય કોલેજની સામે આરએમસીના સ્વિમિંગ પુલની પાછળ આવેલી નંદનવન સોસાયટીમાં રહેતા હતા. ગઈકાલે બંને વચ્ચે ઝગડો થતા નિમેષભાઈ પામ યુનિવર્સમાં રહેતી આશાની સહેલી કાજલબેનના ઘરે ગયા હતા અને ત્યાં ઝગડા અંગેની વાત કરી તેણીને સમજાવવા કહ્યું હતું. દરમિયાન કાજલબેને તેને અહીં રોકાઈ જવા કહ્યું હતું. રાત્રીના કાજલબેનની પુત્રીએ જાગીને જોતા ફ્લેટની બારી ખુલી હતી અને નેટ પણ તૂટેલી હોવાથી રૂમમાં જોવા જતા નિમેષભાઈ જોવા મળ્યા ન હતા આથી બાલ્કનીમાંથી નીચે જોતા યુવક લોહી લુહાણ હાલતમાં પડ્યો હોવાનું જોવા મળતા દેકારો મચાવ્યો હતો. તેમજ બે વર્ષથી માતા પિતા થી અલગ રહેતો હોવાનું જાણવા મળ્યું છે આપઘાત કે અન્ય કોઈ કારણ જાણવા વધુ તપાસ યુનિવર્સીટી પોલીસ મથકના પીએસઆઈ ચાવડા ચલાવી રહ્યા છે.

# જૂનાગઢમાં બહાઉદ્દીન સરકારી કોલેજ ખાતે સમધારા નૃત્યધારા સંગીત પ્રસ્તૃતિ



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ, જૂનાગઢ ખાતે સમધારા ગીત સંગીત અને નૃત્યધારા અંતર્ગત દેશભક્તિ ગીત સ્પર્ધાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આચાર્ય શ્રી ડો.જે.આર. વાંઝાના માર્ગદર્શન અન્વયે સ્પર્ધકો એ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમાંક પર અનુક્રમે મોરી પ્રીતિ, ગૌસ્વામી વૈશાલી, વ્યાસ કલ્યાણી વિજેતા બનાયા હતા.

આ તકે આચાર્ય ડો. જે.આર. વાંઝાએ દેશભકિતને અનુરૂપ વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક ઉદ્બોધન કર્યું હતું. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા.ડો. જાગૃતિ વ્યાસ, પ્રા.ડો. ભાવસિંહ બારડ, પ્રા.ડો. ચંદ્રકાંત વણકરએ સેવાઓ આપી હતી. તેમજ સમગ્ર સંચાલન પ્રા. ડો. ગૌરાંગ જાનીએ કર્યુ હતું.

# જૂનાગઢ: સ્માઈલ ટીમ દ્વારા ભિક્ષુકનું રેસ્ક્યુ કરી સેલ્ટર હોમમાં આશરો અપાયો

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**




બિલખા રોડ પર એક માનસિક અસ્થિર ભિક્ષુક ફરે છે તેવો વન વિભાગના અધિકારીનો એક ફોન આવેલ. જે સાથે જ જૂનાગઢ સ્માઈલ ટીમ દ્વારા તરત એક્શન લેવામાં આવેલ અને યુનિવર્સિટી પાસે આ વ્યકિતનું રેસ્ક્યુ કરવામાં આવેલ. તથા તેમને સેન્ટર હોમ ખાતે લઈ આવી, અહી આ ભિક્ષુકને નવડાવી સાફ કરી, તેમેન ભોજન કરાવવામાં આવ્યા બાદ હાલમાં ભિક્ષુકોને સેલ્ટર હોમમાં આશરો આપેલ છે. હાલ આ વ્યકિત માનસિક અસ્થિર જણાય છે. હવે તેમનું કાઉન્સેલિંગ કરવામાં આવશે. અને તેમના પરિવાર સુધી પહોંચડવા જુનાગઢ સ્માઈલ ટીમ તથા સંસ્થાના પ્રમુખ મહેન્દ્રભાઈ પરમાર સતત પ્રયત્ન બન્યા છે.

## તાલુકા રાજપૂત ક્ષત્રિય સમાજ, યુવક મંડળ અને સંકલન સમિતિ દ્વારા

# જામકંડોરણામાં સરસ્વતી સન્માન સમારોહ યોજાયો



### સાંસદ કેશરીદેવસિંહ બ્રિગેડિયર નિરવકુમાર રાયજાદા, રાજદીપસિંહ રીબડા અને ઈન્દ્રવિજયસિંહ ભાયાવદર રહ્યા ઉપસ્થિત


**અબતક, રાજકોટ**

શ્રી જામકંડોરણા તાલુકા રાજપૂત ક્ષત્રિય સમાજ, યુવક મંડળ અને સંકલન સમિતિ દ્વારા આયોજિત બારમો સરસ્વતી સન્માન સમારોહ સમાજ ભવન ખાતે યોજાયો હતો. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને બ્રિગેડિયર નિરવકુમાર રાયજાદા ઉપસ્થિત રહ્યા હતા. સમાજ ભવનના મુખ્ય દાતાના પ્રતિનિધિ તરીકે રાજદીપસિંહ રીબડા અને દાતા ઈન્દ્રવિજયસિંહ ભાયાવદર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને રાજ્યસભાના સાંસદ મહારાણા રાજ સાહેબ કેશરીદેવસિંહજી ઓફ વાંકાનેર અને મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુક્યો હતો.

દીપ પ્રાગટ્ય બાદ શ્રી ક્ષત્રિય યુવક સંઘના સ્થાપક પૂજ્ય તનસિંહજી સાહેબ રચિત પ્રાર્થના 'ક્ષત્રિય કુલ મેં પ્રભુ જન્મ દીયા તો ક્ષત્રિય કે હિત મેં જીવન બીતાઉ...' જામકંડોરણા સમાજ ભવન ખાતે ચાલતી 'તનસિંહજી શાખા'ના બાળકો સાથે શક્તિસિંહ કોટડા નાયાણી ગોંડલ દ્વારા કરાવવામાં આવી હતી.આ પ્રસંગે રાજકોટ જિલ્લા રાજપૂત ક્ષત્રિય સમાજ સંકલન સમિતિના પ્રમુખ નરેન્દ્રસિંહ ડી. જાડેજા, જેતપુર પ્રમુખ રણધીરસિંહ ઝાલા, કોટડા સાંગાણી પ્રમુખ બલભદ્રસિંહ પડવલા, ગોંડલ તાલુકા-શહેર પ્રમુખ દશરથસિંહ ઘોરડી, યુવક મંડળ પ્રમુખ દિગ્વિજયસિંહ પાચિયાવદર, ગોંડલ સમાજ ભવન ટ્રસ્ટી વિરભદ્રસિંહ મીતાણા સહિત અનેક હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.સ્વાગત અને સંસ્થા પરિચય પ્રમુખ તેજુભાભાઈ પીપરડીએ આપ્યો હતો. સમગ્ર સંચાલન વિરભદ્રસિંહ મેઘાવી, મહાવીરસિંહ સાતોદડ અને મંત્રી કૃપાલસિંહ પીપરડીએ કર્યુ હતું, જ્યારે આભાર દર્શન નિવૃત્ત પ્રિન્સિપાલ ભૂપેન્દ્રસિંહજીએ કર્યુ હતું.

કાર્યક્રમમાં વિશેષ જાહેરાત કરતા સાંસદ કેશરીદેવસિંહજીએ પોતાની ગ્રાન્ટમાંથી સમાજ ભવન ખાતે વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે કોમ્પ્યુટર રૂમ અને ભવનના વિકાસ માટે રૂ. ૨૫ લાખની માતબર રકમની જાહેરાત કરી હતી. ત્યારબાદ તાલુકાના નવ નિયુક્ત નોકરીયાતો, દાતાઓ અને તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા હતા.

# 'અબતક'ના ફોટોગ્રાફર શૈલેષ વાડોલિયાના પિતાશ્રીનું નિધનઃ સાંજે સ્મશાન યાત્રા



**રાજકોટઃ** મુળ મોટી ભલસાણ ગામ હાલ રાજકોટ નિવાસી નરસીભાઈ કાનજીભાઈ વાડોલિયા (ઉ.વ.૭૯) તે હરિભાઈના નાનાભાઈ, મગનભાઈ અને હેમંતભાઈના મોટાભાઈ, હસમુખભાઈ, રાજુભાઈ, 'અબતક' દૈનિકના ફોટોગ્રાફર શૈલેષભાઈ અને ભાવેશભાઈના પિતાશ્રી, કરણ, પાર્થ, દેવાંશ, જાનવી અને સોનલના દાદાનું તા. ૨૪ ને સોમવારના રોજ અવસાન થયું છે. સદગતની અંતિમ યાત્રા આજે સાંજે ૫:૩૦ કલાકે તેઓના નિવાસ સ્થાને રાધેકૃષ્ણ બ્લોક નંબર એ-૧૯ ક્રિષ્ના બંગલો રેલનગર રાજકોટ ખાતેથી નિકળી પોપટપરા સ્મશાન ગૃહ ખાતે જશે. હસમુખભાઈ મો. નં. ૯૮૨૫૨ ૪૧૮૫૯, રાજુભાઈ મો.નં. ૯૮૨૫૧ ૫૨૬૪૫, શૈલેષભાઈ મો. નં. ૯૮૯૮૧ ૪૪૮૦૫, ભાવેશભાઈ મો. નં. ૯૮૯૮૯ ૩૪૧૬૮ અને કરણભાઈ મો. નં. ૯૮૨૫૧ ૦૯૭૭૬ છે.

# જામનગરમાં કોલેજીયન યુવતી ગુમઃ પરિવાર ચિંતિત

## સવારે કોલેજ જવા ઘરેથી નીકળ્યા બાદ પરત ન ફરતાં પરિવારજનોએ પોલીસમાં ગુમ નોંધ કરાવી

**અબતક, જામનગર**

જામનગરના તળાવની પાળ વિસ્તારમાં દિગ્વિજય પ્લોટમાં રહેતી સ્નેહા હિતેશભાઈ ભીંડી નામની ૧૮ વર્ષીય યુવતી કોલેજ જવા માટે ઘરેથી નીકળ્યા બાદ પરત ન ફરતાં તેણીના પરિવારજનો ચિંતાતુર બન્યા છે અને પોલીસમાં ગુમ થયાની નોંધ કરાવી છે.

પરિવારજનોએ પોલીસને જણાવ્યું હતું કે યુવતી સવારે આશરે સાડા આઠ વાગ્યે કોલેજ જવા માટે ઘરેથી નીકળી હતી. સામાન્ય રીતે



તે સવારે આશરે ૧૧ વાગ્યે ઘરે પરત આવતી હતી, પરંતુ આ દિવસે પરત આવી ન હતી.

પરિવારજનોએ કોલેજમાં તપાસ કરતાં યુવતી સવારે ૧૧ વાગ્યે કોલેજમાંથી નીકળી ગઈ હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ તેના મિત્રવર્તુળ અને સગા-સંબંધીઓમાં શોધખોળ કરવા છતાં કોઈ માહિતી મળી ન હતી.

આથી પરિવારજનોએ સીટી સી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની નોંધ કરાવી છે, અને પોલીસે યુવતીની શોધખોળ હાથ ધરી છે. પીએસઆઈ એન એમ ઝાલા તપાસ ચલાવી રહ્યા છે.

# જામનગરમાં ગુલાબનગર પાસે બેકાબુ ટ્રક ડિવાઈડર સાથે અથડાયો

## વીજપોલ ધરાશાયી અને ડિવાઈડરની વચ્ચેનું વૃક્ષ પણ પડ્યું; પેસેન્જર રિક્ષાનો આબાદ બચાવ



**અબતક, જામનગર**

જામનગર શહેરના ગુલાબનગર વિસ્તાર નજીક એક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. પુરપાટ ઝડપે આવી રહેલા આઈસર ટ્રકના ચાલકે અચાનક સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવતા ટ્રક ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈ ગયો હતો અને ડિવાઈડર પર ચઢી ગયો હતો. અકસ્માત એટલો જોરદાર હતો કે ડિવાઈડર પર આવેલો સ્ટ્રીટ લાઈટનો પોલ તૂટીને રસ્તા પર ધરાશાયી થઈ ગયો હતો. પોલ લીમડાના વૃક્ષ સાથે અથડાતા વૃક્ષ પણ પડી ગયું હતું.

સદનસીબે, જે સમયે પોલ અને વૃક્ષ રસ્તા પર પડ્યાં તે સમયે ત્યાંથી કોઈ વાહનચાલક કે પદયાત્રી પસાર થઈ રહ્યા ન હોવાથી મોટી દુર્ઘટના અને જાનહાનિ ટળી હતી. રોડ પરથી પસાર થતી એક પેસેન્જર રિક્ષા પણ અકસ્માતની ચપેટમાં આવતા આબાદ બચી ગઈ હોવાનું જાણવા મળે છે.

બનાવને પગલે થોડા સમય માટે વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અકસ્માતમાં સ્ટ્રીટ લાઈટના પોલ સહિત સરકારી મિલ્કતને નુકસાન થયું છે. જોકે, આ બનાવ અંગે કોઈ પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.

# જસદણમાં નવોઢાનો ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

## આપઘાતનું કારણ અકબંધઃ પોલીસે વધુ તપાસ હાથ ધરી, પરિવારમાં કલ્પાંત


**અબતક, રાજકોટ**

જસદણ શહેરમાં રહેતી નવોઢાએ અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળેફાંસો ખાઈ લેતા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી સારવાર મળે તે પહેલા તબીબે નવોઢાએ દમ તોડ્યો હતો.

આ અંગે મળતી માહિતી મુજબ જસદણ શહેરના ગંગાભવન માં રહેતી કિરણબેન રણજીતભાઈ સરકાર ઉંમર વર્ષ ૧૯ વર્ષીય નવોઢા ગઈકાલે પોતાના ઘરે હતી ત્યારે અગમ્ય કારણોસર દોરી વડે ગળેફાંસો ખાઈ લેતા તાત્કાલિક ૧૦૮ મારફતે સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી સારવાર મળે તે પહેલા જ તબીબે મૃત જાહેર કરતા ઘટના સ્થળ પર જસદણ પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક થોડા સમય પહેલાં લગ્ન થયા હતા મૃતકના પતિ ઘરે જતા નવોજા ગળેફાંસો હાલતમાં જોવા મળી હતી પરિવારમાં આક્રંદ છવાયો હતો આ અંગે નવોઢા એ આપઘાતનું કારણ અકબંધ છે પતિ હેર સલૂન નું કામ કરે છે સંતાન નથી જસદણ પોલીસ સ્ટેશનના એએસઆઈ પ્રવીણભાઈ માળે વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં પોલીસ દ્વારા વાહન ચેકિંગ અને ફૂટ પેટ્રોલિંગ કરાયું

## સીટી બી-ડિવિઝન પોલીસ દ્વારા કાર્યવાહીઃ અનેક વાહનચાલકો દંડાયા



**અબતક, જામનગર**

જામનગરમાં સીટી-બી ડિવિઝન પોલીસ સ્ટેશન દ્વારા વાહન ચેકિંગ અને ફુટ પેટ્રોલિંગ દરમિયાન કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામા આવી. જેમાં અનેક દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી.

જીલ્લામાં શંકાસ્પદ તથા ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનોની સામે કાયદેસરની કાર્યવાહી કરવા સુચના કરતા સીટી બી ડીવી. પો.સ્ટે.ના પોલીસ ઈન્સ એન.બી.ચૌહાણના માર્ગદર્શન મુજબ પો.સ્ટે.ના સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ ટ્રાફિકના નિયમોનું પાલન થાય તે હેતુથી પોલીસ દ્વારા વાહન ચેકિંગ તથા ફુટ પેટ્રોલિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ કામગીરી દરમિયાન શંકાસ્પદ તથા ટ્રાફિક નિયમોનો ભંગ કરતા વાહનોની તપાસ કરવામાં આવી હતી. નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વાહનોને ડિટેઈન કરવામાં આવ્યા હતા . તથા વાહનોમાં ફેન્સી નંબર પ્લેટ લગાવનાર તથા વાહનની કાચ પર બ્લેક ફિલ્મ લગાવનાર તથા ત્રણ સવારી નો નિયમો નો ભંગ કરનાર વાહન ચાલકો સામે પણ કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસ દ્વારા આવા વાહન ચાલકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અને વાહનમાં નિયમ વિરુદ્ધ ફેરફાર ન કરવા સુચના આપવામાં આવી હતી.

# જામનગરમાં વૃક્ષ ધરાશાયી, રિક્ષાચાલક ઘવાયા

## રિક્ષા વૃક્ષ નીચે દબાઈ ગઈ; ફાયર બ્રિગેડ ની ટીમે રસ્તો ખુલ્લો કર્યો



**અબતક, જામનગર**

જામનગર શહેરના દિગ્વિજય પ્લોટ-૧૩ વિસ્તારમાં અંબિકા ડેરી સામે આવેલા મેઈન રોડ પર અચાનક એક વૃક્ષ ધરાશાયી થતાં અફરાતફરી મચી ગઈ હતી. આ સમયે રસ્તા પરથી પસાર થઈ રહેલી એક રિક્ષા વૃક્ષની ચપેટમાં આવી જતાં તેમાં સવાર વૃદ્ધ રિક્ષાચાલક ઈજાગ્રસ્ત થયા હતા.

બનાવની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયરના જવાનો દ્વારા વૃક્ષની ડાળીઓ કાપીને રસ્તા પરથી હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેના કારણે વાહનવ્યવહાર માટેનો રસ્તો ફરી ખુલ્લો કરવામાં આવ્યો હતો.

વૃક્ષ પડતાં ઈજાગ્રસ્ત બનેલા વૃદ્ધને સારવાર માટે જી.જી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. બનાવને પગલે થોડા સમય માટે વિસ્તારમાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. તેમજ રસ્તો પણ અવરોધાયો હતો. જો કે પાછળથી વાહન વ્યવહાર પૂર્વવત બન્યો હતો.

# ટંકારાઃ મોટા ખીજડીયા ગામે અગમ્ય કારણોસર યુવાનનો ઝેરી દવા પી આપઘાત

## સ્થાનિક પોલીસે વધુ તપાસ હાથ ધરીઃ કારણ અકબંધ, પરિવારમાં ગમગીની છવાઈ

**અબતક, રાજકોટ**

ટંકારા ના મોટા ખીજડીયા ગામે વાડી વિસ્તારમાં રહેતા ૨૫ વર્ષે યુવાને અગમ્ય કારણોસર ગઈકાલે ઝેરી દવા પી લેતા સારવાર અર્થે પ્રથમ ચીખલીયા હોસ્પિટલ ટંકારા બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા સારવાર મળે તે પહેલા જ યુવાને દમ તોડતા ટંકારા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો આ અંગે મળતી માહિતી મુજબ ટંકારાના મોટા ખીજડીયા ગામે મયુરસિંહની વાડીએ રહેતા શ્રમિક પરિવારના અનિલભાઈ રમેશભાઈ પંચોલી ઉંમર વર્ષ ૨૫ વર્ષે યુવાને ગઈકાલ સાંજે ૪:૦૦ વાગે આસપાસ પોતે વાડી હતા ત્યારે અગમ્ય કારણોસર ઝેરી દવા પી જતા તાત્કાલિક સારવાર અર્થે ટંકારાની ચીખલીયા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા સારવાર મળે તે પહેલા જ તબીબે યુવાનને મૃત જાહેર કરતા ઘટના સ્થળે ટંકારા પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને વધુ તપાસ હાથ ધરી હતી આ અંગે મૃતક પોતે મૂળ મધ્યપ્રદેશનો વતની હોય અહીં વાડી ભાગવી રાખતો હોય બે ભાઈ એક બેન અને બે પુત્રોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં આક્રંદ છવાયો હતો આ અંગે ટંકારા પોલીસ સ્ટેશનના એએસઆઈ વાય.એચ.ચુડાસમાએ વધુ તપાસ હાથ ધરી છે.

# હળવદના વાલપુર ગામે આધેડે દારૂ પીધા બાદ શંકાસ્પદ હાલતમાં મોત

## સ્થાનિક પોલીસે મૃતદેહને પીએમ પીએમ અર્થે ખસેડ્યોઃ પરિવારમાં આક્રંદ છવાયો

**અબતક, રાજકોટ**

હળવદ તાલુકાના વાલપુર ગામે રહેતા આધેડ ગઈકાલે ઘરે દારૂના ચિકાર નશામાં હતા ત્યારે અચાનક ઢડી પડતા તાત્કાલ સારવાર અર્થે પ્રથમ મોરબી બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર મળે તે પહેલાં આધેડે દમ તોડતા હળવદ પોલીસ સ્ટેશન નો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને ખસેડવામાં આવ્યો હતો

આ અંગે મળતી માહિતી મુજબ મોરબી જિલ્લાના વાલપુર ગામે રહેતા દેવશીભાઈ ગાંડાભાઈ વાઘેલા ઉંમર વર્ષ ૫૫ વર્ષીય આધેડ ગઈકાલે સવારે તેમના ઘરે હતા ત્યારે દારૂના ચિકાર નાસામાં હતા ત્યારે અચાનક ઢળી પડતા તાત્કાલિક સારવાર અર્થે પ્રથમ મોરબી સિવિલ હોસ્પિટલ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર મળે તે પહેલાં તબીબે આધેડને મૃત જાહેર કરતા ઘટના સ્થળે હળવદ પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક પોતે શ્રમિક કામ કરતા હોય અને પાંચ ભાઈ બે બેન માં છઠ્ઠા નંબરમાં હતા આધેડના મોત થી પરિવારમાં આક્રંદ છવાયો હતો આ અંગે પોતે દારૂ પીધેલ હાલત ઢળી પડતા શંકાસ્પદ હાલતમાં મોતની પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# માધવપુર (ઘેડ) નજીક રીક્ષા ઝાડ સાથે અથડાતા આધેડનું મોત

## સારવાર અર્થે પોરબંદર, જામનગર, રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દમ તોડ્યોઃ પરિવારમાં ગમગીની છવાઈ

**અબતક, રાજકોટ**

પોરબંદર જિલ્લાના માધવપુર ઘેડ ખાતે રહેતા આધેડ રીક્ષા લઈને ઓડદર ગામ તરફ જતી વેળાએ કોઈ કારણોસર રિક્ષા ઝાડ સાથે અથડાતા પ્રથમ સારવાર પોરબંદર બાદ જામનગર બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા સારવાર દરમિયાન ગઈ કાલે આધેડનું મોત નીપજ્યું હતું ઘટનાની જાણ થતા ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનનો સ્ટાફ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો

આ અંગે મળતી માહિતી મુજબ માધવપુર ખેર ભુદર રોડ પર રહેતા બાલુભાઈ એબાભાઈ ભરડા ઉંમર ૪૮ વર્ષીય આધેડ ૧૮ તારીખ ની સાંજે ૪:૦૦ વાગે આસપાસ ઓડદર ગામ તરફ રિક્ષા લઈને થતા હતા ત્યારે કોઈ કારણોસર રીક્ષા ઝાડ સાથે અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો જેમાં ચાલક બાલુભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા પ્રથમ પોરબંદર બાદ જામનગર બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ચાલુ સારવાર દરમિયાન ગઈકાલે તેમનું મોત નીપજતા ઘટના સ્થળે પોરબંદર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક બે ભાઈ એક બેન માં મોટા અને ત્રણ પુત્રી એક પુત્ર પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં આક્રંદ છવાયો હતો આ અંગે અકસ્માતની વધુ તપાસ પોલીસે હાથ ધરી છે.

(પહેલા પાનાનું ચાલું)

### ખરીફ પાકનું વાવેતર...

ખેડૂતોમાં સેવાઈ રહી છે. મગફળીનું હાલ ૧૦૭.૭૩ ટકા અને કપાસનું ૮૯ ટકા જેટલું વાવેતર કરાયું છે. સોમવારે સમગ્ર રાજ્યના માત્ર ૨૮ તાલુકામાં વરસાદ થયો હતો અને કોઈપણ સ્થળે એક ઈંચથી પણ વરસાદ થવા પામ્યો નથી. બીજી તરફ અનેક પાક એવા છે જેનું સો ટકા વાવેતર પણ થવા પામ્યું નથી. તે સંજોગોમાં રાજ્ય સરકાર જ્યાં શક્ય હોય ત્યાં સિંચાઈનું પાણી આપી શકાય તેવી માગ પણ ઊઠવા પામી છે.

### ઘઉં નિકાસ...

વર્ષમાં ઘઉંનું ઉત્પાદન વિક્રમી ૧૨૦.૬૫ મિલિયન ટન નોંધાયું હતું, જે અગાઉના વર્ષે ૧૧૭.૯૪ મિલિયન ટન હતું.

ભૌગોલિક રાજકીય કારણોસર વૈશ્વિક સ્તરે ઘઉંના ભાવમાં વધારો થતાં બાંગ્લાદેશ તરફથી ભારતીય ઘઉંની નિકાસ માંગ વધી છે. રોલર ફ્લોર પ્રોસેસર્સ ફેડરેશનના જણાવ્યા મુજબ, આ નિર્ણયથી હવે એમએસએમઈ સેક્ટર પણ વિદેશી બજારોમાં પોતાની બ્રાન્ડ લઈ જઈ શકશે. સરકારી ડેટા અનુસાર, સોમવારે (૨૪ ઓગસ્ટ, ૨૦૨૬) ઘઉંનો સરેરાશ છૂટક ભાવ ૩૧.૪૬ રૂપિયા પ્રતિ કિલો અને ઘઉંના લોટનો ભાવ ૩૭.૩ રૂપિયા પ્રતિ કિલો હતો, જે ગયા વર્ષના સમયગાળાની સરખામણીમાં સ્થિર છે.

### બેંક લોકર...

જેમ લોકરમાં મુકેલા સામાનની કોઈ યાદી કે ઈન્વેન્ટરી બેંક બનાવતી નથી. સૌથી મહત્વની વાત એ છે કે ૧૦૦ ગણા વળતરનો આ નિયમ ભૂકંપ, પૂર, વાવાઝોડું કે વીજળી પડવી જેવી કુદરતી આપત્તિઓ વખતે લાગુ પડતો નથી. જો કુદરતી હોનારત કે ગ્રાહકની પોતાની ભૂલથી સામાન નાશ પામે, તો બેંક કોઈપણ પ્રકારનું વળતર ચૂકવવા બંધાયેલી નથી.

આરબીઆઈના નિયમ મુજબ બેંકો ગ્રાહકોને સીધો કે આડકતરી રીતે લોકર ઈન્સ્યોરન્સ વેચી શકતી નથી. તેથી નાગપાલ સલાહ આપે છે કે લોકર લેતા પહેલાં તેનું એગ્રીમેન્ટ ધ્યાનથી વાંચવું જોઈએ. જો લોકરમાં મોંઘા દાગીના કે અગત્યના કાગળો હોય, તો માત્ર બેંક લોકરના ભરોસે રહેવાને બદલે ગ્રાહકોએ જાતે બહારથી ખાનગી ઈન્સ્યોરન્સ કંપનીઓ પાસેથી દાગીના અને કિંમતી વસ્તુઓનો અલગથી વીમો લઈ લેવો જોઈએ.

### ટ્રમ્પ...

આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓ સૌથી મોટું જૂથ છે, જ્યાં ૨૦૨૪-૨૫માં ૩.૬૩ લાખથી વધુ ભારતીયો અભ્યાસ કરી રહ્યા હતા. જોકે, એક અહેવાલ મુજબ નીતિગત ફેરફારોના કારણે આગામી સત્રમાં આશરે ૧.૧ લાખ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ ઘટી શકે છે. આ ઘટાડાના પરિણામે અમેરિકન અર્થતંત્રમાં વિદેશી વિદ્યાર્થીઓનું આર્થિક યોગદાન ૪૧.૭૭ ડોલર બિલિયનથી ઘટીને ૩૮.૩૭ ડોલર બિલિયન થઈ જવાનો અંદાજ છે, જે યુએસ શિક્ષણ ક્ષેત્ર અને અર્થતંત્ર માટે મોટો ઝટકો છે.

### ભારતીય સેટેલાઈટ...

પહેલેથી લાઈન પર છે, જેમાં હવે સિંગટેલનો પ્રવેશ હરીફાઈને વધુ રોમાંચક બનાવશે.ભારતની સ્પેસ ઈકોનોમી વર્ષ ૨૦૩૩ સુધીમાં ૪૪ બિલિયન ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે, જેના કારણે વૈશ્વિક ટેલિકોમ કંપનીઓ ભારતીય બજારમાં પોતાનું સ્થાન મજબૂત કરવા આતુર બની છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### મુખ્યમંત્રીનું આહવાન

એમ પણ જણાવ્યું કે, કેનેડાના ગુજરાતી ઉદ્યોગ સાહસિકોએ જન્મભૂમિ પ્રત્યેનું ઋણ અદા કરવા ગુજરાતમાં પણ રોકાણો માટે આવવું જોઈએ.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ આગામી વાયબ્રન્ટ સમિટ ૨૦૨૭માં કેનેડાના ગુજરાતી સમુદાયોને જોડાવા આમંત્રણ પાઠવ્યું હતું.મુખ્ય સચિવ એમ.કે.દાસ, અધિક મુખ્ય સચિવ ટી.નટરાજન, મમતા વર્મા, મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવકુમાર, અગ્ર સચિવ રાજેન્દ્ર કુમાર અને મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ ડો. વિક્રાંત પાંડે સહિત ગુજરાત ડેલિગેશનના સભ્યો અને ફ્રેન્ડ્સ ઓફ ગુજરાત કેનેડાના સદસ્યો આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા.

### ૧૧૨ જનરક્ષક વાહનો ઉમેરાયા

લોકેશન ટેકનોલોજીના ઉપયોગથી રાજ્યનો સરેરાશ રિસ્પોન્સ ટાઈમ ૨૭ મિનિટથી ઘટીને ૧૦:૪૯ મિનિટ થઈ ચૂક્યો છે. નવા વાહનો અને ટેક્નોલોજીથી આ સમયમાં હજુ વધુ ઝડપી બનાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. હવે સરહદની સીમાઓ બાધારૂપ ન બને તે માટે નવી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર પણ અમલી બનાવી ઘટના સ્થળથી સૌથી નજીક ઉપલબ્ધ પીસીઆરને રવાના કરવામાં આવશે.

ડાયલ ૧૧૨ અંતર્ગત પોલીસ (૧૦૦), એમ્બ્યુલન્સ (૧૦૮), ફાયર (૧૦૧), મહિલા હેલ્પલાઈન (૧૮૧), ચાઈલ્ડ હેલ્પલાઈન (૧૦૯૮) તથા ડિઝાસ્ટર હેલ્પલાઈન (૧૦૭૦) ઉપરાંત ટ્રાફિક હેલ્પલાઈન જેવી વિવિધ ઈમરજન્સી સેવાઓ એક જ પ્લેટફોર્મ પર સંકલિત રીતે ઉપલબ્ધ કરવામાં આવી છે. તાજેતરમાં ઓલા, ઉબેર, રેપિડો અને ભારત ટેક્સી એપ્સમાં પણ ૧૧૨ પેનિક બટન ઈન્ટિગ્રેટ કરવામાં આવ્યું છે.

### સ્વાઈન ફ્લુ સામે સરકાર સજ્જ

વીડિયો કોન્ફરન્સના માધ્યમથી અધિકારીઓને આદેશ આપતાં જણાવ્યું હતું કે, વર્ષ-૨૦૧૯ની એચવનએનવન ગાઈડલાઈન મુજબ જ રાજ્યની તમામ હોસ્પિટલોમાં દર્દીઓના સેમ્પલિંગ, ટેસ્ટિંગ અને સારવારની પ્રક્રિયાનું ચોક્કસ પાલન થાય તેમજ ઈમરજન્સી વિભાગો, તબીબો અને નર્સિંગ સ્ટાફને આ અંગે જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.

આ ઉપરાંત એચવન એનવન સામેની સજ્જતાના ભાગરૂપે મંત્રીએ રાજ્યની સિવિલ હોસ્પિટલોના તબીબી અધિક્ષકો, મેડિકલ કોલેજોના ડિન તેમજ જિલ્લા અને મહાનગરપાલિકાઓના સિનિયર આરોગ્ય અધિકારીઓને તમામ સરકારી હોસ્પિટલોમાં જરૂરી દવાઓ, ઓક્સિજન અને વેન્ટિલેટરની પર્યાપ્ત સુવિધાઓ ઉપલબ્ધ રાખવા નિર્દેશ પણ આપ્યા હતા.

આરોગ્ય મંત્રી પાનશેરીયાએ વધુમાં જણાવ્યું હતું કે, જો કોઈ હોસ્પિટલમાં ટેકનિકલ કે સ્ટાફ સંબંધિત પ્રશ્નો હોય તો હોસ્પિટલના તબીબી અધિકારીઓએ આંતરિક સ્તરે જ તેનો ઉકેલ લાવવો જેથી દર્દીઓની સેવાઓ ખોરવાય નહીં. આ ઉપરાંત, હોસ્પિટલોમાં સ્વચ્છતા અભિયાનને વધુ મજબૂત બનાવવા પર પણ મંત્રી પ્રફુલ પાનશેરીયાએ ખાસ ભાર મૂક્યો હતો.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# માણાવદરમાં બે પોઠીયાવાળા 'ત્રંબકેશ્વર મહાદેવ મંદિરે' લોકમેળામાં ઉમટયા ભક્તજનો

### શ્રાવણ માસના બીજા સોમવારે શ્રધ્ધાળુઓ દ્વારા ભકિતભાવ પૂર્વક પૂજા-અર્ચના કરાઈ



**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**

માણાવદર સ્થિત ઐતિહાસિક અને શ્રદ્ધાના પ્રતીક સમાન 'બે પોઠીયાવાળા' ત્રંબકેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવારના પાવન અવસરે લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રાવણી સોમવારનું વિશેષ મહાત્મ્ય હોવાથી વહેલી સવારથી જ મંદિરના દ્વાર ખુલતાની સાથે જ 'હર હર મહાદેવ' અને 'જય ભોલેનાથ'ના નાદથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. આ ખાસ પ્રસંગે ત્રંબકેશ્વર મહાદેવના શિવલિંગને વિવિધ સુગંધીદાર ફૂલો વડે આકર્ષક અને મનોહર શણગાર કરવામાં આવ્યો હતો.

મેળામાં મોટી સંખ્યામાં માનવ મહેરામણ એકઠો થયો હોવાથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સ્થાનિક પોલીસ તંત્ર દ્વારા પૂર્વ આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર મેળાગ્રાઉન્ડ અને મંદિર પરિસરમાં પોલીસ પોઈન્ટ મૂકીને ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. તંત્રની સતર્કતા અને ટ્રાફિક નિયામનને કારણે કોઈ પણ જાતની અગવડતા વગર શ્રદ્ધાળુઓએ શાંતિપૂર્ણ, સુરક્ષિત અને ઉત્સાહસભર વાતાવરણમાં દર્શન તેમજ મેળાની મજા માણી હતી.

### 'ભારત કો જાનો પ્રશ્ન મંચ' સ્પર્ધામાં

# માણાવદરની આદિત્ય સ્કૂલનો ડંકો: પ્રાથમિક અને માધ્યમિક બંને વિભાગમાં ભવ્ય વિજય



**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**

માણાવદર સ્થિત આદિત્ય સ્કૂલે ફરી એકવાર શિક્ષણ ક્ષેત્રે ગૌરવવંતી સિદ્ધિ હાંસલ કરી છે. ભારત વિકાસ પરિષદ માણાવદર શાખા દ્વારા આયોજિત 'ભારત કો જાનો પ્રશ્નમંચ-૨૦૨૬' સ્પર્ધામાં આદિત્ય સ્કૂલના પ્રાથમિક અને માધ્યમિક બંને વિભાગના વિદ્યાર્થીઓએ શાનદાર દેખાવ કરી પ્રથમ નંબર મેળવ્યો છે.

તાલુકાની આશરે ૪૦ જેટલી શાળાઓના ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. સ્પર્ધા આહીર સમાજ, માણાવદર ખાતે 'કોન બનેગા કરોડપતિ' ની રોમાંચક પદ્ધતિથી ફાઈનલ રાઉન્ડ યોજાયો હતો. જેમાં પ્રાથમિક અને માધ્યમિક વિભાગની અલગ-અલગ સ્પર્ધામાં આદિત્ય સ્કૂલની બંને ટીમો અવ્વલ રહી હતી. હવે આ વિજેતા વિદ્યાર્થીઓ આગામી સમયમાં પ્રાંત કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. પ્રાથમિક વિભાગમાંથી ધોરણ ૮ ના અદોદરીયા હેત અને મોઢવાડિયા વૈદેહી તેમજ માધ્યમિક વિભાગમાંથી ધોરણ ૧૧ ની પાઠક ક્રિશા અને રાઠોડ રીધીએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય ચાંદનીબેન સવસાણીએ સચોટ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# રાણપુર: તહેવારોમાં ફરસાણના ધંધાર્થીઓ અને રેસ્ટોરન્ટમાં સઘન ચેકિંગ

### પુરવઠા અને ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના સંયુક્ત ઉપક્રમે કાર્યવાહી: ૧૦ ડોમેસ્ટિક ગેસ સિલિન્ડર જપ્ત



**અબતક, વિપુલ લુહાર, બોટાદ**

બોટાદ જિલ્લાના રાણપુર શહેરમાં તહેવારોને ધ્યાનમાં રાખીને ખાદ્ય પદાર્થોની દુકાનોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. બોટાદ જિલ્લા પુરવઠા વિભાગ અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા આ સંયુક્ત કાર્યવાહી કરવામાં આવી હતી.આ ચેકિંગ દરમિયાન રાણપુર શહેરની મીઠાઈ, ફરસાણ, નાસ્તા હાઉસ અને રેસ્ટોરન્ટ જેવી ખાણીપીણીની દુકાનોને આવરી લેવામાં આવી હતી. અધિકારીઓએ તેલ, મીઠાઈ, ફરસાણ, ફાસ્ટ ફૂડ અને અન્ય ખાદ્ય પદાર્થોની ગુણવત્તા તપાસી હતી.તપાસ દરમિયાન અખાદ્ય કલરવાળી ચટણી, બળેલું તેલ અને ફૂગ લાગેલા પેંડાનો જથ્થો મળી આવ્યો હતો. આ તમામ અખાદ્ય વસ્તુઓનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.આ ઉપરાંત, ફરસાણ અને ફાસ્ટ ફૂડની દુકાનોમાં તપાસ કરતા ૧૦ જેટલા ડોમેસ્ટિક ગેસ સિલિન્ડર પણ મળી આવ્યા હતા, જે પુરવઠા વિભાગ દ્વારા જપ્ત કરવામાં આવ્યા હતા.જિલ્લા પુરવઠા વિભાગ અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં પણ આ પ્રકારનું ચેકિંગ અને કાર્યવાહી ચાલુ રહેશે.

# સુત્રાપાડાના ઉમરાળા ગામે પૂણ્યાનુમોદન કાર્યક્રમમાં આંબેડકરજીની પ્રતિમા અર્પણ



**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

વેરાવળ તાલુકાના ઉમરાળા ગામના દિવંગત પાલુબેન ગેલાભાઈ પરમાર નો પુણ્યાનુમોદન કાર્યક્રમ તા.૨૪.૦૮.૨૦૨૬ ના રોજ યોજાઈ ગયો આ કાર્યક્રમ માં આંબેડકર વિચાર ધારા ના પ્રચાર માટે ભગવાનભાઈ સોલંકીએ એક વિશેષ અને અર્થપૂર્ણ પરંપરાની શરૂઆત કરી છે. તેમણે તેમના પરિવાર ના એડવોકેટ મેરામણભાઈ પરમાર ને આંબેડકરજીની પ્રતીમાં ભેટ તરીકે અર્પણ કરીને આંબેડકરજીની વિચારધારા ને ફેલાવવાની પ્રશંસનીય પહેલ કરી હતી. ભગવાનભાઈએ કહ્યું કે પુણ્યાનુમોદન જેવા કાર્યક્રમો ફક્ત શ્રદ્ધાંજલિ સુધી મર્યાદિત ન રહે, પરંતુ તેમાંથી સકારાત્મક વિચારો, જાગૃતિ અને આંબેડકર અને બુદ્ધના કરુણા-સંદેશનો પ્રસાર થાય. આ પ્રસંગે તાલાલા તાલુકા ના પૂર્વ પ્રમુખ રામસિંહભાઈ પરમાર તેમજ પરિવારના પ્રતાપભાઈ પરમાર તેમજ ગેલાભાઈ પરમાર વિગેરે સહભાગી થયા હતા.

# બગસરાના એસ.ટી. ડેપોમાં ધાંધિયા: અંબાજીની બસ છ કલાક મોડી ઉપડતા પેસેન્જરો લાલ ઘુમ



**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરા એસટી ડેપો ડેપો મેનેજરની અણ આવડતના કારણે ક્યાંક ને ક્યાંક ચર્ચા નો વિષય બનતી જ રહી છે ત્યારે તાજેતરમાં જ બગસરા એસટી ડેપોમાં સવારના સાત કલાકે બગસરા થી અંબાજી બસ કંડકટર ન આવતા છ કલાક મોડી ઉપાડતા પેસેન્જરોમાં નારાજગી જોવા મળી હતી મળતી માહિતી મુજબ બગસરા એસટી ડેપોમાં ડેપો મેનેજર અણ આવડત અવર નવર સરકાર અને ઉચ્ચ અધિકારીઓ બદનામ થતા હોય છે અગાઉ પણ બગસરા અંબાજી કંડકટરના લીધે ગાડી મોડી ઉપડેલી હતી અવર નવર ઘણીવાર બનાવ બનેલ છે બગસરા અંબાજી આખી ઓનલાઈન બસ બુક કરેલી હોય અને પેસેન્જર ને અંબાજી પહોંચવાનું હોય અને ત્યાં પણ દર્શન માટે સાંજના સમયે પહોંચવાનું હોય ત્યારે આ બસ હવે અડધી રાત્રે પહોંચશે તપાસ કરતા એસટી વિભાગ દ્વારા ડેપો મેનેજર ના અંગત ડ્રાઈવર કંડકટરોને નજીકના રૂટ આપી ફેસીલીટી આપવામાં આવે છે જ્યારે લાંબા રૂટ માંથી કંડકટર ઉતરતા હોય તેને પૂરો રેસ આપવામાં નથી આવતો. આ બાબતને લઈને ડેપ્યુટી સી એમ હર્ષ સંઘવીને પણ લેટર લખી ને જાગૃત નાગરિક દ્વારા ડેપો ની કામગીરી અંગે માહિતગાર કરવામાં આવશે આ બાબતે ડીસી સાહેબ શું પગલા લેશે તે માટે બગસરા ની જાગૃત જનતા દ્વારા રાહ જોવાની રહેશે.

# સુરેન્દ્રનગર: પશુપાલકોની વિવિધ માંગણીઓને લઈ જીલ્લા રજીસ્ટ્રાર કચેરી ખાતે કરાઈ ઉગ્ર રજૂઆત



**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં પશુપાલકોની વિવિધ માંગણીઓને લઈને જીલ્લા રજીસ્ટ્રાર કચેરી ખાતે ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. જેમાં પશુપાલકો દ્વારા આવેદનપત્ર પાઠવી દૂધનો પૂરતો ભાવ આપવા સહિતની વિવિધ માંગણીઓ અંગે રજૂઆત કરવામાં આવી હતી.

જયારે પશુપાલકોની મુખ્ય માંગણીઓમાં દૂધના ભાવમાં વધારો કરવો, દૂધના બોનસ તરીકે ૨૫% રકમ આપવી તેમજ વધતી જતી મોંઘવારીને ધ્યાનમાં રાખીને દૂધના ભાવમાં યોગ્ય વધારો કરવો સહિતની માંગો અંગે રજુઆત કરવામાં આવી હતી. આ ઉપરાંત કરવામાં આવી હતી તેમજ દરેક ડેરી પર ઓનલાઈન ફેટ માપવાનું કોઈપણ મહત્વનો નિર્ણય લેતા પહેલા સભાસદોની યોગ્ય બેઠક બોલાવી ચર્ચા બાદ નિર્ણય લેવામાં આવે તેવી માંગ મશીન મૂકવામાં આવે અને દૂધની ગુણવત્તા તથા ફેટના આધારે પારદર્શક રીતે ભાવ ચૂકવવામાં આવે તેવી પણ માંગ પશુપાલકો દ્વારા કરવામાં આવી હતી. આ તમામ માંગ અંગે તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કે નિર્ણય લેવામાં નહી આવે તો ૧૦ દિવસનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે તેમ છતાંય જો નિર્ધારિત સમયમાં માંગ અંગે ઉકેલ નહીં આવે તો ગાંધી ચીંધ્યા માર્ગે ઉપવાસ આંદોલન સહિતના કાર્યક્રમો આપવાની ચીમકી પણ ઉચ્ચારવામા આવી હતી.

# સોમનાથ: ૧૭૮ યાત્રીઓની આરોગ્ય ચકાસણી દ્વારા કરાઈ શિવભકિત

### મીનાબા જાદવ, જીતુભાઈ કુહાડા અને મિલનભાઈ જોશીના અધ્યક્ષ સ્થાને કેમ્પ યોજાયો



**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

શ્રી સોમનાથ મહાદેવ ના સાનિધ્ય માં પવિત્ર શ્રાવણ ના બીજા સોમવારે પણ સ્વ રણધીર ભાઈ પરમાર સ્વ ઝલુબા રણધીર ભાઈ પરમાર સ્વ પૂનમ બેન સોની સ્વ અરવિંદ ભાઈ પ્રભુદાસ સતીકુંવર પ્રેરિત સ્વ સોની હીરાબેન પ્રભુદાસ સતીકુંવર સેવા ટ્રસ્ટ નાં અધ્યક્ષ મીના બા આર જાદવ વેરાવળ પાટણ સનાતન હિન્દુ સેવા સમાજ ના પ્રમૂખ જીતુભાઈ મોહન ભાઈ કુહાડા અને જોશી કેટરસ ના મિલન ભાઈ જોશી ના સંયુક્ત ઉપક્રમે શ્રાવણ મહિનામાં દર સોમવાર અંતર્ગત સોમનાથ મંદિર દર્શન માટે દેશ વિદેશ થી આવતા યાત્રિકો સિનિયર સિટીઝન વડીલો માટે આરોગ્ય લક્ષ્ય જાગૃતી ચેકઅપ માટે સાંગાણી મલ્ટી સ્પે હોસ્પિટલ કેશોદ ના ડો રાજેશ ભાઈ સાંગાણી ડો જીગર બામણિયા અને આરતી બેન સાંગાણી સોની હીરાબેન પ્રભુદાસ સતીકુંવર સેવા ટ્રસ્ટ અધ્યક્ષ મીના બા આર જાદવ સોની યોગેશ પ્રભુદાસ સતીકુંવર સાથે મળીને લોકહિત સેવા કાર્ય માટે આરોગ્ય લક્ષ્ય જાગૃતી માટે ૧૭૮થી વધુ યાત્રિકો ને આરોગ્ય ની સુવિધાઓ આપવામાં આવી હોવાનું જીતુભાઈ કુહાડા દ્વારા જણાવવામાં આવ્યુ છે.

# સુરેન્દ્રનગર: નિવૃત્ત પેન્શન ધારકોએ નાયબ મુખ્ય દંડકને રાખડી બાંધી કર્યો અનોખો વિરોધ

### નિવૃત્ત પેન્શનધારકોના મૃત્યુ બાદ પરિવારજનોને લાભ મળે તે અંગે રજૂઆત કરાઈ



**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર ખાતે નિવૃત્ત પેન્શનધારકો દ્વારા પોતાની પડતર માંગને લઈને અનોખી રીતે વિરોધ કરી ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. જેમાં પેન્શન ધારકોએ નાયબ મુખ્ય દંડક અને વઢવાણના ધારાસભ્યને રાખડી બાંધી પોતાની માંગ અંગે રજૂઆત કરી હતી.

જ્યારે નિવૃત્ત પેન્શન ધારકોએ ગુજરાત સરકારના નિવૃત્ત પેન્શનધારકના મૃત્યુ બાદ તેમના પરિવારમાં રહેલ અપરણિત, વિધવા, ત્યક્તા તેમજ છૂટાછેડા લીધેલ દીકરીઓને પણ પેન્શન યોજનાનો લાભ આપવામાં આવે તેવી માંગ કરી હતી. કેન્દ્ર સરકાર દ્વારા આ પ્રકારની યોજના અમલમાં મૂકવામાં આવી છે પરંતુ રાજ્ય સરકાર દ્વારા હજુ સુધી આ અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. રાજ્યમાં અંદાજે ૫૬૦ જેટલા કેસોની ફાઈલો સરકાર સમક્ષ પડતર હોવાનું પણ જણાવ્યું હતું. જયારે સરકાર દ્વારા નિર્ણય લેવામાં નહી આવતા મૃતક પેન્શનધારકોના પરિવારજનોને યોજનાનો લાભ નહી મળતા હાલાકી ભોગવવાનો વારો આવી રહ્યો છે. આથી રાજ્ય સરકાર દ્વારા તાત્કાલિક નિર્ણય લઈ મળવા પાત્ર દીકરીઓને પેન્શનનો લાભ આપવામાં આવે તેવી માંગ સાથે નાયબ મુખ્ય દંડકને રાખડી બાંધી રજૂઆત કરવામાં આવી હતી.

# માણાવદર: સણોસરા અનસુયા ગૌધામ ખાતે સતચંડી મહાયજ્ઞની પૂર્ણાહુતિ



**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**

સાંપ્રત સમયમાં સમગ્ર વિશ્વમાં સુખ, શાંતિ, અને સદ્ભાવનાનો દિવ્ય પ્રસાર થાય તેવા પરમ કલ્યાણકારી હેતુ સાથે માણાવદર તાલુકાના સણોસરા ગામે અનસૂયા ગૌધામ ખાતે ત્રિ દિવસીય 'સતચંડી યજ્ઞ' આજે ભાવપૂર્વક અને ધામધૂમથી સંપન્ન થયો છે.

ત્રણ દિવસ સુધી સતત ચાલેલા આ અનુષ્ઠાનના અંતિમ દિવસે હિતેનભાઈ શેઠ, વિજયભાઈ શેઠ, હરેશભાઈ શેઠ અને શેઠ પરિવારે બ્રાહ્મણોની નિશ્રામાં યજ્ઞની વિધિવત મહાપૂર્ણાહુતિ કરી હતી. આ પ્રસંગે માં ભગવતી જગદંબા સમસ્ત માનવજાત પર પોતાના અવિરત આશીર્વાદ વરસાવતી રહે તેવી ભાવભરી પ્રાર્થના કરી હતી. યજ્ઞના છેલ્લા દિવસે માણાવદર મામલતદાર મહેશભાઈ શુકલ અને માણાવદર પીએસઆઈ ડી.કે. ઝાલાએ પણ યજ્ઞમાં આહુતિ આપી હતી.

# ચોટીલા ડેપો દ્વારા નવી બસ સેવાનો પ્રારંભ


### ચોટીલા-મોરબી, મોરબી-રાજકોટ અને રાજકોટ-દુધઈ રૂટ પર બસ દોડશે



**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**

રાજકોટ વિભાગના ચોટીલા ડેપો દ્વારા મુસાફરોની સુવિધામાં વધારો થાય તે હેતુથી નવા બસ શિડ્યુલનો પ્રારંભ કરવામાં આવ્યો છે. નવા શિડ્યુલ અંતર્ગત ચોટીલા, મોરબી, રાજકોટ અને દુધઈને જોડતી બસ સેવા શરૂ કરવામાં આવી છે. ચોટીલાથી મોરબી બસ બપોરે ૧:૦૦ વાગ્યે ઉપડશે અને વાંકાનેર થઈ મોરબી પહોંચશે. ત્યારબાદ મોરબીથી રાજકોટ માટે બસ બપોરે ૩:૩૫ વાગ્યે ઉપડશે. રાજકોટથી દુધઈ માટે બસ સાંજે ૬:૪૫ વાગ્યે ઉપડશે અને ચોટીલા, થાન, દેવપરા, વગડીયા, ખાખરાળા તથા પલાસા થઈ દુધઈ પહોંચશે, જ્યાં રાત્રિ રોકાણ રહેશે. બીજા દિવસે સવારે દુધઈથી રાજકોટ માટે બસ ૫:૪૫ વાગ્યે ઉપડશે. રાજકોટથી દુધઈ માટે બસ સવારે ૮:૩૬ વાગ્યે તથા દુધઈથી ચોટીલા માટે બસ સવારે ૧૧:૧૦ વાગ્યે ઉપડશે. નવા શિડ્યુલના કારણે ચોટીલા સહિત આસપાસના વિસ્તારોના મુસાફરોને મોરબી, રાજકોટ અને દુધઈ તરફ અવરજવર માટે વધુ સુવિધા મળશે.

# અમરેલી: સ્ટેટ કો.ઓપરેટિવ એગ્રીકલ્ચર બેંકમાં ડિરેક્ટરોની બિનહરીફ નિમણુંક



**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

રાજુલાના યુવા આગેવાનો અરજણભાઈ વાઘ, ટપુભાઈ રામ, મહેશભાઈ ધાખડા, અને કનુભાઈ ધાખડાની બિન હરીફ નિમણૂક થયેલ છે. જેમાં અરજણભાઈ વાઘ અને મહેશભાઈ ધ્રાખડા ની ડિરેક્ટર પદે અને ટપુભાઈ રામ અને કનુભાઈ ધાખડાની જિલ્લા પ્રતિનિધિ તરીકે બિનહરીફ નિમણૂક થતા રાજુલામાં આનંદની લાગણી પ્રસરી હતી તેમજ યુવા આગેવાનોની નિમણૂક થતા ખેડૂતોના અને લોકોના કામો ઝડપથી થશે આ નિમણૂકને સર્વે સમાજ દ્વારા વધારવામાં આવેલ છે.

# અમરેલી જિલ્લામાં ૧ થી ૧૪ સપ્ટેમ્બર સુધી થશે સાક્ષરતા પખવાડિયાની ઉજવણી

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લામાં 'નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ'ને વધુ અસરકારક રીતે અમલમાં મૂકવા જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને જિલ્લા સાક્ષરતા મિશન સત્તામંડળની બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લામાં સાક્ષરતા વધારવા માટેની વિવિધ કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

જિલ્લામાં ૧૫થી ૬૦ વર્ષની વયજૂથના નિરક્ષરોનો સર્વે હાથ ધરી સાક્ષરતાની જરૂરિયાત ધરાવતા ગામો ઓળખી ત્યાં તબક્કાવાર સાક્ષરતા વર્ગો શરૂ કરવા શિક્ષણ વિભાગને સૂચના આપવામાં આવી હતી.

આ ઉપરાંત ૧ થી ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન અમરેલી જિલ્લાના તમામ શાળા-કોલેજોમાં 'સાક્ષરતા પખવાડિયા'ની ઉજવણી કરવામાં આવશે. બેઠકમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મિયાણી, જિલ્લા નિરંતર શિક્ષણાધિકારી સોલંકી સહિત શિક્ષણ વિભાગના અધિકારીઓ અને સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# બીજી ટેસ્ટમાં ભારત ડ્રાઈવીંગ સીટ પર: શ્રીલંકાનો સંઘર્ષ જારી

## ત્રીજા દિવસે શ્રીલંકાના બેટ્સમેનોને ભારતીય પેસર અને સ્પિનરો સામે આકરી કસોટીનો સામનો કરવો પડશે: પ્રસિદ્ધને બે અને માનવ સુથારને એક વિકેટ મળી

### ધ્રુવ જુરેલની શાનદાર સદી



ટીમ ઈન્ડિયાના યુવા બેટ્સમેન ધ્રુવ જુરેલે કોલંબો ટેસ્ટની પહેલી ઈનિંગમાં શાનદાર સદી ફટકારી ઈતિહાસ રચ્યો હતો. જુરેલની સદી ઐતિહાસિક છે કારણ કે તે શ્રીલંકાની ધરતી પર ભારતીય વિકેટકીપર દ્વારા પહેલી ટેસ્ટ સદી છે. અગાઉ શ્રીલંકામાં ભારતીય વિકેટકીપરનો શ્રેષ્ઠ સ્કોર ૭૬ રન હતો જે ધોનીના નામે છે.ધ્રુવ જુરેલે સાતમા નંબર પર બેટિંગ કરતા સદી ફટકારી હતી અને તે આ બેટિંગ ક્રમ પર શ્રીલંકામાં ટેસ્ટમાં સદી પૂરી કરનાર પ્રથમ ભારતીય બન્યો હતો. ધ્રુવ જુરેલે ૧૭૧ બોલમાં પોતાની સદી પૂરી કરી હતી.ધ્રુવ જુરેલ વિદેશમાં નંબર ૭ પર બેટિંગ કરીને સદી ફટકારનાર માત્ર સાતમો ભારતીય બેટ્સમેન છે. કપિલ દેવ અને રિષભ પંતે બે વાર આ સિદ્ધિ મેળવી છે. જુરેલે તેની કારકિર્દીમાં પહેલી વાર આ સિદ્ધિ મેળવી હતી. જાડેજાએ છેલ્લી વખત ૨૦૨૨ માં નંબર ૭ પર બેટિંગ કરીને વિદેશમાં સદી ફટકારી હતી.

**અબતક, રાજકોટ**

ભારત અને શ્રીલંકા વચ્ચેની બીજી અને અંતિમ ટેસ્ટનો ત્રીજો દિવસ છે. મેચ હાલમાં ભારતની પકડમાં હોય તેવું લાગે છે. શ્રીલંકા તેની બીજી ઈનિંગમાં સંઘર્ષ કરી રહ્યું છે. શ્રીલંકાની ટીમ ગઈકાલના ૮/૨ ના સ્કોરથી ફરી રમત શરૂ કરી અને ભારતથી ૪૯૫ રન પાછળ છે.ભારતે બીજા દિવસે ૫૦૩/૯ ના વિશાળ સ્કોર સાથે પોતાનો પહેલો દાવ જાહેર કર્યો. દેવદત્ત પડિકલ અને ધ્રુવ જુરેલની શાનદાર સદીઓ વિના આ સ્કોર શક્ય ન હોત. વિકેટકીપર-બેટ્સમેન ઋષભ પંત (૬૩) અને કેપ્ટન શુભમન ગિલ (૫૦) એ પણ અડધી સદી ફટકારી.વિશાળ સ્કોર બનાવ્યા છે. ત્યારે ૮ ઓવરમાં શ્રીલંકાનો સ્કોર ત્રણ વિકેટે ૫૦ ને પાર થયો છે. પસિંદુ સુરિયાબંદરા અને કમિંડુ ક્રીઝ પર છે.




ભારતે મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ કૃષ્ણા સાથે પોતાના આક્રમણની શરૂઆત કરી છે. શ્રીલંકાને અહીંથી મોટી ભાગીદારીની ખૂબ જરૂર છે. જો ભારત વિકેટ લેવામાં સફળ થાય છે, તો મુલાકાતી ટીમ ભારે મુશ્કેલીમાં મુકાઈ શકે છે.

સિંહાલીઝ સ્પોર્ટ્સ ક્લબ પાસે ભારત માટે સારા સમાચાર છે. પિચ રિપોર્ટ સૂચવે છે કે આજે બોલ ટર્ન થશે. શ્રીલંકાના બેટ્સમેનોને ભારતીય સ્પિનરો સામે આકરી કસોટીનો સામનો કરવો પડશે. ખાસ કરીને માનવ સુથાર બેટ્સમેનોને મુશ્કેલીમાં મૂકી શકે છે.

શ્રીલંકા માટે ભારતના કુલ સ્કોરને વટાવવો સરળ રહેશે નહીં. તે પર્વત ચઢવાનો લાગે છે.

શ્રીલંકાના બેટ્સમેન શક્ય તેટલા આ સ્કોરની નજીક પહોંચવાનો પ્રયાસ કરશે. આજે તેઓ આ લક્ષ્ય માટે લક્ષ્ય રાખશે.

# સોમનાથમાં શ્રાવણના બીજા સોમવારે ભક્તોના ઘોડાપૂર : ૧.૩૬ લાખ ભાવિકોએ કર્યા મહાદેવના દર્શન

## મંદિરના દ્વાર ખુલ્યેથી સાંજની આરતી સુધી સતત ભક્તોની ભારે ભીડ; 'હર હર મહાદેવ'ના જયઘોષથી ગુંજી ઉઠ્યું સોમનાથ ધામ

**અબતક અતુલ કોટેચા સોમનાથ**

પવિત્ર શ્રાવણ માસના દ્વિતીય સોમવારે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના દર્શન માટે ભક્તોની ભારે ભીડ ઉમટી પડી હતી. વહેલી સવારથી જ સોમનાથ ધામમાં દેશના વિવિધ વિસ્તારોમાંથી આવેલા શ્રદ્ધાળુઓનો પ્રવાહ જોવા મળ્યો હતો. મંદિરના દ્વાર ખુલ્યેથી સાંજની આરતી સુધીમાં ૧.૩૬ લાખ ભાવિકોએ સોમનાથ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

શ્રાવણ માસ ભગવાન શિવની આરાધના માટે વિશેષ પવિત્ર માનવામાં આવે છે. તેમાં પણ સોમવારના દિવસે સોમનાથ મહાદેવના દર્શનનું વિશેષ ધાર્મિક મહત્ત્વ હોવાથી વહેલી સવારથી જ મંદિર પરિસરમાં ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી. ભક્તોએ શ્રદ્ધાપૂર્વક ભગવાન સોમનાથના દર્શન કરી પૂજા-અર્ચના કરી હતી. સમગ્ર મંદિર પરિસર અને પ્રભાસપાટણનો વિસ્તાર 'હર હર મહાદેવ' અને 'જય સોમનાથ'ના જયઘોષથી ગુંજી ઉઠ્યો હતો.





સોમનાથ મહાદેવના દર્શન માટે આવેલા ભાવિકોમાં મોટી સંખ્યામાં પરિવાર સાથે આવેલા શ્રદ્ધાળુઓ ઉપરાંત ગુજરાતના વિવિધ શહેરો તેમજ અન્ય રાજ્યોમાંથી આવેલા યાત્રાળુઓનો પણ સમાવેશ થતો હતો. ભક્તોએ ભગવાન ભોળાનાથના દર્શન કરી જળાભિષેક સહિતની ધાર્મિક વિધિઓમાં ભાગ લીધો હતો અને પોતાના પરિવારના સુખ-સમૃદ્ધિ તથા આરોગ્ય માટે પ્રાર્થના કરી હતી.

શ્રાવણના બીજા સોમવારને લઈને સોમનાથ મંદિર ટ્રસ્ટ અને વહીવટીતંત્ર દ્વારા યાત્રાળુઓની સુવિધા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં ભક્તો ઉમટતા હોવાથી દર્શન વ્યવસ્થા, કતાર વ્યવસ્થા, ભીડ નિયંત્રણ અને સુરક્ષા સહિતની વ્યવસ્થાઓ પર સતત નજર રાખવામાં આવી હતી. ભક્તોને કોઈ મુશ્કેલી ન પડે અને સૌ સરળતાથી સોમનાથ મહાદેવના દર્શન કરી શકે તે માટે જરૂરી આયોજન કરવામાં આવ્યું હતું.

મંદિરના દ્વાર ખુલ્યા બાદથી જ ભક્તોનો પ્રવાહ સતત વધતો રહ્યો હતો. દિવસ દરમિયાન ભક્તોની સંખ્યામાં વધારો થતાં સોમનાથ ધામમાં આસ્થાનું વિશાળ માનવમહેરામણ જોવા મળ્યું હતું. સાંજની આરતી સુધીમાં ૧.૩૬ લાખ શ્રદ્ધાળુઓએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા.

# તમારા બાથરૂમ લીકેજ માટે જવાબદાર કોણ?

## ફ્લેટમાં પાણી ટપકવાની સમસ્યા પર કો-ઓપરેટિવ કોર્ટનો ચુકાદો: સોસાયટી મેનેજમેન્ટ સામેની અરજી ફગાવીને વ્યક્તિગત જવાબદારી નક્કી કરાઈ

**અબતક મુંબઈ**

બહુમાળી ઈમારતો અને ફ્લેટ્સમાં છત કે દીવાલમાંથી પાણી ટપકવું (સીપેજ) એ રહીશો વચ્ચેના મોટા વિવાદોનું મુખ્ય કારણ બનતું હોય છે. ઉપરના માળના બાથરૂમ કે ફ્લેટમાંથી થતા લીકેજના રિપેરિંગનો ખર્ચ કોણે ભોગવવો- હાઉસિંગ સોસાયટીએ કે જે-તે ફ્લેટના માલિકે? આ મામલે મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ કોર્ટે સ્પષ્ટતા કરતાં ચુકાદો આપ્યો છે કે વ્યક્તિગત ફ્લેટની અંદર રહેલી આંતરિક પાઈપલાઈનના નુકસાન કે સીપેજ માટે હાઉસિંગ સોસાયટીને જવાબદાર ઠેરવી શકાય નહીં; આ સંપૂર્ણપણે જે-તે ફ્લેટધારકની અંગત જવાબદારી છે.

મીરા રોડ ખાતે બનેલી ઘટના અને વિવાદનું મૂળ: નીચેની દુકાનમાં સતત પાણી પડવા છતાં




પાડોશીએ સમારકામ ન કરાવતાં મામલો કોર્ટ સુધી પહોંચ્યોથાણે જિલ્લાના મીરા રોડ સ્થિત એક કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીમાં ગ્રાઉન્ડ ફ્લોર પર દુકાન ધરાવતા સભ્યની છત પર ઉપરના ફ્લેટના બાથરૂમમાંથી સતત પાણી ટપકતું હતું, જેના કારણે મોટું નુકસાન થઈ રહ્યું હતું.ઉપરના ફ્લેટ માલિકે સમારકામ કરાવવાની ના પાડતાં, દુકાનદારે હાઉસિંગ સોસાયટી સામે કાયદાકીય પગલાં લીધાં અને સોસાયટી પોતાના ખર્ચે રિપેરિંગ કરાવી આપે તેવી માંગ કરી.કોર્ટે સોસાયટી સામેની આ અરજી ફગાવી દીધી અને સ્પષ્ટ કર્યું કે સોસાયટીના નિયમો મુજબ ફ્લેટની અંદરનું કન્સિલ્ડ પ્લમ્બિંગ એ સોસાયટીના અધિકારક્ષેત્રમાં આવતું નથી.

સોસાયટીના બાય-લોઝ હેઠળ સોસાયટી મેનેજમેન્ટ સંબંધિત ફ્લેટ માલિકને નિયત સમયમર્યાદામાં સમારકામ પૂર્ણ કરવા સત્તાવાર નોટિસ આપી શકે છે સીપેજનું ચોક્કસ કારણ સાબિત કરવા માટે સર્ટિફાઈડ પ્લમ્બર કે આર્કિટેક્ટ પાસે ટેકનિકલ ઈન્સ્પેક્શન કરાવી તેનો વિગતવાર રિપોર્ટ અને ફોટોગ્રાફ્સ તૈયાર રાખવા જરૂરી છે.જો પાડોશી સમારકામમાં સહકાર ન આપે, તો પીડિત સભ્ય નિયમાનુસાર રિપેરિંગ કરાવીને થયેલા ખર્ચની રકમ કાયદેસર પ્રક્રિયા દ્વારા પાડોશી પાસેથી વસૂલ કરી શકે છે.જો લીકેજને કારણે ઘરનું ફર્નિચર, ઈલેક્ટ્રિકલ વાયરિંગ કે દીવાલોને કાયમી નુકસાન થયું હોય, તો નુકસાનીના વળતર અને માનસિક ત્રાસ બદલ સિવિલ કોર્ટમાં દાવો દાખલ કરી શકાય છે.

# બેંકના લોકરની વસ્તુની નુકશાનીમાં વળતર કેટલું?

## લોકરમાં કરોડોની કિંમતનો સામાન હોય તો પણ બેંકની વળતરની જવાબદારી મર્યાદિત

**અબતક રાજકોટ:**

સામાન્ય રીતે ગ્રાહકો સોનું, કિંમતી ઘરેણાં કે અગત્યના દસ્તાવેજો સુરક્ષિત રાખવા માટે બેંક લોકર પર પૂરો ભરોસો મૂકતા હોય છે. પરંતુ મોટાભાગના ગ્રાહકો એ બાબતથી અજાણ હોય છે કે લોકરની અંદર તમે શું મુકેલું છે તેનો બેંક પાસે કોઈ હિસાબ કે રેકોર્ડ હોતો નથી. તાજેતરમાં ફાઈનાન્શિયલ એજ્યુકેટર અને સેબી-રજિસ્ટર્ડ વિશ્લેષક મોસમ નાગપાલે આરબીઆઈના લોકર સંબંધી નિયમો અને બેંકની મર્યાદિત જવાબદારી અંગે વિગતવાર માહિતી આપી છે.આરબીઆઈના સુધારેલા નિયમો અનુસાર, જો બેંકની બેદરકારી, આગ, ચોરી, ઘરફોડી, ધાડ કે બિલ્ડિંગ ધરાશાયી થવા જેવી ઘટનાઓને કારણે લોકરના સામાનને નુકસાન થાય, તો બેંકની જવાબદારી માત્ર લોકરના વાર્ષિક ભાડાના ૧૦૦ ગણા સુધી જ મર્યાદિત રહેશે. ઉદાહરણ તરીકે, જો તમારા લોકરનું વર્ષનું ભાડું ₹૨,૦૦૦ હોય, તો ચોરીના કિસ્સામાં બેંક તમને વધુમાં વધુ ₹૨ લાખ (૨,૦૦૦ સ ૧૦૦)નું જ વળતર આપશે. તમારા લોકરમાં ₹૨૦ લાખનું સોનું હોય કે ₹૧ કરોડના મિલકતના કાગળો હોય, બેંકની જવાબદારી સામાનની વાસ્તવિક કિંમત પર નહીં પરંતુ માત્ર તેના વાર્ષિક ભાડા પર જ નક્કી થાય છે.આ ઉપરાંત, આરબીઆઈ એ સ્પષ્ટ કરે છે કે બેંક ખાતા કે એફડીની જેમ લોકરમાં મુકેલા સામાનની કોઈ યાદી કે ઈન્વેન્ટરી બેંક બનાવતી નથી. સૌથી મહત્વની વાત એ છે કે ૧૦૦ ગણા વળતરનો આ નિયમ ભૂકંપ, પૂર, વાવાઝોડું કે વીજળી પડવી જેવી કુદરતી આપત્તિઓ વખતે લાગુ પડતો નથી. જો કુદરતી હોનારત કે ગ્રાહકની પોતાની ભૂલથી સામાન નાશ પામે, તો બેંક કોઈપણ પ્રકારનું વળતર ચૂકવવા બંધાયેલી નથી.આરબીઆઈના નિયમ મુજબ બેંકો ગ્રાહકોને સીધો કે આડકતરી રીતે લોકર ઈન્સ્યોરન્સ વેચી શકતી નથી. તેથી નાગપાલ સલાહ આપે છે કે લોકર લેતા પહેલાં તેનું એગ્રીમેન્ટ ધ્યાનથી વાંચવું જોઈએ. જો લોકરમાં મોંઘા દાગીના કે અગત્યના કાગળો હોય, તો માત્ર બેંક લોકરના ભરોસે રહેવાને બદલે ગ્રાહકોએ જાતે બહારથી ખાનગી ઈન્સ્યોરન્સ કંપનીઓ પાસેથી દાગીના અને કિંમતી વસ્તુઓનો અલગથી વીમો લઈ લેવો જોઈએ.

# ભાણવડ: પી.જી.વી.સી.એલ.ના કર્મનિષ્ઠ કર્મચારી અરજણભાઈને અપાઈ ભાવભીની વિદાય

**અબતક, આનંદ પોપટ, ભાણવડ**



ભાણવડ ખાતે પીજીવીસીએલ કચેરીમાં નિષ્ઠા અને પ્રમાણીકતાથી ફરજ બજાવી વય મર્યાદાનાં કારણે નિવૃત થયેલા કર્મચારી અરજણભાઈ ગાગલીયાનો વિદાય સમારોહ યોજાયો હતો. આ તકે પી.જી.વી.સી.એલ. કચેરીનાં પટાંણમાં વૃક્ષારોપણ થયું હતુ. કાર્યક્રમમાં સાંસદ પૂનમબેન માડમ, ધારાસભ્ય મુળુભાઈ બેરા સહિત મહાનુભાવોએ હાજર રહી નિવૃત કર્મચારીની નિષ્ઠાને બીરદાવી હતી.

અત્રે નવનિર્મિત જલારામ વાડી ખાતે યોજાયેલા કાર્યક્રમનાં પ્રારંભમાં દીપ પ્રાગટય થયું હતુ. બાદ ધારાસભ્ય મુળુભાઈ બેરાએ પ્રવચનમાં નિવૃત કર્મચારી અરજણભાઈ ગાગલીયાની ફરજને બીરદાવી હતી.વિદાય લઈ રહેલા કર્મચારી અરજણભાઈ ગાગલીયાએ કહ્યું કે તેમની પોસ્ટમાં જયાં સુધી અન્ય કર્મચારીની નિમણુંક નહી થાય ત્યાં સુધી તેઓ પોતે કચેરીમાં વિનામૂલ્યે ફરજ બજાવશે તેવી જાહેરાત કરતા ઉપસ્થિતોમાં તાળીઓ ગુંજી હતી. સાંસદ પુનમબેન માડમ, જામજોધપુરનાં ધારાસભ્ય હેમંતભાઈ ખવા, જામનગર આહિર સમાજના અગ્રણી તેમજ પીજીવીસીએલના અધિકારીઓ કર્મચારીઓ, ગામના આગેવાનો હાજર હતા.

# સોમનાથ: જમદગ્નેશ્વર મહાદેવને બાબા અમરનાથ શિવાલયનો અલૌકિક શણગાર



**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

સોમનાથ પ્રભાસ પાટણના પુરાણ પ્રસિદ્ધ જમદગ્નેશ્વર મહાદેવને સોમવારે બાબા અમરનાથ શિવાલયનો દિવ્ય અલૌકિક શણગાર કરાયો પ્રભાસ એટલે સર્વત્ર તમોને શિવના મંદિરો નજરે ચઢે પ્રભાસ પાટણના દરજી વાળા ચોકમાં આવેલું પાવનકારી જમદગ્નેશ્વર મહાદેવનું મંદિર શિવ ઉપાસકોની આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર છે ભગવાન પરશુરામ ના પિતા જમદગ્નેશ્વર ઋષિએ પ્રભાસ ક્ષેત્રમાં ભગવાન શિવજીની તપસ્યા કરી હતી એટલે આ શિવાલય જમદગ્નેશ્વર મહાદેવના નામથી જ આપી તેને પ્રસિદ્ધ થયું સ્કંદપુરાણ ના પ્રભાસ ખંડમાં આ શિવાલય નો ઉલ્લેખ છે શાસ્ત્ર ઉલ્લેખ પ્રમાણે ભગવાન પરશુરામ પણ પિતાની આજ્ઞાથી શિવજીની ઉપાસના કરી હતી અને સ્થાપના કરી હતી જેની યાદમાં પ્રભાસતીર્થમાં પરશુરામ તપોભૂમિ મંદિર પણ છે .

# ધોરાજીના પૌરાણિક જાળેશ્વર મહાદેવ મંદિરે ખાતે બીજા સોમવારે સાત ધાનનો દિવ્ય શણગાર

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

શ્રાવણ માસના પવિત્ર પર્વ નિમિત્તે ધોરાજીના અતિ પૌરાણિક અને ધોરાજીનું સૌપ્રથમ શિવલિંગ તરીકે ઓળખાતા જાળેશ્વર મહાદેવ મંદિરે ભક્તિમય માહોલ જોવા મળી રહ્યો છે.

શ્રાવણ માસ દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અહીં દર્શન, પૂજા, આરતી, અર્ચના તથા અભિષેક માટે ઉમટી રહ્યા છે.

શ્રી જાળેશ્વર મહાદેવ મંદિર સાથે જોડાયેલી લોકવાયકા મુજબ ધોરાજી તાલુકાના ભાદા જાળિયા ગામના એક કૂવામાંથી આ પવિત્ર શિવલિંગ મળી આવ્યું હતું. વેગળ પરિવાર દ્વારા આ શિવલિંગ પ્રત્યે વિશેષ શ્રદ્ધા રાખવામાં આવે છે. પરિવારના વડીલો દ્વારા શિવલિંગને ધોરાજીમાં સ્થાપિત કરવાની ઈચ્છા વ્યક્ત કરવામાં આવી હતી. તે સમયે શિવલિંગ લઈ જવાની પરવાનગી



મળ્યા બાદ જાળેશ્વર મહાદેવ ભગવાન મહાદેવને પ્રાર્થના કરી શિવલિંગને ત્યાંથી ઉપાડી ધોરાજી લાવવામાં આવ્યું અને ધોરાજીના મેઈન બજાર વિસ્તારમાંજાળેશ્વર મહાદેવ મહાદેવની સ્થાપના કરવામાં આવી હોવાનું જણાવાય છે.

શ્રાવણ માસ દરમિયાન મંદિરે વિશેષ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. તેરસના દિવસે વિશેષ રુદ્રાભિષેક યોજાય છે, જ્યારે અન્ય દિવસોમાં પણ નિયમિત રીતે પૂજા-અર્ચના અને આરતી કરવામાં આવે છે. શ્રાવણ માસ નિમિત્તે પૂજારી દીપકભાઈ દ્વારા અખંડ દીવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# દ્વારકામાં જન્માષ્ટમીએ ૭ લાખ શ્રદ્ધાળુઓ કાનાને લાડ લડાવશે

## ૫ દિવસનો મહોત્સવ માં દ્વારકાધીશ મંદિરના દર્શન માટે ૬૦૦ મીટરથી વધુ બેરિકેડિંગ, ૪૦૦ પોલીસકર્મી અને ૭૦ સીસીટીવીથી ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા

### વર્ષ વાઈઝ યાત્રાળુઓના આંકડા

પાંચ વર્ષમાં જન્માષ્ટમી દરમિયાન યાત્રાળુઓની સંખ્યામાં મોટો ફેરફાર

- ૨૦૨૨ : ૫.૧૭ લાખ
- ૨૦૨૩ : ૪.૮૩ લાખ
- ૨૦૨૪ : ૨.૬૬ લાખ
- ૨૦૨૫ : ૬.૬૬ લાખ
- ૨૦૨૬ : આશરે ૭ લાખની સંભાવના

વર્ષ ૨૦૨૪માં ભારે વરસાદના કારણે યાત્રાળુઓની સંખ્યા ઘટીને ૨.૬૬ લાખ રહી હતી. ત્યારબાદ ૨૦૨૫માં ફરી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દ્વારકા પહોંચ્યા હતા. ચાલુ વર્ષે વહીવટીતંત્રને આ સંખ્યા લગભગ ૭ લાખ સુધી પહોંચવાની અપેક્ષા છે.

**અબતક, રાજકોટ**

દેવભૂમિ દ્વારકા ભગવાન શ્રીકૃષ્ણની પાવન નગરી દ્વારકા જન્માષ્ટમીના પાંચ દિવસીય મહોત્સવમાં લાખો શ્રદ્ધાળુઓના સ્વાગત માટે સજ્જ થઈ રહી છે. આ વર્ષે ૪ સપ્ટેમ્બરના જન્માષ્ટમીના મુખ્ય દિવસે સૌથી વધુ ભીડ થવાની શકયતા છે. જિલ્લા વહીવટીતંત્રના અંદાજ મુજબ પાંચ દિવસ દરમિયાન આશરે ૭ લાખ શ્રદ્ધાળુઓ દ્વારકાધામ પહોંચે તેવી સંભાવના છે. ગયા વર્ષે પાંચ દિવસીય જન્માષ્ટમી ઉજવણી દરમિયાન ૬.૬૬ લાખ શ્રદ્ધાળુઓએ દ્વારકાની મુલાકાત લીધી હતી. ચાલુ વર્ષે આ સંખ્યા વધીને લગભગ ૭ લાખ થવાની ધારણા છે.યાત્રાળુઓની સંખ્યામાં વર્ષોવર્ષ જોવા મળતા વધારાને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્ર દ્વારા ભીડ વ્યવસ્થાપન, સુરક્ષા, તબીબી સુવિધા, કટોકટી પ્રતિભાવ, યાત્રાળુ સુવિધાઓ અને વીજ પુરવઠા સહિતની વ્યાપક તૈયારીઓ કરવામાં આવી છે. સુધારેલી કનેક્ટિવિટી તથા પ્રવાસન માળખાના વિકાસને કારણે પણ દ્વારકામાં પ્રવાસીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

ભકતોની સુવિધા માટે ૩,૫૦૦ ચોરસ ફૂટના ગુંબજમાં સુરક્ષિત સામાન અને ફૂટવેર કાઉન્ટરની વ્યવસ્થા કરવામાં આવશે. પોલીસની દેખરેખ હેઠળ આશરે ૪૦ કર્મચારીઓ અને સ્વયંસેવકો આ સુવિધાનું સંચાલન કરશે.દર્શનની કતારમાં રાહ જોઈ રહેલા ભકતોને જીવંત દર્શન મળી રહે તે માટે વિવિધ સ્થળોએ ૬થી ૮ એલઈડી સ્ક્રીન લગાવવામાં આવશે. મંદિરની સત્તાવાર વેબસાઈટ પરથી પણ જીવંત દર્શનનું ઓનલાઈન પ્રસારણ કરવામાં આવશે.યાત્રાળુઓને મદદરૂપ થવા માટે ત્રણ માહિતી કેન્દ્રો શરૂ કરવામાં આવશે. અહીં ખોવાયેલ-મળેલ સામાન અંગેની ફરિયાદો, ભોજન અને પરિવહનની માહિતી તેમજ કટોકટીના સંપર્ક અંગે માર્ગદર્શન આપવામાં આવશે.

### ૩ તબીબી કેન્દ્રોમાં ૧૬ તબીબી કર્મચારીઓ, ૩ એમ્બ્યુલન્સ તૈનાત


લાખોની સંખ્યામાં ભકતો ઉમટવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને તબીબી અને કટોકટી સેવાઓને પણ મજબૂત બનાવવામાં આવી છે. તબીબી અને કટોકટી સંકુલમાં ૧૬ તબીબી કર્મચારીઓ દ્વારા સંચાલિત ૩ તબીબી કેન્દ્રો કાર્યરત રહેશે.ખાનગી હોસ્પિટલો સાથે સંકલન કરીને વિશેષ આરોગ્ય શિબિરનું આયોજન કરવામાં આવશે. કટોકટીની સ્થિતિમાં તાત્કાલિક સારવાર અને સ્થળાંતર માટે ૩ એમ્બ્યુલન્સ તૈનાત રહેશે. જરૂરિયાતમંદ દર્દીઓને હોસ્પિટલ સુધી ઝડપથી પહોંચાડી શકાય તે માટે સમર્પિત કટોકટી માર્ગો ખુલ્લા રાખવામાં આવશે.

### સુદર્શન સેતુથી બેટ દ્વારકા પહોંચવું સરળ

ઓખાને બેટ દ્વારકા સાથે જોડતો સુદર્શન સેતુ યાત્રાળુઓ માટે મહત્વપૂર્ણ સુવિધા બની રહ્યો છે. અગાઉ બેટ દ્વારકા પહોંચવા માટે હોડીઓનો આધાર લેવો પડતો હતો, જ્યારે હવે પુલના કારણે શ્રદ્ધાળુઓ પોતાના ખાનગી વાહનોમાં પણ બેટ દ્વારકા પહોંચી શકે છે. બીજી તરફ શિવરાજપુર બીચના પ્રવાસન સ્થળ તરીકે થયેલા વિકાસને કારણે પણ દ્વારકા વિસ્તારમાં પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે.દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર આર.એમ. તન્નાના જણાવ્યા મુજબ ભકતો સરળતાથી ભગવાન દ્વારકાધીશના દર્શન કરી શકે તે માટે તમામ જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. લાખો યાત્રાળુઓને ધ્યાનમાં રાખીને ભીડ વ્યવસ્થાપન, કટોકટીનો સામનો, તબીબી સુવિધા અને અન્ય યાત્રાળુ સુવિધાઓ માટે નવી માળખાગત વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે.

### કીર્તિ સ્તંભથી સ્વર્ગ દ્વાર થઈ ગર્ભગૃહ સુધી વ્યવસ્થિત દર્શન માર્ગ

ભકતોની ભીડને નિયંત્રિત કરવા માટે કીર્તિ સ્તંભથી ૫૬ પગથિયાં ધરાવતા સ્વર્ગ દ્વાર પ્રવેશદ્વાર મારફતે મુખ્ય ગર્ભગૃહ સુધી વ્યવસ્થિત દર્શન માર્ગ તૈયાર કરવામાં આવશે. દર્શન બાદ ભક્તો મોક્ષ દ્વાર મારફતે બહાર નીકળશે.કતારોને નિયંત્રિત કરવા અને ભક્તોનો પ્રવાહ મંદિરની ક્ષમતા મુજબ જળવાઈ રહે તે માટે ૬૦૦ મીટરથી વધુ ભારે બેરિકેડિંગ કરવામાં આવશે.સુરક્ષા માટે મંદિર આસપાસના વ્યૂહાત્મક સ્થળોએ આશરે ૪૦૦ પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવશે. લગભગ ૭૦ સીસીટીવી કેમેરાથી સતત દેખરેખ રાખવામાં આવશે, જ્યારે મુખ્ય સ્થળોએ વધારાના કામચલાઉ કેમેરા પણ ગોઠવાશે. સમગ્ર વ્યવસ્થાનું સંકલન કરવા માટે કેન્દ્રીય નિયંત્રણ ખંડ કાર્યરત રહેશે અને વાયરલેસ સંદેશાવ્યવહારથી પોલીસ તથા અન્ય કર્મચારીઓ સાથે સંકલન કરવામાં આવશે.




# દરિયાકાંઠે મરીન કમાન્ડોનું મેગા પેટ્રોલિંગ

## રોઝી, બેડી બંદર સહિતના સંવેદનશીલ વિસ્તારોમાં સઘન ચેકિંગ; માછીમારોને શંકાસ્પદ હિલચાલ અંગે તાત્કાલિક જાણ કરવા અપીલ



પશ્ચિમ એશિયામાં તણાવપૂર્ણ સ્થિતિ વચ્ચે દેશની દરિયાઈ સુરક્ષાને લઈને જામનગરના દરિયાકાંઠે મરીન ટાસ્ક ફોર્સ દ્વારા વિશેષ પેટ્રોલિંગ હાથ ધરાયું હતું. રોઝી બંદર, નવા-જૂના બેડી બંદર, માધાપર ભુંગા અને જોડિયા ભુંગા સહિતના વિસ્તારોમાં મરીન કમાન્ડોની ટીમોએ પેટ્રોલિંગ કરી સઘન ચેકિંગ કર્યું હતું.

દરિયાઈ માર્ગે ગેરકાયદેસર પ્રવૃત્તિ, ઘૂસણખોરી, હથિયારો અને નશીલા પદાર્થોની હેરાફેરી સહિતની શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર નજર રાખવામાં આવી હતી. ફિશ લેન્ડિંગ પોઈન્ટ, માછીમારી કેન્દ્રો, જેટીઓ, ઔદ્યોગિક સ્થાપનો તથા અવાવરું વિસ્તારોમાં પણ તપાસ કરવામાં આવી હતી.એટીએસ અને કોસ્ટલ સિક્યુરિટીના અધિક પોલીસ મહાનિદેશક અમિતકુમાર વિશ્વકર્માના માર્ગદર્શન હેઠળ મરીન ટાસ્ક ફોર્સના અધિકારીઓની દેખરેખમાં કાર્યવાહી હાથ ધરાઈ હતી. મરીન ટાસ્ક ફોર્સ, જામનગર સેકટરના પોલીસ ઈન્સ્પેકટર ધરમવીર આર. યાદવ, પીએસઆઈ જી.એમ. બોપલિયા સહિતની ટીમોએ વિવિધ વિસ્તારોમાં પેટ્રોલિંગ કર્યું હતું.

# દ્વારકા: શિક્ષણવિદ્ સુરેન્દ્ર સોલંકીની રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી

## શિક્ષક દિને રાજ્યપાલ અને મુખ્યમંત્રી હસ્તે થશે સન્માન

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**



દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા તાલુકામાં છેલ્લાં ૨૨ વર્ષથી કાર્યરત અને હાલમાં કોરાડા વાડી વિસ્તારના શિક્ષણવિદ સુરેન્દ્રભાઈ સોલંકીની સૌરાષ્ટ્ર ઝોનમાંથી રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદગી કરાઈ છે. આગામી પાંચમી સપ્ટેમ્બરે શિક્ષક દિનના અવસરે રાજ્યપાલ તથા મુખ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતિમાં તેઓનું રાજ્યકક્ષાના એવોર્ડથી સન્માન કરવામાં આવશે.

### શ્રાવણ માસના દ્વિતીય સોમવારે દ્વારકાના શ્રી ભડકેશ્વર મહાદેવ મંદિરે મહાકાલ સાથે પુષ્પશૃંગાર દર્શન

**અબતક, મહેન્દ્ર કક્કડ દ્વારકા**

દ્વારકામાં સમુદ્રની જળરાશિ વચ્ચે બિરાજમાન પૌરાણિક શિવાલય શ્રી ભડકેશ્વર મહાદેવ મંદિરે આજરોજ પવિત્ર શ્રાવણ માસના દ્વિતીય સોમવારે દેવાધિદેવને મહાકાલ દર્શન સાથે દિવ્ય પુષ્પ શૃંગાર મનોરથ યોજાયો હતો. સાંજના સમયે યોજાયેલ દિવ્ય મનોરથ દર્શનનો બહોળી સંખ્યામાં સ્થાનીય શિવભક્તોએ તેમજ બહારગામથી પધારેલ ભાવિકોએ લાભ લીધો હતો. સમગ્ર દર્શન મનોરથને સફળ બનાવવા માટે મંદિરના પુજારી અમીતગીરી ગોસ્વામી તથા ભડકેશ્વર ગૃપના સ્વયંસેવકોએ જહેમત ઉઠાવી હતી.

# ઈદે મિલાદ અને રક્ષાબંધનને લઈને પોલીસ સતર્ક: જૂલૂસ રૂટ પર ફ્લેગમાર્ચ



શહેરમાં તા. ૨૬ ઓગસ્ટે ઈદે મિલાદ અને તા. ૨૮ ઓગસ્ટે રક્ષાબંધનના તહેવારની ઉજવણીને લઈને જામનગર પોલીસ સતર્ક બની છે. તહેવારો શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ઈદે મિલાદના ઝુલૂસના રૂટ પર પોલીસ દ્વારા ફ્લેગમાર્ચ યોજવામાં આવી હતી.જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈનીની સૂચના અને નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ સિટી-એ ડિવિઝન પીઆઈ વી.એમ. ડોડીયાની અધ્યક્ષતામાં ફ્લેગમાર્ચ યોજાઈ હતી. પોલીસની ટીમ સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનથી નીકળી પાંચ હાટડી, ગુજરાતીવાડ, પટણીવાડ, ચાંદી બજાર, માંડવી ટાવર, હવાઈ ચોક અને ખંભાળિયા ગેટ સહિતના વિસ્તારોમાંથી પસાર થઈ સુમરા ચાલી વિસ્તારમાં પહોંચી હતી.ફ્લેગમાર્ચમાં દરબારગઢ પોલીસ ચોકીના પીએસઆઈ વી.આર. ગામેતી, પીએસઆઈ એમ.એન. રાઠોડ, પીએસઆઈ ડી.જી. રામાનુજ સહિત સર્વેલન્સ સ્કવોડના જવાનો, મહિલા પોલીસકર્મીઓ અને પોલીસ સ્ટાફ જોડાયા હતા.તહેવારો દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને લોકોમાં સલામતીની લાગણી જળવાઈ રહે તે માટે શહેરમાં સઘન પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ઉપરાંત સંવેદનશીલ વિસ્તારોમાં સતત પેટ્રોલિંગ અને તકેદારી રાખવામાં આવી રહી છે.

# ૭૧ ટકા વરસાદની ઘટ વચ્ચે જામનગરને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની કોંગ્રેસની માંગણી

## જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મનોજ કથીરિયાની આગેવાનીમાં કલેકટરને આવેદનપત્ર પાઠવાયું;



જામનગર જિલ્લામાં વરસાદની ગંભીર અછત વચ્ચે ખેડૂતો અને ગ્રામ્ય વિસ્તારોની વિકટ સ્થિતિને ધ્યાનમાં રાખી જામનગર જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માંગ ઉઠી છે. જિલ્લામાં અંદાજે ૭૧ ટકા વરસાદની ઘટ નોંધાઈ હોવાનો દાવો કરી જિલ્લા કોંગ્રેસ દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મનોજ કથીરિયાની આગેવાનીમાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો બહોળી સંખ્યામાં કલેકટર કચેરીએ પહોંચ્યા હતા. કોંગ્રેસના પ્રતિનિધિમંડળે જિલ્લામાં વરસાદની અછતને કારણે ખેડૂતો અને ગ્રામ્ય વિસ્તારોમાં ઊભી થયેલી પરિસ્થિતિ અંગે કલેકટરને રજૂઆત કરી હતી.કોંગ્રેસે સરકાર પાસે જામનગર જિલ્લામાં તાત્કાલિક પાક અને વરસાદની સ્થિતિનો સર્વે કરાવવાની માંગ કરી છે. તેમજ ખેડૂતોની સ્થિતિને ધ્યાને લઈ જામનગર જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરી ખેડૂતો તથા ગ્રામ્ય વિસ્તારના લોકોને જરૂરી રાહત અને સહાય પૂરી પાડવા માંગ કરવામાં આવી હતી.આ પ્રસંગે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મનોજ કથીરિયા સહિત કોંગ્રેસના વિવિધ આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આગેવાનોએ ખેડૂતોના હિતમાં સરકાર દ્વારા તાત્કાલિક યોગ્ય નિર્ણય લેવામાં આવે તેવી માંગ સાથે રજૂઆત કરી હતી.

# જોડીયાના લખતર બ્રિજ પાસે ઈકો પલટી: વૃદ્ધાનું મોત

**અબતક, સંજય ડાંગર ધ્રોલ**



જોડીયા ધ્રોલ હાઈવે પર લખતર ઓવરબ્રિજ નજીક પૂરપાટ ઝડપે જતી ઈકો કારનું ટાયર ફાટતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા જામનગરના વૃદ્ધાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એક મહિલાને ઈજા પહોંચી હતી. પોલીસે કારચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની વિગત મુજબ, જામનગરના શંકર ટેકરી, વલ્લભનગર વિસ્તારમાં રહેતા ખીમજીભાઈ દેવજીભાઈ રાઠોડ (ઉ.વ. ૬૨) તેમના પત્ની કંચનબેન (ઉ.વ. ૬૨) તથા અન્ય સાહેદો આરુબેન, ધુનાબેન અને સોનાબેન સાથે ઈકો કાર (નંબર: GJ-13-AH-૪૯૦૭) માં જીરાગઢથી જામનગર તરફ આવી રહ્યા હતા.દરમિયાન લખતર ગામના પુલ પાસે ચાલક કેતનભાઈએ ગાડી પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવતાં અચાનક કારનું ટાયર ફાટ્યું હતું. ટાયર ફાટતાં જ ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતાં કાર પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં કંચનબેનને માથા તથા શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમને તુરંત સારવાર અર્થે ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય મુસાફર સોનાબેનને સામાન્ય ઈજાઓ પહોંચી હતી.

આ અંગે જોડીયા પોલીસે મૃતકના પતિ ખીમજીભાઈની ફરિયાદના આધારે કારચાલક કેતનભાઈ ગુનો નોંધી હેડ કોન્સ્ટેબલ બી.એચ. લાંબરીયાએ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કાલાવડ :પડતર પ્રશ્નો ઉકેલવા મહેસૂલી કર્મચારીઓનું મામલતદારને આવેદન

**અબતક , રાજુ રામોલિયા કાલાવડ**



કાલાવડ મહેસૂલી કર્મચારી મંડળ દ્વારા પડતર પ્રશ્નોના નિરાકરણ માટે જામનગર જિલ્લા કલેકટર તથા કાલાવડ મામલતદારને આવેદનપત્ર પાઠવી સત્વરે માંગણીઓ પૂર્ણ કરવા રજૂઆત કરવામાં આવી હતી. મહેસૂલી કર્મચારીઓ માટે 'નિયમાનુસાર કામગીરી'ના આદેશો જારી કરવામાં આવતા કર્મચારીઓમાં નારાજગી જોવા મળી રહી છે.ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળ દ્વારા તા. ૧૯ ઓગસ્ટે રાજ્યના તમામ મહેસૂલી કર્મચારીઓને નિયત સરકારી સમય દરમિયાન જ ફરજ બજાવવા અને નિયમ મુજબ કામગીરી કરવા સૂચના આપવામાં આવી છે. મહેસૂલ વિભાગ દ્વારા તા. ૧૭ ઓગસ્ટે જાહેર કરાયેલા મહેસૂલી તલાટીઓના ફરજપત્રમાં અન્ય વિભાગોની કામગીરી પણ સોંપવામાં આવી હોવાનો મહામંડળે વિરોધ કર્યો છે.આદેશ મુજબ કર્મચારીઓએ સવારે ૧૦:૩૦થી સાંજે ૬:૧૦ વાગ્યા સુધીના નિયત સરકારી સમય દરમિયાન જ કામગીરી કરવાની રહેશે. કચેરી સમય પૂર્ણ થયા બાદ તેમજ જાહેર રજાના દિવસોમાં સામાન્ય કે નિયમિત ઓનલાઈન કામગીરી, એક વખતના પાસવર્ડ તથા અંગૂઠાની છાપ કે બાયોમેટ્રિક આધારિત કામગીરીથી દૂર રહેવા સૂચના આપવામાં આવી છે.

મહેસૂલી તલાટીઓના ફરજપત્રમાં સમાવિષ્ટ કુલ ૧૮ મુદ્દાની કામગીરી નહીં કરવા પણ સૂચના આપવામાં આવી છે. જોકે કુદરતી આપત્તિ વ્યવસ્થાપન તથા કાયદો અને વ્યવસ્થાની અત્યંત આવશ્યક તાત્કાલિક કામગીરીને લેખિત હુકમના આધારે અપવાદરૂપ રાખવામાં આવી છે.મહામંડળ દ્વારા આ સૂચનાઓનો અમલ કરાવવા તમામ જિલ્લા મહેસૂલી કર્મચારી મંડળોને સૂચના આપવામાં આવી છે. આ અંગે જિલ્લા કલેકટરોને પણ જાણ કરી જરૂરી રજૂઆત રૂબરૂ કરવા જણાવાયું છે.

ભૂપેન્દ્રભાઈ પટેલ પહોંચ્યા કેનેડા

# જન્મભૂમિનું ઋણ ચૂકવવા ગુજરાતમાં રોકાણ કરવા મુખ્યમંત્રીનું આહવાન

## કેનેડાના અર્થતંત્રમાં ગુજરાતીઓનો મજબૂત સહકાર: સીએમ




**અબતક,રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગૌરવભેર જણાવ્યું છે કે, જ્યાં પણ વસ્યા હોય ત્યાં ગુજરાતનો માહોલ ઊભો કરી શકે તે ગુજરાતીની આગવી ઓળખ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વનું ગુજરાત ડેલીગેશન યુ.એસ. પ્રવાસ સફળતાપૂર્વક પૂર્ણ કરીને કેનેડા પહોંચ્યું છે. ટોરેન્ટો એરપોર્ટ પહોંચેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું પરંપરાગત સ્વાગત ગુજરાતી સમુદાયોના અગ્રણીઓ અને કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા થયું હતું.

મુખ્યમંત્રીએ સત્કાર સમારોહમાં ગુજરાતી સમુદાયો સાથે સંવાદ કરતા ગુજરાતની ભૂતકાળની સ્થિતિ અને હાલ દેશના ગ્રોથ એન્જિન તરીકેની ઓળખ બેયની વિષદ છણાવટ કરતાં કહ્યું કે, ૧૯૬૦માં મહારાષ્ટ્રથી અલગ રાજ્ય તરીકે ગુજરાત જુદું પડ્યું ત્યારે રોડ-રસ્તા, ગામડાઓમાં વીજળી, પાણી જેવી પાયાની સુવિધાઓ પણ પૂરતી ન હતી.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી ગુજરાત એ પરિસ્થિતિમાંથી બહાર આવીને દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે તેમ જણાવતા મુખ્યમંત્રી કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હંમેશા મોટા લક્ષ્યો સાથે વિકાસનો જે વિચાર આપ્યો છે તેના જ પરિણામે આજે આખા ગુજરાતનું ડેવલપમેન્ટ ખૂબ સારી રીતે થઈ શક્યું છે.મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, દરેક ગુજરાતી ગૌરવ લઈ શકે કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ ગુજરાતની ધરતીના એવા પુત્ર છે કે વડાપ્રધાન તરીકે જે જે દેશમાં ગયા ત્યાં તેમને સર્વોચ્ચ સન્માનથી સન્માનવામાં આવ્યા છે. ભારતના પાસપોર્ટની વેલ્યુ વધી છે અને ભારતીયો-ગુજરાતીઓ પ્રત્યે જોવાની સ્થિતિમાં પણ મોટો બદલાવ આવ્યો છે.તેમણે ગુજરાતના સર્વાંગી વિકાસની ભૂમિકા ફેડરેશન ઓફ ગુજરાત-કેનેડાના પરિવારો સમક્ષ આપતા કહ્યું કે, ગુજરાત એટલે વિકાસ આ બેય શબ્દો પર્યાય બની ગયા છે. ગુજરાતમાં ૬ સેમિકન્ડક્ટર પ્લાન્ટ શરૂ થયા છે. એટલું જ નહીં, વાયબ્રન્ટ ગુજરાત સમિટની સફળતાથી વધુને વધુ ઈન્વેસ્ટમેન્ટ ગુજરાતમાં આવતું થયું છે.

મુખ્યમંત્રીએ કેનેડાના અર્થતંત્રમાં મળી રહેલા ગુજરાતીઓના મજબૂત સહયોગ અને સહકારની પ્રશંસા કરીને અભિનંદન પાઠવ્યા હતા.તેમણે

(અનુ. આઠમા પાને)

# રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં સાતમ આઠમની પાંચ દિવસની રજા

## મુખ્ય યાર્ડ ૧ થી ૫ સપ્ટેમ્બર રજા રહેશે: ઘાસચારા વિભાગમાં માત્ર બે દિવસની રજા

**અબતક,રાજકોટ**

રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં સાતમ આઠમના તહેવારમાં પાંચ દિવસની રજા જાહેર કરવામાં આવી છે. ઘાસચારા વિભાગમાં માત્ર બે દિવસની રજા રહેશે.

બેડી સ્થિત રાજકોટ માર્કેટીંગ યાર્ડના સેક્રેટરી બી.આર. તેજાણીના જણાવ્યાનુસાર સાતમ આઠમના તહેવારમાં બેડી સ્થિત મુખ્ય યાર્ડ આગામી ૧ થી ૫ સપ્ટેમ્બર સુધી બંધ રહેશે. ૬ સપ્ટેમ્બરે રવિવારની જાહેર રજા હોવાના કારણે યાર્ડ કુલ છ દિવસ બંધ રહેશે. સબયાર્ડ સ્થિત શાકભાજી વિભાગ ૩ થી ૬ સપ્ટેમ્બર સુધી વરસાદ રહેશે બટેટા વિભાગમાં પણ ૩ થી ૬ સપ્ટેમ્બ સુધી કામકાજ બંધ રહેશે. જયારે ડુંગળી વિભાગ ૨થી ૬ સપ્ટેમ્બર સુધી રજા જાહેર કરવામાં આવી છે. ઘાસચારા વિભાગમાં ૪ અને ૫ સપ્ટેમ્બરના રોજ એમ બે દિવસ રજા જાહેર કરવામાં આવી છે. આ દિવસો દરમિયાન યાર્ડમાં જણસી ન લાવવા ખેડુતોને અનુરોધ કરવામાં આવી છે.સૌરાષ્ટ્રમાં સાતમ-આઠમના તહેવારનું અનેરૂ મહત્વ છે. સૌરાષ્ટ્રના અલ ગઅલગ યાર્ડ દ્વારા જન્માષ્ટમીના તહેવારોની રજાઓ જાહેર કરવામાં આવી રહી છે. સૌરાષ્ટ્રના સૌથી મોટા પૈકીના એક એવા રાજકોટ યાર્ડમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. આગામી દિવસોમાં અલગ અલગ યાર્ડ દ્વારા પણ રજાનું સમય પત્રક જાહેર કરાશે.

# ગુજરાત પોલીસના કાફલામાં નવા ૫૦૦ અત્યાધુનિક ૧૧૨ જનરક્ષક વાહનો ઉમેરાયા

## રાજ્યમાં હવે ૨૪ કલાક ૧૦૦૦ જનરક્ષક વાહનો ઈમરજન્સી સેવા માટે કાર્યરત રહેશે

**અબતક, રાજકોટ**

રાજ્યના નાગરિકોની ઝડપી સુરક્ષા અને સેવા માટે ૧૧૨ 'જનરક્ષક' પ્રોજેક્ટનો વિસ્તાર કરવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત આજે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે ગુજરાત પોલીસને ૫૦૦ નવા અત્યાધુનિક 'જનરક્ષક' વાહનો સમર્પિત કરવામાં આવ્યા હતા.




રાજ્યમાં વધતી વસ્તી, શહેરી વિસ્તરણ અને ભૌગોલિક વિસ્તારને ધ્યાનમાં રાખીને પોલીસ કાફલામાં વધુ ૫૦૦ નવા જનરક્ષક વાહનો કાર્યરત કરવામાં આવશે. આ નવા વાહનો સાથે હવે સમગ્ર રાજ્યમાં ૨૪ કલાક કુલ ૧,૦૦૦ જનરક્ષક વાહનો ઈમરજન્સી રિસ્પોન્સ માટે ઉપલબ્ધ થશે.

જનરક્ષકના અમલીકરણના માત્ર ૧૧ માસના ટૂંકા ગાળામાં આ સેવામાં ૧૧.૦૪ લાખથી વધુ ઈમરજન્સીમાં સંકલિત સેવાઓ પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત ૬.૭૪ લાખથી વધુ પોલીસ ઈમરજન્સી બનાવોમાં તાત્કાલિક સેવા અપાઈ છે.

આધુનિક ૧૫૦ બેઠકો ધરાવતા કોલ સેન્ટર, કેડ-કમ્પ્યુટર એડેડ ડિસ્પેચ સિસ્ટમ અને કોલર

(અનુ. આઠમા પાને)

### નવા જનરક્ષક પીસીઆર વાહનોની મુખ્ય વિશેષતાઓ

* 24x7 કામગીરી માટે વાહનો એસી યુક્ત તેમજ સેફ્ટી ગ્રીલ/ પ્રોટેક્ટિવ સ્ટ્રક્ચરથી સજ્જ
* રિયલ-ટાઈમ માહિતી માટે મોબાઈલ ડેટા ટર્મિનલ અને જીપીએસ વ્હીકલ ટ્રેકિંગ
* ઈમરજન્સી લાઈટ બાર વિથ સાયરન, પબ્લિક એડ્રેસિંગ સિસ્ટમ, ફાયર એક્સટિંગ્યુશર, ફર્સ્ટ-એઈડ કીટ અને સર્ચ લાઈટ ટોર્ચ
* સ્ટાફ માટે બોડી-વોર્ન કેમેરા, હેલ્મેટ, પ્રોટેક્ટિવ ગિયર અને ડેશ કેમ
* દરેક વાહન પર 24x7 ફરજ માટે ૧ એએસઆઈ/એચસી + ૨ કોન્સ્ટેબલ + ૧ ડ્રાઈવર તૈનાત રહેશે

# કોમનવેલ્થ ગેમ્સ પહેલાં અમદાવાદને થ્રીડી ડિજિટલ મેપ સાથે ડેટાબેઝ તૈયાર કરાશે

## શહેરનો નકશો અને અંડરગ્રાઉન્ડ યુટિલિટીના સર્વેમાં ૨૫ લાખ મિલકતોને પણ સમાવી લેવાશે

**અબતક, રાજકોટ**

વિશ્વનાં નકશામાં અમદાવાદ શહેરનું નામ જાણીતું થશે તેવી કોમનવેલ્થ ગેમ્સના આયોજન પહેલાં સમગ્ર શહેરનો થ્રી ડી ડિજિટલ મેપ સાથે જીઆઈએસ ડેટાબેઝ તૈયાર કરવાના નિર્ણયના ભાગરૂપે ખાનગી કંપનીને ૨૪૦ કરોડ રૂપિયાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવનાર છે.

ઈ-ગવર્નન્સ અને મટિરિયલ પ્રોક્યોર કમિટીના ચેરમેન હિતેન્દ્રભાઈ પરમારે જણાવ્યું હતું કે, કોમનવેલ્થ ગેમ્સના અનુસંધાને શહેરના વિકાસને સમતોલ બનાવવા માટે શહેરનો જીઆઈએસ ડેટાબેઝ તૈયાર કરવો આવશ્યક છે. જેમાં સમગ્ર શહેરનો થ્રીડી ડિજિટલ મેપ સાથે ડેટાબેઝ તૈયાર કરવામાં આવશે જેમાં શહેરનો નકશો, જમીન, મિલકતો, પાણી ગટર અને વરસાદી પાણીના નિકાલની લાઈનો વગેરે યુટિલિટી અંગેનો સર્વે કરવામાં આવશે અને ડેટા બનાવવામાં આવશે આ ઉપરાંત ૨૫ લાખ જેટલી મિલકતોનું જીઓ કોડિંગ કરવામાં આવશે.શહેરનો જીઆઈએસ સર્વે કરવા માટે જીનેસિસ ઈન્ટરનેશનલ કોર્પોરેશન લિમિટેડ નામની ખાનગી કંપનીને ૨૪૦ કરોડનો કોન્ટ્રાક્ટ આપવાનો નિર્ણય લેવાયો છે અને તેમાં આ કંપની સેટેલાઈટ તેમજ ડ્રોનની મદદથી રહેણાક અને કોમર્શિયલ તથા ઝુંપડપટ્ટી સહિતની મિલકતોથી માંડીને જમીનમાં રહેલી તમામ પ્રકારની યુટિલિટીનો સર્વે કરશે અને તેના આધારે બહુ ઉપયોગી થ્રી ડી ડિજિટલ મેપ અને ડેટાબેઝ તૈયાર કરાશે. આ ડેટાબેઝના આધારે શહેરીજનોને સંલગ્ન સેવાઓ પણ એક જ જગ્યાએ મળી રહેશે.શહેરના ૬૨૫ ચોરસ કિલોમીટરના એલિવેશન મોડેલ અને કન્ટેનર થ્રુ ઓર્થો ફોટો તૈયાર કરવામાં આવશે. શહેરમાં ૪૦ પ્રાથમિક અને ૨૦૦ ગૌણ સર્વે મોમેન્ટ ઊભા કરવામાં આવશે જેથી દરેક નકશો અને સર્વેની ચોકસાઈ વધશે વધુમાં અત્યાધુનિક વાન દ્વારા રોડ કોરિડોર સ્કેન તૈયાર કરવામાં આવશે અને પેનેરેમિક તસવીરો અને સ્ટ્રીટ વ્યૂ મળી રહેશે.

વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદમાં વર્ષો જૂની પાણી અને ડ્રેનેજની લાઈન આવેલી છે. વર્ષો જૂનું ડ્રેનેજ અને પાણીનું નેટવર્ક હોવાના કારણે તેના કોઈ ચોક્કસ નકશા નથી ત્યારે ભૂગર્ભ યુટિલિટીનો પણ સર્વે કરવામાં આવશે, જેમાં પાણી, ગટર અને વરસાદી પાણી તેમજ કેબલના માહિતી આંગળીનાં ટેરવે ઉપલબ્ધ બનશે. આ સમગ્ર મેપ તૈયાર કરીને મ્યુનિ.નાં ડેટાબેઝમાં રાખવામાં આવશે અને દરેક વિભાગ તેને એક્સેસ કરી શકશે. દેશમાં માત્ર બે જ કંપની જીઆઈએસ આધારિત સર્વે કરે છે અને તે પૈકીની એક કંપનીને આ કોન્ટ્રાક્ટ અપાયો છે. કમિટી ચેરમેને જણાવ્યું હતું કે, શહેરની તમામ ૨૫ લાખ જેટલી મિલકતોનો પણ સર્વે કરવામાં આવશે જેમાં ખાસ તૈયાર કરાયેલી મોબાઈલ એપ દ્વારા દરેક મિલકતનું જીઓ કોડિંગ લગાવવામાં આવશે અને તેને ડિજિટલ આઈડી આપવામાં આવશે જેનાથી મ્યુનિ. ને ટેક્સ ગણતરી તેમજ વસૂલાતમાં ખૂબ જ રાહત મળશે આકારણીમાંથી બાકી રહી ગયેલી મિલકતો પણ મળી જશે અને તેના કારણે પ્રોપર્ટી ટેક્સમાં પણ વધારો થવાની સંભાવના છે.

### મિલકતોના જીઓ કોડિંગની કામગીરી અઢી વર્ષમાં પૂરી થશે

ઈ-ગવર્નન્સ કમિટીના ચેરમેને વધુ માહિતી આપતાં કહ્યું કે, મ્યુનિ.ની હાલની કામગીરી જેમાં પ્રોપર્ટી ટેક્સ, ઓનલાઈન ફરિયાદો, વર્કશોપ, લીગલ, ઓડિટ, હોલ બુકિંગ, પાણી અને ડ્રેનેજની માહિતી વગેરે સાથે સંકલન થઈ શકશે. સમગ્ર અમદાવાદનું ડિજિટલ થ્રીડી મેપિંગથી સર્વે કરી અને ડેટાબેઝ બે તબક્કામાં તૈયાર કરવામાં આવશે જેમાં પ્રથમ તબક્કામાં નવ લાખ મિલકતો અને બીજા તબક્કામાં ૧૬ લાખ મિલકતોનું જીઓ કોડિંગ કરી અઢી વર્ષમાં સમગ્ર કામગીરી પૂર્ણ કરવામાં આવશે. પાંચ વર્ષના ઓપરેશન અને મેન્ટેનન્સ સાથેનો કોન્ટ્રાક્ટ કંપનીને આપવામાં આવ્યો છે.

"ઉડતા પંજાબ નહીં ગુજરાત"

# અબજોનું ડ્રગ્સ પકડવા છતાં ડ્રગ્સનો કાળો કારોબાર કેમ અટકતો નથી?

## જ્યારે કુરિયર પકડાય ત્યારે પોલીસને લીડ મળે છે, જ્યારે પોલીસે ચાલુ ટ્રાન્સપોર્ટેશન કે ડિલિવરી દરમિયાન ડ્રગ્સ પકડ્યું ત્યારે આરોપીઓની ધડપકડ પણ થઈ છે

**અબતક, અમદાવાદ**

ગુજરાતમાં ડ્રગ્સ વિરુદ્ધ ચાલી રહેલી લડાઈમાં હવે અસલી ખતરો માલ પકડાવવાનો નથી, પણ 'માલ છે પણ માલિક નથી' તેવી રહસ્યમય સ્થિતિનો છે! કરોડોનું ડ્રગ્સ બિનવારસી મળી આવવાની આ નવી 'ડેડ ડ્રોપ' પદ્ધતિએ સુરક્ષા એજન્સીઓની ઊંઘ હરામ કરી દીધી છે.

જૂન મહિનામાં રાજ્યમાં જપ્ત કરાયેલા કુલ ડ્રગ્સની કિંમતના અડધાથી વધુ હિસ્સો એવા કન્સાઈનમેન્ટ્સમાંથી મળ્યો છે જ્યાં ઘટનાસ્થળે કોઈ આરોપી હાજર નહોતો.જૂન મહિનામાં નારાયણ સરોવરમાંથી ૨૭.૩ કરોડનું , વાયર માંથી ૨૧.૪ લાખનું ,પોરબંદર હાર્બર મરીનમાંથી ૫.૬ લાખનું , વડોદરા રેલવેમાંથી ૫૭ લાખનું એવી રીતે કુલ ૨૮.૨ કરોડનું ડ્રગ્સ ઝડપાયું પરંતુ એમાં કોઈ પણ આરોપી પકડાયો નહોતો.મોટા પ્રમાણમાં ગાંજા અને પોસ ડોડાની હેરાફેરી હાઈવે અને ટ્રેનો દ્વારા થઈ રહી છે. વડોદરા રેલવે, વલસાડ, આણંદ, સુરત અને ભચાઉમાં ૨.૪ કરોડ જપ્ત કરી ૧૨ લોકોની ધડપકડ કરાઈ હતી. બનાસકાંઠાના ધાનેરામાં ૫૯.૧ લાખ સાથે એક આરોપી ઝડપાયો હતો.

જ્યારે કુરિયર પકડાય છે, ત્યારે પોલીસને લીડ મળે છે. જૂનમાં જ્યારે પોલીસે ચાલુ ટ્રાન્સપોર્ટેશન કે ડિલિવરી દરમિયાન ડ્રગ્સ પકડ્યું ત્યારે આરોપીઓની ધડપકડ પણ થઈ છે. અમદાવાદ પોલીસે ૮૦૩.૮ ગ્રામ મેફેડ્રોન જપ્ત કરી ૫ લોકોની ધડપકડ કરી હતી.સુરતના સચિન અને ગુજરાત એટીએસ દ્વારા પણ મેફેડ્રોન સાથે આરોપીઓ ઝડપાયા હતા. નરોડા પોલીસ દ્વારા ૧૪.૨ કરોડ સાથે એક શખ્સની ધડપકડ કરવામાં આવી હતી.જો આરોપી, ફોન અથવા વાહન મળી આવે, તો પોલીસ સપ્લાય ચેઈન સુધી પહોંચી શકે છે.

જ્યારે ડ્રગ્સ સાથે કોઈ આરોપી પકડાય ત્યારે તેનો ફોન, કોલ ડેટા, વાહન કે રૂબરૂ પૂછપરછથી મોટા નેટવર્ક સુધી પહોંચવાના રસ્તા ખુલે છે. પરંતુ બિનવારસી માલ મળવાના કેસમાં પોલીસ પાસે માત્ર 'જથ્થો' હોય છે, કોઈ જીવતો પુરાવો કે આરોપી હોતો નથી. કાયદાકીય પ્રક્રિયામાં ગુનો સાબિત કરવા માટે આરોપી અને માલ વચ્ચેનો સીધો સંબંધ સ્થાપિત કરવો પડે છે. જો માલ રસ્તા પરથી બિનવારસી મળે, તો કાયદાકીય રીતે અસલી માલિકને સજા અપાવવી વકીલો અને તપાસકર્તાઓ માટે ખૂબ જ મુશ્કેલ બની જાય છે.

### કેમ ડ્રગ્સ માફીયાઓ પકડાતા નથી?

ડ્રગ્સ માફિયાઓ સોશિયલ મીડિયા અને કમ્યુનિકેશન એપનો ઉપયોગ કરીને એકબીજાને મળ્યા વગર ડીલ કરે છે.જેમાં સપ્લાયર ડ્રગ્સને કોઈ ચોક્કસ જગ્યાએ મૂકીને રહે અને બીજો વ્યક્તિ તેને ઉપાડી લે , જેનાથી સપ્લાયર, ટ્રાન્સપોર્ટર અને ખરીદનાર ક્યારેય સામે આવતા નથી. સહભાગીઓને એકબીજાથી સંપૂર્ણ અજાણ રાખીને નેટવર્ક ચલાવવામાં આવે છે જેથી પોલીસ પકડી ન શકે.



# સ્વાઈન ફલુ સામે સરકાર સજજ: દવા, ઓકિસજન અને વેન્ટિલેટરની પર્યાપ્ત સુવિધા ઉપલબ્ધ રાખવા આદેશ

## ગાઈડલાઈન મુજબ દર્દીઓનાં સેમ્પલિંગ, ટેસ્ટિંગ અને સારવારનું ચોકકસ પાલન કરવા આરોગ્ય મંત્રીની સુચા

**અબતક, રાજકોટ**

રાજયમાં સ્વાઈન ફલુની સંભવિત આક્રમણને ખાળવા સરકાર સજજ બની છે. દવાનો પુરતો જથ્થો ઓકિસજન અને વેન્ટીલેટરની પુરતી વ્યવસ્થા ઉપલબ્ધ રાખવા સુચના આપવામાં આવી છે. રાજ્યમાં ચોમાસાની ઋતુ દરમિયાન પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળા પર મેળવેલા સફળ નિયંત્રણ તેમજ સીઝનલ ફ્લૂ સામેની આગોતરી સજ્જતાની સમીક્ષા કરવા માટે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આયોજિત આ બેઠકમાં રાજ્યની વિવિધ સિવિલ હોસ્પિટલોના તબીબી અધિક્ષકો, મેડિકલ કોલેજોના ડિન તેમજ જિલ્લા અને મહાનગરપાલિકાઓના વરિષ્ઠ આરોગ્ય અધિકારીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.



આરોગ્ય મંત્રીએ ચોમાસા દરમિયાન આરોગ્ય વિભાગના તમામ જિલ્લા આરોગ્ય તંત્રો દ્વારા કરવામાં આવેલી કામગીરીને બિરદાવતા જણાવ્યું હતું કે, ઝાડા-ઉલટી, ટાઈફોઈડ, કોલેરા, મલેરિયા, ચિકનગુનિયા, કમળો કે સામાન્ય સીઝનલ ફ્લૂ જેવા રોગોમાં દર્દીઓને સરકારી હોસ્પિટલોમાં ઝડપી અને શ્રેષ્ઠ સારવાર આપવામાં આવી છે, તબીબો અને આરોગ્ય સ્ટાફ દ્વારા હોસ્પિટલોમાં આપવામાં આવતી નિષ્ઠાપૂર્વકની સેવાઓના પરિણામે જ ગુજરાતનું હેલ્થ મોડલ આજે સમગ્ર દેશમાં ઉદાહરણરૂપ અને નોંધપાત્ર સ્થાન ધરાવે છે.

વધુમાં આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, દિલ્હી અને મુંબઈ જેવા મહાનગરોમાંથી એચવનએચવન (સીઝનલ ફ્લૂ)ના કેસો સામે આવી રહ્યા છે અને આ બંને શહેરોમાંથી ફ્લાઈટ્સ, ટ્રેન તથા બસ માર્ગે નાગરિકોનું ગુજરાતમાં સતત આવાગમન રહે છે. મંત્રીએ સ્પષ્ટતા કરતાં ઉમેર્યું હતું કે, રાજયમાં સ્વાઈનનો કોઈ ગંભીર ઉપદ્રવ નથી. દર્દીઓની હાલત સામાન્ય હોવાથી રાજ્યના નાગરિકોએ સહેજ પણ ચિંતા કરવાની જરૂર નથી.

આરોગ્ય મંત્રીએ

(અનુ. આઠમા પાને)

